॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# જોગીગીતા ભાગ-૧

પરાવાણી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ
એવમ્
શ્રી જોગીસ્વામી સપાદ શતાબ્દી જન્મ જયંતી
મહોત્સવના
ઉપક્રમે
શ્રી જોગીસ્વામી શતાબ્દી દીક્ષા પર્વે

પ્રકાશક
શ્રી સહજાનંદ સંસ્કાર ધામ મહામંત્રપીઠ
ફરેણી (સ્વામિનારાયણ)

**જોગીગીતા ભાગ-૧**

| | |
|---|---|
| **પ્રકાશક :** | શ્રી સહજાનંદ સંસ્કાર ધામ<br>મહામંત્રપીઠ, ફરેણી (સ્વામિનારાયણ) |
| © | પ્રકાશકને સ્વાધીન |
| **આવૃત્તિ પ્રથમ :** | ૫૦૦૦ |
| **પ્રકાશન :** | સંવત્ ૨૦૬૯ ચૈત્ર સુદિ - ૧૫<br>તા. ૨૫-૦૪-૨૦૧૩ ગુરુવાર<br>શ્રી કષ્ટભંજનદેવ (હનુમાન જયંતી) |
| **ટાઈપ સેટીંગ :** | પ.ભ. શ્રી મનિષ ત્રિવેદી - રાજકોટ |
| **પ્રાપ્તિ સ્થાન :** | મહામંત્રપીઠ, ફરેણી (સ્વામિનારાયણ)<br>ફોનઃ(૦૨૮૨૪)૨૮૩૩૮૩/ ૨૮૩૧૦૮<br>મો. ૯૬૬૨૫ ૧૭૬૨૬<br>E-mail: farenidham@gmail.com<br>www.farenidham.org |
| **મુદ્રક :** | હરિકૃષ્ણ ગ્રાફીક્સ, અમદાવાદ<br>ફોનઃ(૦૭૯) ૨૬૪૨ ૧૦૦૮,<br>મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯ |

# નિવેદન

ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને અનેક જીવાત્માઓના આત્યંતિક શ્રેય માટે મનુષ્યતનું ધારણ કર્યું. **યાવતચંદ્ર દિવાકરૌ** જીવાત્માઓનું શ્રેય થતું રહે એવા શુભ હેતુથી મંદિરો, મૂર્તિઓ અને શાસ્ત્રોની દિવ્ય પરંપરા સાથે આચાર્ય, સંત અને સત્સંગીઓની સ્થાપના કરી. તેમાંથી છ મંદિરો પૈકી જૂનાગઢ મંદિરના મહંતપદે **સદ્. ગુણાતીતાનંદસ્વામી**ને સ્થાપ્યા. પોતાના કલ્યાણકારી ગુણોની પણ **સદ્. ગુણાતીતાનંદસ્વામી**માં પ્રતિષ્ઠા કરી. અનેકવિધ સત્સંગ પ્રવૃત્તિઓ કરતા થકા પણ સ્વામી પ્રવૃત્તિઓથી અલિપ્ત રહ્યા અને અખંડ કથાવાર્તા દ્વારા સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો અને સત્સંગીઓને પણ પ્રવૃત્તિથી અલિપ્ત રાખ્યા. શ્રીહરિની સ્વાભાવિક પ્રકૃત્તિ જણાવતા પ્રેમાનંદસ્વામીએ લખ્યું છે કે,

**“જમતા હરે બોલાય”**

એટલે કે શ્રીજી મહારાજ થાળ જમતા હોય ત્યારે કથા યાદ આવી જાય ને મહારાજને એમ થાય કે હું સભામાં છું અને કથા બંધ થઈ ગઈ છે. એટલે કથા શરૂ કરાવવા માટે **"હરે"** શબ્દનું ઉચ્ચારણ થાળ જમતા જમતા કરતા, એવો કથાનો સ્વાભાવિક ગુણ શ્રીહરિમાં સુખપૂર્વક રહ્યો હતો. એવી જ રીતે **સદ્. ગુણાતીતાનંદસ્વામી**એ પણ કથાવાર્તાનો સોપો પડવા દીધો નથી. એમના શિષ્ય **સદ્. બાળમુકુંદદાસજી સ્વામી**ની સાથે ત્રણ વર્ષ સુધી રહીને **પ.પૂ. સદ્. જોગીસ્વામી શ્રી ધર્મપ્રસાદદાસજીસ્વામી**એ સેવા સમાગમ કર્યો હતો. પ.પૂ. સ્વામીશ્રીમાં અનેક કલ્યાણકારી ગુણની જેમ કથાવાર્તાનો ગુણ સ્વાભાવિક હતો તેથી પૂ. સ્વામીશ્રીએ કરેલી અનેકવિધ વાતો છે. સભામાં તો કથાવાર્તા થતી જ હોય પરંતુ શ્રીહરિની દર્શન સમયની વાતો, ઠાકોરજી જમાડવા વખતની વાતો, સીમની પધરામણીની વાતો, ઘર પધરામણીની વાતો,

રસ્તાની વાતો, અરે ! સવારમાં દંતધાવન કે સ્નાન વખતની વાતો પણ સ્વામીશ્રીના જીવનમાંથી પ્રાપ્ત થાય છે.

આ વાતો પણ પૂ. સ્વામીશ્રીની સાથે વર્ષો સુધી રહેલા સંત હરિભક્તો પાસેથી પ્રાપ્ત થયેલી છે. કોઈએ લેખિત વાતોને જાળવી રાખેલ છે. તો કોઈએ સ્મૃતિપટ પર યાદ રાખેલ છે. પૂ. સ્વામીશ્રી સાથે રહેનારા પ.પૂ. સદ્. શાસ્ત્રી બાલકૃષ્ણદાસજીસ્વામી, પ.પૂ. સદ્. વાસુદેવપ્રસાદદાસજીસ્વામી, પ.પૂ. સદ્. મોહનપ્રસાદદાસજીસ્વામી, પ.પૂ. સદ્. દેવપ્રસાદદાસજી સ્વામી, આદિક સંતો પાસેથી પૂ. સ્વામીશ્રીની લેખિત અને મૌખિક વાતો પ્રાપ્ત થયેલ છે.

એ પ્રમાણે પ.પૂ.સ્વામીશ્રીના કૃપાપાત્ર ગૃહસ્થ સત્સંગીઓમાં જેઠાબાપા, કરશનબાપા, સવજીબાપા, ત્રિકમભગત, જાદવ ભગવાનજીબાપા, નાદપરા જીવરાજબાપા, નાદપરા જીવનભાઈ,

જાદવ રામજીભાઈ, ટાંક વલ્લભભાઈ, ત્રિવેદી શાંતિભાઈ, ભોજાણી છગનભાઈ, સોલંકી નૌતમભાઈ, રાઠોડ ચંદુભાઈ, આદિક હરિભક્તો પાસેથી પૂ. સ્વામીશ્રીની લેખિત અને મૌખિક વાતો પ્રાપ્ત થયેલ છે. જે વાતો પ્રમાણભૂત અને અનુભવ સિદ્ધ છે.

પૂ. સ્વામીશ્રીની હયાતીમાં સ્વામીશ્રીની વાતો પ્રકાશિત કરવાનો નિર્ણય થયો. ત્યારે સર્વે સંતો હરિભક્તોએ પોતે લખેલી વાતો લઈ એકઠા થયા. ત્યારે પૂ. સ્વામીશ્રીએ કહ્યું કે, આપણે તો શાસ્ત્રીએ લખેલી વાતો જ **"સાક્ષાત્ સવિતા"** તરીકે છપાવવી છે અને એ પણ શાસ્ત્રી પોતે જ છપાવવા માટે તૈયાર કરે, પ્રુફ વગેરેનું કાર્ય પણ એ જ સંભાળે.

આવી રીતે પ.પૂ. સ્વામીશ્રીની હયાતીમાં અને સાનિધ્યમાં **"સાક્ષાત્ સવિતા"** ગ્રંથનું પ્રકાશન અને વિમોચન સંવત્ ૨૦૩૩ના કારતક સુદિ-૧૧, તા. ૦૨-૧૧-૧૯૭૬ મંગળવારના શુભ દિવસે

પ.પૂ. સ્વામીશ્રીના કરકમળો દ્વારા થયું. તે વખતે **"સાક્ષાત્ સવિતા"** ખરીદનારા ભક્તો પ.પૂ. સ્વામીશ્રીની સહિ કરાવવા માટે આવતા ત્યારે સ્વામીશ્રી કહેતા કે દરરોજ એક પાનું વાંચશો તો પણ શાંતિ થશે. એમ પ.પૂ. સ્વામીશ્રી આશીર્વાદ આપતા અને અખંડ પાસે જ રહેતા પૂ. શાસ્ત્રીસ્વામી પ.પૂ. સ્વામીશ્રીના બોલેલા દિવ્ય શબ્દો લખી આપતા પછી પૂ. સ્વામીશ્રી પોતાના દિવ્ય હસ્તાક્ષરો આશીર્વાદ રૂપે લખી આપતા. તેથી જ **"સાક્ષાત્ સવિતા"**ના ઉદ્‌ગાતા પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય હસ્તાક્ષર ઘણા ભક્તોને પ્રસાદીરૂપે પ્રાપ્ત થયા છે.

**"સાક્ષાત્ સવિતા"**ની પારાયણ કરવાનો સંકલ્પ પૂજ્ય સ્વામીબાપાએ કરેલ અને એના વક્તાપદે પ.પૂ. સદ્. શાસ્ત્રી બાલકૃષ્ણદાસજીસ્વામી રહે એવા આશીર્વાદ આપ્યા. આથી **"સાક્ષાત્ સવિતા"**ની સપ્તાહ પારાયણ સંવત્ ૨૦૩૩ના ફાગણ સુદિ-૨,

તા. ૨૦-૦૨-૧૯૭૭થી ફાગણ સુદિ-૮, તા. ૨૬-૦૨-૧૯૭૭ સુધી યોજાયેલ હતી. આ પારાયણની પૂર્ણાહૂતિ નિમિત્તે તેની સ્મૃતિમાં અનેક ભક્તોએ પૂ. સ્વામીબાપા પાસે નાના મોટા આજીવન નિયમો લીધા. પૂ. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. જે નિયમ ભક્તો અદ્યાપિ પર્યંત પાળે છે.

આ અરસામાં સંતો, પાર્ષદો અને હરિભક્તો **"સાક્ષાત્ સવિતા"**નું વાંચન અવિરત કર્યા કરતા. અત્યારે પણ **"સાક્ષાત્ સવિતા"**ની પારાયણો અવિરત થયા કરે છે. કેટલાક ભક્તો તો **"સાક્ષાત્ સવિતા"**ના કિરણો કંઠસ્થ પણ કરે છે. પ.પૂ. સ્વામીશ્રીએ ઘણા ભક્તોને કિરણ ૨૧૭મું કંઠસ્થ કરવાની અપ્રેરીત આજ્ઞા કરેલી તેથી ઘણા ભક્તો કંઠસ્થ કરેલા કિરણો પ.પૂ. સ્વામીશ્રીની સાનિધ્યમાં બેસીને બોલતા અને પ્રકાશિત થયેલ **"સાક્ષાત્ સવિતા"**નું વાંચન પણ સ્વામીશ્રીના સાનિધ્યમાં ક્રમશ થયા જ કરતું તેના ઉપર સ્વામીશ્રીએ

અતિશય તલસ્પર્શી વિવેચન કરેલું છે. મહામંત્રપીઠ-ફરેણી ધામ દ્વારા પ્રકાશિત થયેલ **"સાક્ષાત્ સવિતા"**ના ત્રણેય ભાગ અને સ્વામિનારાયણ મંદિર - પીપલાણા દ્વારા પ્રકાશિત થયેલ ભાગ ૧ થી ૬ સુધી તલસ્પર્શી વાંચન અને અભ્યાસ કરીને ઘણા ભક્તો **"સાક્ષાત્ સવિતા"**ના વ્યસની બન્યા છે. છતાંય **"સાક્ષાત્ સવિતા"**નો અભ્યાસ કરનારાના જીવનમાં શ્રીહરિની પરાવાણી વચનામૃત લેશમાત્ર ગૌણ થયેલ નથી એજ **"સાક્ષાત્ સવિતા"**નો અધિકાતિશય મહિમા છે.

**"સાક્ષાત્ સવિતા"**નું શાંતિપૂર્વક પઠન કરનારા સંતો, પાર્ષદો અને સત્સંગીઓએ નિદિધ્યાસ કરીને કેટલાક રહસ્યમય સૂત્રો અને મુદ્દાઓનું સંશોધન કર્યું છે. જેને પ્રકાશિત કરવા માટે પ.પૂ. શાસ્ત્રીસ્વામીએ "જોગીગીતા" નામથી પ્રકાશિત કરવાનો સંકલ્પ કર્યો છે. આ રહસ્યમય સૂત્રો પ.પૂ. શાસ્ત્રીસ્વામી સમક્ષ રજૂ કર્યા. જોગીગીતાનું નિવેદન લખનાર

હું (સાધુ જ્ઞાનસ્વરૂપદાસ) તથા પાર્ષદ રમેશભગત તેમજ હરિભક્તોમાંથી મકવાણા ગોરધનભાઈ જીણાભાઈ દ્વારા આ રહસ્યમય સૂત્રો પ્રાપ્ત થયા છે. મહામંત્રપીઠ-ફરેણીધામ દ્વારા પ્રકાશિત થયેલ **"સાક્ષાત્ સવિતા"** ભાગ ૧,૨, ૩ માંથી આ **"જોગીગીતા"** સંપન્ન કરવામાં આવી છે.

આ **"જોગીગીતા"**નો પાઠ કરનાર ભક્તોને **વચનામૃત, શિક્ષાપત્રી, ગુણાતીતાનંદસ્વામીની વાતો, ગોપાળાનંદસ્વામીની વાતો, નિષ્કુળાનંદ કાવ્ય** આદિક સચ્છાસ્ત્રોનું સંપૂર્ણ રહસ્ય સમજાય એ જ અભિલાષા છે. અન્ય અભિલાષાથી અમો પર થઈએ અને શ્રીહરિ તેમજ સાક્ષાત્ સવિતાના ઉદ્‌ગાતા પ.પૂ. સ્વામીશ્રી અમારા મંડળ ઉપર તેમજ જોગીગીતાના વાંચકો ઉપર સદાય પ્રસન્ન રહે એવી મહામંત્રપીઠાધિપતિ સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદમાં પ્રાર્થના.

**સાધુ - જ્ઞાનસ્વરૂપદાસ**ના

જયશ્રી સ્વામિનારાયણ

- પ્રકૃતિને મરોડે એને જ એક સત્ય માને. તેને પોતાનું સ્વરૂપ માને તેનો પક્ષ દૃઢ કરીને રાખે તેની રુચિ જાણી રાખે. શુદ્ધ ચૈતન્ય બ્રહ્મની મોટાઈ શું ? તો બીજાની પ્રકૃતિ સાથે મળીને; તેની પ્રકૃતિ ત્યાગ કરાવે પણ તે પ્રકૃતિને પોતાને વિષે ન પેસવા દે; એ એની મહત્તા છે. કિરણ-૧
- ઈંદ્રિયુંને જીતવાની યુક્તિ તો સંત થકી જ જણાય છે. કિરણ-૨
- સત્પુરુષની આજ્ઞાને વિષે વરતે એ જ આત્મસત્તારૂપે વરતે છે. કિરણ-૨
- ભમરીના ચટકા સહન કરે ત્યારે ઈયળમાં ભમરીના ગુણ આવે છે પછી ભમરીની પેઠેજ ઊડે છે, એમ અન્વયમાંથી વ્યતિરેક થાય છે. કિરણ-૨
- ધર્મ પાળવો તે ધર્મનિષ્ઠા અને ધર્મ પાળનારનો સંબંધ રાખવો તે સ્વરૂપનિષ્ઠા. સ્વરૂપનિષ્ઠા વરને ઠેકાણે છે ને બીજાં સાધન તો જાનૈયાને

ઠેકાણે છે. કિરણ-૩

- નિર્વાસનિક થવાય એકાંતિક થવાય પણ જ્ઞાન થયા વિના આત્યંતિક કલ્યાણ ન થાય. કિરણ-૪
- દેહ તે માયિક આકાર અને આ સત્સંગ તે અમાયિક આકાર છે. કિરણ-૪
- પંચવિષય જીતવામાં પ્રયાસ ન થાય તો જ ભગવાનનું સ્વરૂપ ઓળખાણું ગણાય. કિરણ-૫
- સ્વરૂપનિષ્ઠાવાળાને વગર સમાધિએ સમાધિ. કિરણ-૬
- ભૂંડા ભૂંડાઈ ન તજે તો ભલા ભલાઈ કેમ તજે ? એમ માનીને આપણે ભગવાનને અર્પણ કરી દેવું. કિરણ-૬
- પ્રાણ ઈંદ્રિયો લીન થયા હોય કે ન થયા હોય પણ ભગવાનનો નિશ્ચય થાય તો કરવું કાંઈ રહેતું નથી. કિરણ-૬
- ભગવાનનું સ્વરૂપ રળિયામણું, સુંદર, સરસ છે. સ્વરૂપ ગમે તેમાં હોય પણ અલૌકિક છે. આવી

રીતે જો ભગવાનનાં સ્વરૂપને જાણ્યું હોય ને તેને પંચવર્તમાનમાં ફેર પડે તોપણ કલ્યાણમાં ફેર નથી. કિરણ-૬

- દેહનો અનાદર એ જ ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન. કિરણ-૬
- સ્મૃતિ નાશ શાપિત બુદ્ધિનું લક્ષણ છે. પણ ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થયું હોય તો શાપિત બુદ્ધિ હોવા છતાં સ્મૃતિ નાશ થતી નથી. કિરણ-૬
- ભક્તના સંગથી પણ દોષ નાશ ન પામે તો આસુરી કહેવાય. કિરણ-૬
- મોટાની કૃપા હોય એનું આ લોકમાં લક્ષણ શું ? તેનો ઉત્તર કર્યો જે, આ લોકમાં દેશકાળ થકી રક્ષા થાય છે. સ્વામીની વાતુમાં લખ્યું કે, ભગવાનની અને મોટાની જેના ઉપર કૃપા થાય એનાં વાદળ જેવાં દુઃખ પણ નાશ થઈ જાય છે. કિરણ -૭
- ભગવાનની મરજી સમજવી બહુ કઠણ છે.

ભગવાનની મરજી જાણવાથી આપણા અંતઃશત્રુ સ્વભાવ નાશ થઈ જાય છે. ભગવાનની મરજી જાણવામાં આપણે એના અંતર્યામી થાવું જોઈએ. તો તેની મરજી સમજવાથી આપણા સ્વભાવ નાશ થઈ જાય છે. અને ભગવાનના ભક્તને આપણા સ્વભાવની ખબર પડે તો સ્વભાવ નાશ થઈ જાય છે. પરંતુ આપણે આપણા સ્વભાવ નિષ્કપટભાવથી ભગવાનના ભક્તને દેખાડવા જોઈએ. કિરણ-૭

- સત્સંગને બ્રહ્મરૂપ માનવાથી આપણે બ્રહ્મરૂપ થઈ જાઈએ એવો નિર્ગુણ આ સત્સંગ છે. કિરણ-૯
- ભગવાનનું સ્વરૂપ તો ભગવાનની દૃષ્ટિ પડી એને જ સમજાય. કિરણ-૯
- પંચવિષયના સુખ, દુઃખ વિનાના હોય નહીં. સુખ દુઃખ મિશ્રિત છે. કેવળ દુઃખ વિનાનું સુખ તો ભગવાન સંબંધી પંચવિષયમાં જ છે. કિરણ-૧૧

● જમપુરીનું દુઃખ શું ? તો દિવસે દિવસે ભગવાનના ભક્તનો અવગુણ આવ્યા કરે. અર્ધ બળેલા કાષ્ઠની પેઠે ધુંધવાયા કરે છે. રાત્રે સૂવે તો નિદ્રા પણ આવે નહીં. કિરણ-૧૧

● આ સત્સંગ મળ્યો તેના પુન્યનો પાર નથી. કિરણ-૧૧

● વિષયનું બંધન ન થાય એ ઉપશમ અવસ્થાનું ફળ છે. ઉપશમ અવસ્થાની એ શક્તિ છે. કિરણ-૧૨

● ભગવાનનું સ્વરૂપ સમજતો હોય તેના મનનો અભિપ્રાય કેવો હોય ? તેનો ઉત્તર કર્યો જે, એક ભગવાનની મોટાઈ દૃષ્ટિમાં આવે પણ બીજાની મોટાઈ દૃષ્ટિમાં ન આવે. દેહનો આચાર કેવો હોય ? ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિવાળા સંત જેમ વાળે તેમ વળે. તેની ઈચ્છા પ્રમાણે દેહને રાખે. કિરણ-૧૩

● જ્યારે ભગવાનનાં કર્મ નિર્દોષ જણાય ત્યારે એને કાળ, કર્મ, સ્વભાવ, પુરુષ માયા જાણ્યા ગણાય.

ભગવાનનાં કર્મ આપણાં કર્મને ખપાવનારા છે. એનાં કર્મથી આપણાં કર્મ નિર્દોષ થાય છે. કિરણ-૧૩

- મનનો નિરોધ એટલે ઉપશમ સુષુપ્તિનો લય. ચિત્તનો નિરોધ-સ્વપ્નનો લય. જાણપણાનો નિરોધ-જાગ્રતનો લય. કિરણ -૧૪
- બકરાને જેમ જવ ભરીને મારી નાખે છે તેમ મનને મારી નાખવું. એટલે એનું ધાર્યુ ન કરવું અને ગમે તે ન આપવું એ મનનો જવ ભરીને માર્યુ કહેવાય. કિરણ-૧૫
- મોટા પુરુષને નિર્લેપ સમજે તો ઊર્ધ્વરેતા ગણાય. ઊર્ધ્વરેતાપણું સિદ્ધ થયાનું કારણ ઉપાસના છે. કિરણ-૧૫
- ભગવાન કરતા ભક્તને રાજી કરે તો ભગવાન બહુ રાજી થાય છે. કારણ કે ભગવાન તો ધણી કહેવાય. પછી વળી સ્વામીએ વાત કરી જે, અમારે ત્યાગવલ્લભદાસસ્વામી સાથે સર્વથી વધારે હેત

હતું. અમે દરરોજ નિ'મ થયા પછી દોઢ કલાકતો બેસતા જ. ક્યારેક તો સવાર પણ થઈ જાય ને સીધા નાવા જાઈએ. કિરણ-૧૫

- ક્રોધનો સમય આવે ને ક્રોધ ન કરે ને એક તો દરરોજ સો વર્ષ સુધી અશ્વમેઘ યજ્ઞ કરે એ બે માં ક્રોધ ન કરે તે અધિક છે. કિરણ-૧૫
- ભગવાનના ભક્તને નિર્લેપ સમજવામાં જો દોષ દેખાય તો એમ સમજવું જે આપણે એના નિયંતા નથી. કિરણ ૧૫
- ગુણે કરીને હેત થાય તે ટકે અને સ્વાર્થે કરીને કે લોભે કરીને સ્નેહ થાય તે ટકતો નથી. કિરણ-૧૬
- વચનને ગુણે કરીને સત્યાસત્ય બેયની તત્કાળ સ્નેહે સહિત હા જ પાડે. વાતમાં શંકા થાય તો મોટા આગળ વિવેક રાખવો; તોછડાઈ ન કરવી. કિરણ-૧૬
- પોતામાં ભગવાનનાં જેવા ગુણ આવે તોપણ સંતની ટેલ ચાકરી કર્યા કરવી. ધાતુ પાષાણની મૂર્તિમાં

અલૌકિક બુદ્ધિ થાય છે પણ સંતને વિષે પણ અલૌકિક બુદ્ધિ કરવી. મોટાની જેમ જ નાનાને પગે લાગે, મહિમા સમજાય તો અલૌકિક બુદ્ધિ થઈ કહેવાય.કિરણ-૧૬

- કોટિ ઉપાય કરીએ તોપણ સ્વભાવ નાશ ન પામે પણ આ ભગવાન અને ભક્તના અલૌકિક દૃષ્ટિથી દર્શન કરીએ તો સ્વભાવનો નાશ થઈ જાય છે. કિરણ-૧૬
- એક એક અન્ન ખાવાથી રસ જીતાય છે. કિરણ-૧૬
- ભગવાન સંબંધી પંચવિષયનું સેવન કરે તો બુદ્ધિમાં પ્રકાશ થાય છે. જગત સંબંધી પંચવિષયનું સેવન કરે તો બુદ્ધિમાં અંધકાર આવે છે. કિરણ-૧૬
- બીજાને અવિનાશી કરે માટે કાશી અને વૃંદાવન અવિનાશી છે. જેમ શ્રીકૃષ્ણના સંબંધથી ગોપીયો નિર્ગુણ થઈ ગઈ. તો શ્રીકૃષ્ણને શુદ્ધ સત્ત્વાત્મક કેમ કહેવાય ? ન જ કહેવાય. કિરણ-૧૬

- જ્યાં સુધી અલ્પ સુખમાં લોભાઈ છીએ ત્યાં સુધી મહત્ સુખ હાથ ન આવે. જ્યાં સુધી તુચ્છ સુખમાં લોભાઈ ત્યાં સુધી અલૌકિક સુખ હાથ ન આવે. જ્યાં સુધી નબળા માણસ ગમે ત્યાં સુધી સારા માણસ આપણને ટેકો નહીં આપે. જ્યાં સુધી આ લોકનાં સુખમાં દષ્ટિ છે ત્યાં સુધી અલૌકિક દષ્ટિ થાય જ નહિ. જ્યાં સુધી આ લોકનું સુખ ગમે છે ત્યાં સુધી દેવલોકનું સુખ મળે નહીં. જ્યાં સુધી દેવલોકનું સુખ ગમે છે ત્યાં સુધી અક્ષરધામનું સુખ આવે જ નહીં. કારણ કે અક્ષરધામનાં સુખ આગળ દેવલોકનું સુખ નરક સમાન છે. કિરણ-૧૬
- ધર્મ, વૈરાગ્ય, આત્મનિષ્ઠા એ કોઈ ભગવાનનું કામ નહીં કરે ભગવાનનું કામ તો આવા સાધુ કરે. સુખનો સીમાડો નથી. પૈસા ઓછા આપ્યા છે એ તો ભગવાન ભજવા માટે આપ્યા છે. કિરણ-૧૭
- મારું મનાય તો જ માયા દુ:ખદાયક છે. કિરણ-૧૭

- ભગવાનનાં કર્મ છે તે ભક્તનાં કર્મ ખપાવાનને અરથે છે. પણ પોતા માટે નથી. ભગવાનનાં કર્મ છે, એજ આપણું અક્ષરધામ છે. કિરણ-૧૭
- આખો સત્સંગ મહારાજનું શરીર છે ને મોટા એકાંતિક સાધુ આંચળને ઠેકાણે છે. તે દ્વારે સર્વોપરી છે આમ સમજે ત્યારે સર્વોપરી પુરુષોત્તમ જાણ્યા ગણાય. કિરણ-૧૭
- ગુણાતીતાનંદસ્વામીનાં સમાગમથી રઘુવીરજી મહારાજે માગ્યું કે, હું અક્ષરધામમાં તમારા પહેલા પાંચ વરસે જાઉં. આમ બ્રહ્મરૂપ થઈ જવાય. આમ સર્વોપરીપણું છે. કિરણ-૧૭
- નિષેધ કર્યા કરે એ એકાંતિકનું લક્ષણ છે. નરસું કામ કરે તોપણ વખાણ કરે એ સાધારણ; આ વાત સો જન્મેય સમજાય નહીં. કિરણ-૧૭
- પ્રત્યક્ષનો નિશ્ચય પરમપદની પ્રાપ્તિ છે. કિરણ-૧૭
- નરસા માણસની ખોટ્ય નથી પણ સારા માણસની

ખોટ્ય છે. કિરણ-૧૮

- કાંઈ જોઈએ નહીં એનું નામ મોક્ષ કહેવાય. ગોપાળાનંદસ્વામી અને મુક્તાનંદસ્વામી કોઈ રીતે ન જીતાય. એને હાથ જોડીએ દીન થાઈ તો જ જીતાય. કિરણ-૧૮
- બાળમુકુંદદાસસ્વામી પાસે હંમેશા સો કાગળ આવતા; એમાં ઘણાય આ લોકનાં સુખની પ્રાર્થના કરતા પણ કાલસારીવાળા કાળાભાઈ સામજીભાઈએ એકે જ એવી પ્રાર્થના કરી કે, અમને અક્ષરધામમાં લઈ જાજ્યો. કિરણ-૧૮
- એકબીજાની ખોટ્ય કાઢે ત્યારે એક રુચિ ગણાય. કિરણ-૧૮
- અચિંત્યાનંદ બ્રહ્મચારી નાના છોકરા પૂજા કરતા હોય એની પાસે બેસીને એને પણ પગે લાગે. પોતામાં માલ મનાય એનું જ નામ માયા કહેવાય. કિરણ-૧૯

- નીચાણમાં જ પાણી ભરાય; પણ ટેકરા ઉપર પાણી ન ભરાય. ભગવાનના ભક્ત પાસે નીચા થવાય તો જ ગુણ આવે. કિરણ-૧૯
- આપણામાં સ્વભાવ હોય છતાં કાંઈક આવડે એ કૃપાનું પ્રધાનપણું કહેવાય. કિરણ-૧૯
- ભગવાનનું સુખ ટકી રહે; સુખરૂપી મૂડી જળવાઈ રહે તો બ્રહ્મરૂપ થઈ ગયો કહેવાય. ને ભગવાનનું સુખ નાશ થઈ જાય તો બ્રહ્મરૂપ ન ગણાય. કિરણ-૧૯
- જડ ને ચૈતન્ય એ બે ભાવથી નબળું કર્મ થાય છે. ઈંદ્રિયો અને જીવ એ બંનેથી નબળું કર્મ થાય છે. વ્યાપકપણાનો ત્યાગ કરે તો જીવને કર્મ ન લાગે. નહીંતર તો જરૂર કર્મ લાગે. કિરણ-૨૦
- ભગવાનની આજ્ઞાથી પંચવિષયનું ગ્રહણ કરે એ ગોપીયું કહેવાય. અને જે પોતાની આસક્તિથી પંચવિષયનું ગ્રહણ કરે એનું આ લોકમાં અને પરલોકમાં પણ ઠેકાણું નથી. ભગવાનની મરજી

પ્રમાણે વરતે એ જ હેતનું લક્ષણ છે. હેત તે શું ? તો ભગવાનની ઈચ્છાથી ભગવાન સંબંધી પંચવિષયનો પણ ત્યાગ કરી દ્યે છે. અને જ્યાં તે ભક્ત જાય ત્યાં ભગવાનની મૂર્તિ પણ ભેળી જાય. અને જ્યાં સુધી એ ભક્તનું ગમતું થાય ત્યાં સુધી જ ભગવાન આ લોકમાં રહે છે. કિરણ-૨૧

- આપણાં કર્મ ભગવાનની કથા સમજવા દે એવા નથી. પણ ભગવાન અને ભગવાનના ભક્તના કર્મથી આપણો મોક્ષ થાય છે. મૃત્યુલોકમાં એના કર્મ, ગુણ આપણે માટે મોક્ષદાઈ છે. પણ આપણે માટે બંધન કર્તા આપણો રજોગુણ જ છે. ભગવાન અને ભગવાનના ભક્તને રાજી કરે તો આ લોકમાં અક્ષરધામનું સુખ ભોગવે. કિરણ-૨૧
- ચૌદ ઈંદ્રિયોને એનું કાર્ય એમાંથી જેને હેત તૂટી ગયું હોય એમાં હેત થાય ત્યારે અવતારમાં હેત થયું કહેવાય. કિરણ-૨૨

- દેહ, ઈંદ્રિયો, સ્વભાવ, સગાસંબંધીનું ખંડન કરે એ ઉપરથી એમ નક્કી થાય કે, આ સાધુને દેહાદિકમાં બિલકુલ હેત નથી. કિરણ-૨૨
- ઈંદ્રિયો, અંતઃકરણ તદાશ્રિત અનુભવજ્ઞાન આ ત્રણ જ્યાં પૂગે ત્યાં પ્રત્યક્ષ ભગવાન છે. કિરણ-૨૩
- જડ ચૈતન્યનો વિભાગ કરે, ઈંદ્રિયો અંતઃકરણ અને એનાં સ્વભાવ અને એનાં કાર્યનો વિભાગ કરે ત્યારે એને પ્રત્યક્ષ ભગવાન કહેવાય. કિરણ-૨૩
- દુનિયામાં કોઈની મોટ્યપ નજરમાં ન આવે ત્યારે ભગવાનનું સ્વરૂપ ઓળખાણું ગણાય. કિરણ-૨૩
- મર્યા પછી નાશ થઈ જાય એ આ લોકનો આનંદ છે. અને ટકી રહે તો ભગવાનનો આનંદ છે. કિરણ-૨૩
- ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમેયુક્ત વૃત્તિ રાખવી. ભગવાનનાં સ્વરૂપમાં ધર્મઅધર્મનો તર્ક ન કરવો. કિરણ-૨૩

- ભગવાનનાં સ્વરૂપમાં જો વિચારેયુક્ત વૃત્તિ રાખે તો મુક્તની ઉપાસના થાય. કિરણ-૨૩
- ભગવાનનાં સ્વરૂપમાં ધર્મઅધર્મનો વિચાર કરવાની જરૂર નથી. ધર્મનો સંકલ્પ પણ ત્યાગ કરવો. એ નિર્વિકલ્પ સમાધિનું ચોખ્ખુ લક્ષણ કહેવાય. કિરણ-૨૩
- ધર્મ અને અધર્મ ત્યાગ કરાવનાર વ્યક્તિ સજાતીય છે. વિચારનો ત્યાગ કરાવનાર વ્યક્તિ ગુણાતીત છે. કિરણ-૨૩
- પ્રત્યક્ષ પુરુષોત્તમનો મેળાપ થાવો એ કાંઈ જેવડી તેવડી બાબત નથી. એ વાત કાંઈ રસ્તામાં પડી નથી. શાસ્ત્ર પણ એ વાતનો નિર્ણય નહીં કરી આપે. કારણ કે ચાર વેદને સમજાવનાર પાંચમો વેદ તો ગુરુ છે. કિરણ-૨૩
- સ્ત્રીનાં સુખની ઈચ્છા એનું નામ વાસના, લિંગશરીર. આ લોકમાં ભોગડ ભટીયા બ્રાહ્મણની

જેમ રહેવું. તો બંધન ન થાય, નહીં તો જરૂર બંધન થાય જ. કિરણ-૨૩

- ખરાબ સ્વપ્ના આવે તો શું કરવું ? સૂવું છે છતાંય નથી સૂંવું એવો વિચાર રાખવો અને જીભ ન હલે એવી રીતે ભજન કરતાં કરતાં સૂઈ જાવું. કિરણ-૨૪
- જેવાં અક્ષરધામમાં છે એવાં જ પૃથ્વી ઉપર છે ને જેવા પૃથ્વી ઉપર છે એવાં જ અક્ષરધામમાં છે. જાગ્રતમાં જેવું આ લોકનું જ્ઞાન છે. એવું જો ભગવાનનું યથાર્થ જ્ઞાન થાય તો સ્વપ્ન અને સુષુપ્તિ અટકી જાય છે. કિરણ-૨૪
- સુખમાં દુઃખ દેખવું ઈ સૂક્ષ્મવૃત્તિ એકાંતિક છે. કિરણ-૨૪
- માયિકભાવ ટળી જાય એટલે પ્રત્યક્ષ ભગવાન જરાય છેટા નથી. પ્રગટ સ્વરૂપમાં જે માયિકભાવ છે તે જ ટાળવાની જરૂર છે. કિરણ-૨૪
- ભગવાનને ઠેકાણે લીંબડો છે. ભગવાનનો

નિરુત્થાનપણે નિશ્ચય તેને તદાત્મકપણુ કહેવાય. એવો જે સંતને નિશ્ચય થાય એનું સ્વરૂપ નિર્ગુણ બ્રહ્મ છે. એ લીંબડાને ઠેકાણે છે. એના વચનથી જ એવું તદાત્મકપણું થાય છે. કિરણ-૨૪

- આ વાત ન સમજે તો બુદ્ધિવાળો હોય તોપણ સગુણ. આ વાત સમજે તો બુદ્ધિ વિનાનો હોય તોપણ નિર્ગુણ. કિરણ-૨૪
- જેનું સ્વરૂપ નિર્ગુણ હોય એનાં થકી જ ભગવાનનું દર્શન થાય. કિરણ-૨૪
- આત્મસત્તારૂપે રહેવું એનાં કરતા પણ ભગવાનના ભક્ત ભેળું રહેવું એ અધિક સુખ છે. જે સુખ આગળ કરોડ્ય સ્ત્રીઓનું સુખ પણ શા લેખામાં ભગવાનના ભક્તને દેખીને જમ પણ ભાગી જાય છે. આ લોક અને પરલોકમાં સાથીદાર તો ભગવાનના ભક્ત જ છે. અમૃત તો ભગવાનના ભક્ત પાસે જ છે. અમૃત તે શું ? તો સ્વભાવનું

ખંડન કરે છે. એ જ ભક્ત પાસે અમૃત છે, આ પૃથ્વી ઉપર આ ટેમે જેનો જન્મ આવ્યો એનાં પુન્યનો પારાવાર નથી. કારણ કે ભગવાન તો આવ્યા પણ સાથે અનંતકોટિ મુક્ત પણ આવ્યા. કોક દિ'તો વિચાર કરો તો આ સત્સંગનો મહિમા કેવો છે ! પરણતા થાક્યા ઈ આ સત્સંગમાં છે. સ્ત્રીની સાથે રહીને માળા ફેરવતા ઈ આ સત્સંગમાં છે. સ્ત્રીનું નામ સાંભળે તો વીર્યપાત થઈ જાય એવાં દોષ આ સત્સંગમાં નાશ પામે છે. રજોગુણ, તમોગુણની નિવૃત્તિ આ સત્સંગમાં થાય છે. જગતને ભૂલી જાય ઈ ભગત અને જગતને ન ભૂલે ઈ અભગત. દેડકો સર્પનાં મોઢામાં છે તોય ગારો ખાય છે તેમ આપણે કાળનાં મોઢામાં છીએ તોપણ ગારો ખાઈએ છીએ. કિરણ-૨૫

- ધર્માદિક ખટ્કર્મ જો ઈંદ્રિયોને લાડ લડાવવાં માટે કરે કે દેહનાં સુખ અર્થે કરે તો તે સવિકલ્પ

નિશ્ચયવાળો કહેવાય. અને ભગવાનની પ્રસન્નતાને અર્થે ખટ્કર્મ કરે તો એને નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહેવાય. કિરણ-૨૫

- આ દેહને દુઃખી જોઈને રાજી થાય તો ભગવાનનું સુખ આવે. કિરણ-૨૫
- એક તો ભગવાનની મોટાઈ બીજું રુચિ ને ત્રીજું ભગવાનની ઈચ્છા આ ત્રણ તે દેહના અનાદરના છે. કિરણ-૨૫
- ભગવાન અને ભગવાનના ભક્તને જે ગમે એનું નામ રુચિ; ભગવાનના ભક્તની રુચિ જાણ્યા વિના છૂટકો નથી. ભલે તપ કરે, યોગ કરે, દાન કરે, પુન્ય કરે, યજ્ઞ કરે, તીર્થ કરે, બીજાં કરોડ્ય એક સાધન કરે પણ ભગવાનના ભક્તની રુચિ જાણ્યા વિના ભગવાન રાજી થતાં નથી. ઘાંડલાની ડોશીએ ગુણાતીતાનંદસ્વામીની રુચિ જાણી તો માયા પર થઈ ગઈ. તેમ ભગવાનના ભક્તની રુચિ

જાણવાથી બ્રહ્મરૂપ થઈ જવાય છે. શ્રીજી મહારાજ આખી પૃથ્વીમાં ફર્યા; ક્યાંય રહેવાનું મન ન થયું; લોજમાં જ મુક્તાનંદસ્વામીની પાસે જ રહેવાનું ગમ્યું. આવાં પંચ વર્તમાનેયુક્ત સાધુ ક્યાંય નથી. એમ જાણીને મહારાજે કહ્યું કે, મને તમારી પાસે રાખશો ? ભગવાનનું સ્વરૂપ જેમ નિર્દોષ સમજવું એમ આ મોટા સાધુને પણ નિર્દોષ સમજવા એ મહારાજને ગમે. વર્તમાનકાળે એમાં રાજીપો છે. વર્તમાનકાળે ભગવાનને આ ગમે છે. ગોપાળયોગીની પેઠે કાળની બીક મટી જાય. પણ ભગવાનના ભક્તની રુચિ જાણ્યા વિના ભગવાન રાજી થતા નથી. કિરણ-૨૬

- ક્રિયા ઉપરથી અભિપ્રાય જાણી શકાય. પણ રુચિ જાણવા માટે આપણે એના અંતર્યામી થાવું જરૂર છે. કિરણ-૨૬
- આ કેવી વ્યક્તિ છે આની આગળ માન રાખીને

જાશું ક્યાં ? માન તો નીચમાં નીચ છે. માનનું ક્યાંય સ્થાન નથી. ભગવાનના ભક્ત આગળ કે ભગવાન આગળ માન રહે છે તો એને મોટા જાણ્યા જ નથી. એની આગળ માન રાખીને રહેશું ક્યાં ? કિરણ-૨૬

- ભગવાન માન રાખે છે તે તો ભક્તનાં સુખવાસ્તે રાખે છે. કિરણ-૨૬
- આ લોકનું સુખ તુચ્છ, નાશવંત અને અસાર છે. આ સત્સંગમાં જેને જન્મ આવ્યો એનાં પુન્યનો પાર નથી. તો જેને જ્ઞાન થયું એની શી વાત ! કામાદિકને જીતવાના સો વરસ સુધી સંકલ્પ કરો તોપણ ન જીતાય. પણ ભગવાન સંબંધી સંકલ્પ કરો તો જીતાય જાય. કિરણ-૨૬
- ભગવાનના ભક્તથી આપણને મોટી પ્રાપ્તિ થાય તો એની આગળ હલકાં થાવામાં કાંઈ વાંધો નથી. કિરણ ૨૬
- મંદિરમાં ચાર પાંચ મોટેરાં હોય એમાં મોક્ષભાગી

હોય એને મળવું. કિરણ-૨૬

- હૈયામાં ખાતરી થઈ જાવી જોઈએ કે, આ ભગવાન અને આ ભક્ત જ આપણને અંત સમે તેડવા આવશે. આપણાં સાધનથી અંત આવે તેમ નથી. કિરણ-૨૭
- ભગવાનના ભક્તની સાથે જ ભગવાનનું જ સુખ આવે છે. કિરણ-૨૭
- ભગવાનના ભક્ત દયાળુ છે તેથી આપણને નભાડે છે. નહીંતર તો સત્સંગમાં રહીએ એવા સ્વભાવ તો નથી. આવી રીતે જો મહત્તા સમજાય તો ભગવાનના ભક્તથી એનું મન ઉદાસ ન થાય. દેહાભિમાન હોય, પંચ વર્તમાન એમાં ખામી હોય, વૈરાગ તેમાં ખામી હોય, તોપણ આ સત્સંગમાં નભ્યા જાઈ છીએ. કારણ કે, ધક્કો લાગ્યો નથી. આ દેહનું ભગવાનના ભક્ત ખંડન કરે ને અવગુણ આવે તો આ દેહનું રૂપ જાણ્યું જ નથી. ને જો દેહનું

રૂપ જેવું છે એવું જાણ્યું હોય તો દેહનો જ અવગુણ આવે પણ ભગવાનના ભકતનો અવગુણ ન આવે. કિરણ-૨૮

- જે સ્વભાવ સત્સંગમાં અંતરાય કરતો હોય એનો અભાવ આવતો નથી, ત્યાં સુધી સત્સંગની મોટાઈ જાણી નથી. આ સાધુ મારા સ્વભાવના વેરી છે. આ સાધુ, આ ભગવાન, આ સત્સંગ ક્યાંથી મળે ? એક વિચારથી સ્વભાવનો નાશ થઈ જાય છે. ચાર ગાઉ છેટાં સાધુ હોય ત્યાં સુધી અમે સૂતા નથી એમ નારાયણદાસસ્વામી કે'તા. ગમે ત્યાં સાધુ હોય ત્યાં સમાગમ કરવા જાતા. કિરણ-૨૮
- વેરીમાં વેરી સ્વભાવ; શત્રુમાં શત્રુ સ્વભાવ. આ લોકમાં જ્યાં ત્યાં આપણો તિરસ્કાર કરાવે તે સ્વભાવ. સ્વભાવને મૂકે તો ઈશ્વરની પેઠે પૂજાય. કિરણ-૨૮
- જેના ઉપર ભગવાનની દૃષ્ટિ થઈ હોય એનો

મહિમા સમજાય તો સ્વભાવમાત્ર નાશ થઈ જાય છે. કિરણ-૨૮

- ભગવાનના ભક્તમાં દૈવત દેખાતું નથી પણ એની સભામાં વાતું કરતા દાબ થાય છે. માટે ભગવાનના ભક્તમાં દૈવતશક્તિ છે, એમ નક્કી થાય છે. કિરણ-૨૯
- પોતામાં અયોગ્ય સ્વભાવ હોય ને કરોડ્યું ઉપાય કરે તોપણ સ્વભાવ નાશ પામે એવા નથી છતાંય ભગવાન અને ભગવાનના ભક્ત તેની મરજી જણાય તો સ્વભાવ ટળી જાય. કિરણ-૨૯
- વ્યક્તિગત દયા કરે તો બંધન થાય અને આખા સમાજ ઉપર દયા કરે તો બંધન ન થાય. કિરણ-૨૯
- જો પ્રત્યક્ષ ભગવાન ન મળે તો મોહ પણ નાશ ન પામે. ખંડન કરે એ જ ઠેકાણે મોહનો નાશ થાય છે. કિરણ-૨૯
- પંચવિષયનો મોહ નાશ થયા પછી ભગવાન સંબંધી

પંચવિષયમાં તેમાં મોહ થાય નહીં, તો મનુષ્યચરિત્રમાં શંકા ન થાય. કિરણ-૨૯

- જગતસંબંધી પંચવિષય નાશ થાય પછી ભગવાન સંબંધી પંચવિષય તેમાં હેત થાવું જોઈ. નહીંતર તો સમાધિમાંથી આવ્યા પછી પણ પાછો વિષયમાં જોડાઈ જાય. ન ભોગવતો હોય એ પણ ભોગવવા મંડે એ મોહ. ત્રીસ વરસ પછી ડૉકટર જોઈ એ પણ મોહ છે. જો ખાવામાં વિવેક હોય તો માંદો ન પડે. એક કોળિયો ઓછો ખાય તો નથી ખાધુ એવું રહે. કરકે નજર છે એ મોહ. કિરણ-૨૯
- ભગવાનનાં સુખને એક ઈંદ્રિય ભોગવતી હોય એને બીજી અનુસરતી નથી છતાંય પાંચેય ઈંદ્રિયોને એક સાથે ભગવાનનું સુખ આવે છે. એ ભગવાનની અલૌકિક શક્તિ છે. કિરણ-૨૯
- બુદ્ધિવાળો કોને કહેવાય ? તેનો ઉત્તર પોતે જ કર્યો જે, પોતાના દોષ ઓળખી શકે ને પોતાના દોષનો

ત્યાગ કરી શકે. ને પોતાના દોષને ન ઓળખી શકે તો બુદ્ધિ રાજાના કામદાર જેવી કહેવાય. યોગ્યને ગ્રહણ કરે અને અયોગ્યનો ત્યાગ કરે તે બુદ્ધિ સાચી. અટકવા શીખે તો બુદ્ધિવાળો કહેવાય. પોતાના અવગુણ તેનો વિચાર કરે તો બુદ્ધિવાળો કહેવાય. કિરણ-૩૦

- પોતાનો અવગુણ દેખાય તે મોક્ષની બુદ્ધિ છે. કિરણ-૩૦
- સ્થિતિ દેશકાળે બદલી જાય તો આ જન્મના ભક્ત અને સ્થિતિ ન બદલે તો પૂર્વજન્મના ભક્ત ગણાય. કિરણ-૩૦
- લાભ બહુ મોટો થયો છે પણ ભજન થાતું નથી એટલી ખોટ્ય છે. કિરણ-૩૦
- આપણી સ્થિતિ ભગવાનના ભક્તમાં દાખલ કરી દેવી એ જ અજ્ઞાન છે. સાકારનિષ્ઠા થાવી એ બધાથી કઠિન વાત છે. ભગવાન અને ભગવાનના

ભક્ત જ્યાં છે ત્યાં જ ફળની પ્રાપ્તિ છે. એ જ સાકારનિષ્ઠા કહેવાય. કિરણ-30

- દિવ્યસ્વરૂપ તો ગોતવા જાવ તોય ન મળે. ભગવાન સજાતીય થાય તો જ મોક્ષ થાય. કિરણ-30
- એક વિષયમાં પાંચેય વિષયનું સુખ આવે છે. એ ભગવાનું સુખ. એક નેત્રથી ભગવાનને જુએ પણ બીજી ઈંદ્રિયો પાછી વળી જાય છે. માટે એમ પાંચેય વિષયનું સુખ એક સાથે આવે છે. જેની સામું જોઈને વૃત્તિ પાછી વળે એમાં પાંચેય વિષયનું સુખ એક સાથે આવે છે. કિરણ-30
- જેવા પોતે છે એવા બીજાને કરે એવું સ્વરૂપ તો સ્વામિનારાયણ ભગવાને બતાવ્યું. કિરણ-3૧
- બાહેરથી કે અંદરથી ભગવાનનાં સ્વરૂપમાં જોડાવું એ જ સમાધિ કહેવાય. કિરણ-3૧
- જેની ઉપર ઈર્ષ્યા હોય તે ઈર્ષ્યા મટે ત્યારે એના ગુણ આપણામાં આવે છે. ભગવાને પૃથ્વી ઉપર

દેહ ધારણ કર્યો એના વર્ણી, પાર્ષદ, સંત, સત્સંગી એ બધા આંખ્ય મીંચીને ઉઘાડીએ એના લાખમા ભાગમા પણ સાંભરી જાય તો એ જીવનું અતિશય રૂડું થાય. જેવા છે એવા ઓળખાય જાય તો કૃતાર્થ થઈ જવાય. બહુ મોટી પ્રાપ્તિ થઈ છે. બહુ મોટો લાભ મળ્યો છે. છતાંય અધૂરું રહી જાશે તો બહુ ખોટ્ય જાશે. કોઈ પદાર્થની ઈચ્છા ન રાખવી. આત્મારામ બની જાવું. કુટુંબીનું હેત તો ગરાસિયાના જેવું છે. એનું કોઈ દિવસ પૂરું થયું નથી અને થાશે પણ નહીં. ભગવાનના ભક્તને જાણે અજાણે જોયાં; એની આપણે સેવા કરી; એણે આપણી સેવા કરી; એનો સ્પર્શ કર્યો; એ બધું સાંભરી આવે તો કૃતાર્થ થઈ જવાય. પાછળથી પસ્તાવું પડશે, આવો જોગ નહીં મળે. આ ભગવાન, આ સાધુ એને સમજી રાખવા અને એનો મહિમા સમજવામાં જે અંતરાય કરે એવા જે

સગાસંબંધી, આપણા દોષ એનો ત્યાગ કરી દેવો. કિરણ-૩૨

- અધ્યાત્મવાત કોઈને સમજાતી નથી. પણ આપણને એક સંભારતા એકવીસ લાખ ભગવાનના ભક્ત સાંભરે છે. એના પ્રતાપથી આપણને અધ્યાત્મવાત આવડે છે. કિરણ-૩૩
- વિવેકી હોય એ દુઃખની વાત સવળી લ્યે. અવિવેકી હોય એ દુઃખની વાત અવળી લ્યે. ઈ વિવેક ક્યાંથી આવ્યો એ વસ્તુ અલૌકિક છે. કિરણ-૩૩
- ભગવાનના ભક્ત ભેળું બેસાય છે એટલો જ લાભ છે. ને ભગવાનના ભક્તને મૂકીને જવાય છે એ જ ગેરલાભ છે. કિરણ-૩૩
- એ ભક્ત જ્યાં જાય ત્યાં ભગવાનની મૂર્તિ પણ સાથે જ જાય છે. એવો એ પ્રેમીભક્ત એની સાથે તો જ્ઞાની, તપી, ધ્યાની, આત્મનિષ્ઠાવાળો પણ શું કરે ? કિરણ-૩૩

- જે સ્વામિનારાયણની આજ્ઞા પાળતો હોય એ જ સત્સંગીનાં દુઃખમાં ભાગ લઈ શકે. જે સ્વામિનારાયણની આજ્ઞા ન પાળતો હોય એ સત્સંગીનાં દુઃખમાં ભાગ ન લઈ શકે. કિરણ-૩૩
- ભગવાન વિના બીજું કાંઈ ન ઈચ્છે એને ભગવાન પોતે જ પોતાના ઐશ્વર્ય બલાત્કારે આપે છે. એ ભક્ત નિષ્કામી કહેવાય અને પૂર્ણકામ કહેવાય. અને કૃતાર્થ થયો ગણાય. કોઈએ કાંઈક પાપ કર્યું અને એનું યથાશાસ્ત્ર પ્રાયિશ્ચત કર્યું હોય; એને કોઈ પાપી કહે એને કૃતઘ્ની જાણવો. અને કોઈ પાસે બે અક્ષર શીખ્યો હોય એને ભૂલી જાય તોપણ એને કૃતઘ્ની જાણવો. કિરણ-૩૪
- ભગવાન અને ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ જાય તો એને માટે ઈંદ્રિયુ ઉપયોગમાં આવે તો પંચવિષયનો રોગ મટી જાય. કિરણ-૩૪
- જ્યાં સુધી ભગવાનનાં સ્વરૂપમાં વૃત્તિ નથી ત્યાં

સુધી જ જાણપણાની જરૂર છે પણ જ્યારે ભગવાનનાં સ્વરૂપમાં વૃત્તિ જોડાઈ ગઈ ત્યાર પછી જાણપણાની જરૂર નથી. કારણ કે જાણપણાનું કામ જ્યાં સુધી સ્વરૂપમાં વૃત્તિ સ્નેહે કરીને સ્થિર નથી થઈ ત્યાં સુધી જ છે. કિરણ-૩૫

- મન પાછું વળે તેને જ સમાધિ કહેવાય. કિરણ-૩૬
- ભલે સ્વામિનારાયણની ઉપાસના હોય પણ જે જે ગુણમાં રહીને ભજન કરીએ તે ગુણ ને તે દેવની ઉપાસના થાય છે. પણ બ્રહ્મરૂપ થઈને ભજન કરવું ત્યારે ભગવાનની ઉપાસના, ભક્તિ કરવાનો અધિકાર છે. ને તે જ સેવાને ભગવાન અંગિકાર કરે છે. કિરણ-૩૬
- ત્યાગીને તો સ્વભાવ છે એ જ સ્ત્રી છે. આપણા સ્વભાવ ઉપર વરતવા ન દે તો રાજી થવાય એનું સુખ આગળ ખૂબ જ છે. કિરણ-૩૬
- આગલાં જન્મનાં સંસ્કારી હોઈએ તો જ સ્વભાવ

રોકે ત્યારે રાજી થવાય. કિરણ-૩૭

- પંચવિષય ભોગવ્યા પછી પાછો એનો સંકલ્પ ન થાય તો ભગવાનનું સ્વરૂપ ગણાય. કિરણ-૩૭
- ભગવાનને અને ભગવાનના ભક્તને ઓશિયાળાં કરીએ છીએ. પણ આપણે એના ઓશિયાળાં થાવું જોઈએ. કિરણ-૩૭
- અક્ષરધામમાં જવાનો સીધો રસ્તો ક્યો છે ? પછી સ્વામી બોલ્યા જે, વાસના ટળે એટલે એક ડગલુય ન ચાલવું પડે. પંચવિષયની આસક્તિ છે તે આસક્તિની પેલી તરફ જ અક્ષરધામ છે. કિરણ-૩૭
- જો આપણામાં દોષ હશે તો આપણે બીજાં ધામનાં મુક્ત છીએ. કિરણ-૩૭
- હાથ જોડ્યા પછી બીજા દોષને મહારાજ ગણતા નથી. પણ એક ઈંદ્રિય તો લેખે લાગવી જોઈને ? જો દોષ અળગા ન થાય તો હાથ ન જોડી શકે. માટે એટલી વાર તો દોષ અળગા થઈ જ

જાય છે. કિરણ-૩૭

- ભગવાન અને ભગવાનના ભક્તને અહીંયાં ઓશિયાળાં કર્યા હશે, તો અક્ષરધામમાં પણ એની સાથે નહીં રહેવાય. જણાય છે મનુષ્ય જેવા પણ જાણવા બહુ ગહન છે. કિરણ-૩૭
- વિષયમાં દુઃખ છે. વિષયમાં કલેશ છે. એમ સમજીને ભોગવે તો એ બંધનકારી ન થાય. કિરણ-૩૮
- ભગવાને આ લોકમાં આવીને આપણે માટે બહુ દાખડો કર્યો આપણે માટે બહુ સારાં કામ કર્યાં. અત્યારે પણ ભગવાન અનેક રૂપે પૃથ્વી ઉપર છે. ઓળખાતા નથી એ જ આપણામાં મૂર્ખાઈ છે. માટે મન ઈંદ્રિયોને કાબૂમાં રાખીને ભગવાનને ઓળખવા. અરે ભાઈ જીવમાં જે જ્ઞાન છે એ તો હજી બહાર કાઢ્યું નથી. હવે તો ભગવાન મળ્યા કાળ, માયાનો શો ભાર છે ? એમ માનીને હિંમત રાખવી. દ્રૌપદીએ ભગવાનને સંભાર્યા તો ભગવાને

એના દુઃખમાં ભાગ લીધો. એમ આપણે પણ ભગવાનને સંભારશું તો ભગવાન આપણાં દુઃખમાં ભાગ લેશે. અનંત જન્મથી દુઃખમાં ભાગ લ્યે છે અને હજી પણ લેશે. ભગવાનને પ્રાર્થના ન કરવી પડે કે મારી રક્ષા કરજ્યો. આ સમે જેનો જન્મ આવ્યો એને બહુ મોટો લાભ થયો. પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ ભગવાનના ભક્ત તેની પ્રાપ્તિ એ જ મોટો લાભ છે. અને એ જ મોટાઈ છે. દુઃખ કોઈ માનશો નહીં. કિરણ-૩૮

- કોઈનો ભાર ન પડે તો સર્વોપરી સમજણ. કોઈ પણ દિવસ નિયમમાં ભંગ ન થાય. સર્વોપરી સમજણ પૂર્ણકામપણું થઈ જાય. કિરણ-૩૮
- અક્ષરધામના પતિ પુરુષોત્તમ જ્યારે પ્રગટ મળે ત્યારે સાધનની સમાપ્તિ થઈ જાય તો મળ્યા કહેવાય. કિરણ-૩૮
- જપ, તપ, તીર્થ, વ્રત દાન છે તેમાં સમાપ્તિ થઈ

જાવી જોઈ. ભંડારમાં જાઈ ત્યારે પરસ્પર હેતથી એકબીજાને જમાડીએ અખંડ સુખ, સુખ ને સુખ જ વર્ત્યા કરે. ત્યારે સમજવું કે ભગવાન આપણને સાક્ષાત્ મળ્યા. બધી વાતમાં સંતોષ થઈ જાય એ એનાં એંધાણ છે. કિરણ-૩૮

- વાત સમજવી તે પૂર્વની કમાણી નથી પણ અત્યારે સ્વરૂપની કૃપા થાય તો વાત સમજાય. કિરણ-૩૮
- જગતસંબંધી પંચવિષયને સેવે તો બુદ્ધિમાં અંધકાર થાય છે. અને ભગવાન સંબંધી પંચવિષયને સેવે તો બુદ્ધિમાં પ્રકાશ થાય છે. કિરણ-૩૮
- ભગવાનના ભક્ત ભેળું રહેવું તેમાં બહુ જ લાભ છે. કારણ કે સ્વભાવ ત્યાં જ ઘસાય છે. ઉત્તમ નિર્વિકલ્પ સમાધિ તેમાં ભગવાન અને ભગવાનના ભક્ત તેનાં ભીડામાં રહીએ એ જ છે. અને સવિકલ્પ સમાધિ તેમાં એકાંતમાં રહેવું એ જ છે. કિરણ-૩૮

- ભક્તને એકબીજાને વઢીને કહેવું પણ જુદું ન પડવું. જેમ પાણીમાં ડાંગ મારે તેમ જુદા ન પડવું. કિરણ-૩૮
- જપ, તપ, તીર્થ, વ્રત, દાન, યજ્ઞ, પૂજા, ધ્યાન જે કાંઈ સુકૃત કરે તે નૈમિષારણ્યક્ષેત્રમાં કરે, તો સ્વભાવ ટળે, નહીંતર સ્વભાવ ન ટળે. કિરણ-૩૯
- જેમ આપણે મોટાં થાઈ છીએ તેમ દોષ પણ મોટા થાતા જાય છે. દોષ તો જ્યારે અક્ષરરૂપ થાઈ ત્યારે જ ટળે છે. નહીંતર તો આપણને, સ્વામિનારાયણિયાને, નિર્ભય થઈ ગયા છીએ; એ જ દોષ જીતવામાં નડતરરૂપ છે. પૂર્ણકામ થઈ ગયા છીએ એ જ દોષ જીતવામાં વાંધો છે. માટે અક્ષરરૂપ થાશું તો જ દોષ જીતાશે. મોટામોટા પણ દોષથી પરાભવ પામ્યા છે, એની પણ લાજ ગઈ છે. તો આપણે શું વાધો છે એવું ગાફલપણું રહે છે, માટે દોષ જીતાતા નથી. કિરણ-૩૯
- સત્સંગનો મહિમા વિચારે તો આળસ અજ્ઞાન ટળી

જાય. સત્સંગનો પ્રતાપ વિચારે, સત્સંગનું સુખ વિચારે, સત્સંગની પ્રાપ્તિ વિચારે, તો દોષ ક્ષીણ થઈ જાય. પછી જો સાવધાન ન રહે તો દોષ પાછો સવાર થઈ જાય છે. કિરણ-૩૯

- જેમાં હેત હોય એમાં દોષ હોય તોપણ ગુણ જ દેખાય છે. કિરણ-૪૦
- ઈંદ્રિયોને એવો દંડ દેવો કે ઊંચે ટીંગાડીને નીચે તાપ કરવો, ને પાછા લાકડી લઈને મારવા. તો ઈંદ્રિયો આપણા કહ્યામાં માંડમાંડ વર્તે એમ છે. કિરણ-૪૧
- આપણે તો ફૂટેલ કોડી જેવા છીએ અને સામી વસ્તુ તો સોનું છે. માટે પોતાના ગુણમાં તથા પોતાની ક્રિયામાં તથા પોતામાં માલ મનાય છે એ જ કોડીપણું છે. અને કોડી કરતાં તો સોનામાં વધારે માલ છે. કિરણ-૪૧
- જીવ ભગવાનની સામુ જુવે ત્યાં જ સુખિયો થઈ

જાય. જીવ ભગવાનની સામુ જુવે ત્યાં જ નિર્ગુણ થઈ જાય. કિરણ-૪૧

- પોતાના દોષ સૂઝે છે એ જ પ્રકાશ છે. બીજાના દોષ સૂઝે છે એ જ અંધકાર છે. જ્ઞાન અને અજ્ઞાન છે. કિરણ-૪૦
- પંચવિષયમાં તો સુખ જ નથી એમાં દુઃખ જ છે. જીવ માયાની સામુ જુવે ત્યાં જ દુઃખિયો થઈ જાય છે. અને ભગવાનની સામુ જુવે ત્યાં જ સુખિયો થઈ જાય છે. કિરણ-૪૦
- સંકલ્પ-વિકલ્પનો વિરામ એ જ સમાધિ. જ્યાં સ્વભાવ ઊભો રહી જાય, જ્યાં સ્વભાવ રોકાય જાય એ જ સમાધિ. કિરણ-૪૦
- દોષ દેખાય એ જ પ્રકાશ છે. એ પ્રકાશ એમાં જે સ્વરૂપ છે એનું જ સ્મરણ કરવું જપ, તપ, તીર્થ,વ્રત, દાન જે કાંઈ કરવું એ બધું ત્યાં જ કરવું. કિરણ-૪૦
- ભગવાન અક્ષરધામમાં રહ્યા છે, પણ તે જ

ભગવાન મનુષ્ય જેવા થાય છે. એનો સંત સમાગમે કરીને નિશ્ચય કરે, ત્યારે એ સાકારનિષ્ઠા થઈ ગણાય. કિરણ-૪૦

- આપણે જો ભગવાન રાખશું તો આપણા જેવા સુખિયા કોઈ નથી. પછી ભલેને અકિંચન હોઈ. કિરણ-૪૦
- ભગવાનની તો બહુ દયા છે પણ આપણામાં જ ખામી છે. મોક્ષનો ખપ હોય તો એને દુઃખે દુઃખિયા થાવું ને ભગવાનના ભક્તને સુખે સુખિયા થાવું તો મોક્ષનો ખપ ગણાય.કિરણ-૪૦
- સત્સંગનો મહિમા જેવો છે એવો સમજાય તો કામાદિકને નાશ કરવા જ ન પડે. ભગવાનને વિષે પ્રીતિ થયા વિનાનો પુરુષ કોઈ દિવસ માયાને ખોટી કહી શકતો નથી. કિરણ-૪૧
- આપણને તો અક્ષરધામના માણસનો મેળાપ થયો છે. તો એનો વિશ્વાસ કરવો એ ભગવાન બતાવશે.

બીજાં ધામના માણસનો મેળાપ નથી થયો ને એનો વિશ્વાસ કરે છે એ તો હેરાનગતિનો પાયો છે. કિરણ-૪૧

- જેના અંતરમાં ભગવાન વાસ કરીને વસ્યા હોય એ આ લોકમાં રહ્યા છે. તોપણ એને આ લોકમાં હેત હોતું નથી. કિરણ-૪૧
- આ લોકમાં કોઈ વહાલું પદાર્થ પ્રાપ્ત થાય અને ભગવાન પાછું લઈ લ્યે તો એમ સમજવું આપણાં સુખ માટે છે. કારણ કે ભગવાનને આપણી આ લોકમાંથી વાસના તોડાવવી છે. કિરણ-૪૧
- ઐશ્વર્ય આપે ઈ ભગવાન નહીં અને ઐશ્વર્ય માગે ઈ ભક્ત નહીં. એકાંતિક વિષયમાં ન જોડે ભગવાન ઐશ્વર્યમાં ન જોડે. કિરણ-૪૧
- કંગાલ રાખ્યા છે તે પણ આપણાં સુખ માટે જ. કિરણ-૪૧
- સારાં પદાર્થમાં આસક્તિ એ જ જમપુરીનું દ્વાર

છે. બીજાં મશરૂનાં ગાદલામાં સુવરાવે તોય નરકમાં લઈ જાય. ને આવા સાધુ પાંચ પાંચ ખાસડાં મારે તોય અક્ષરધામમાં લઈ જાય. કિરણ-૪૧

- માંદા અને વૃદ્ધ સાધુની સેવા કરે અને તે સેવામાં તૃપ્તિ ન થાય એ પૂર્વજન્મનું હેત કહેવાય. ભગવાનના ભક્ત નમુળિયા ઝાડવાં જેવા છે પણ ભગવાનને સંભારે છે તો બહુ જબરાં છે કામક્રોધાદિક દોષ છે, એ તો ખીલ ને ધાધર જેવા છે. પણ ભગવાનના ભક્ત ભેળું રહેવું એ જ મોટો લાભ છે. એથી મોટો લાભ બીજો નથી. સુખનો કોઈ તાગો નથી. આ સત્સંગ જેને ઓળખાણો એનાં પુન્યનો પાર નથી. મનુષ્ય દેહ બહુ દુર્લભ છે પણ ભગવાનના ભક્ત ભેળું રહેવું એટલી જ કિંમત છે. આ સુખ જેનો મળે એનાં શું વખાણ કરવાં. કિરણ-૪૨
- જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ આપણે

ભગવાનના થાઈએ તો ભગવાન કોઈ દિવસ ભૂલે તેવા નથી. કિરણ-૪૨

- **આપણે એક ડગલું ચાલીએ તો ભગવાન ચાલે સાઠ, આપણે કોરે કાટ તો પ્રભુ લોઢાની લાઠ્ય.** કિરણ-૪૨
- વિમુખ અને ચાંડાળ હોય એને ભગવાનના ભક્તનાં દુઃખમાં દુઃખ થાતું નથી. માટે ભગવાનના ભક્તના દુઃખમાં ભાગ લેવો. ભગવાનના ભક્તને ઉપાધિ જાગે ને પાછો ન વળે, મૂંઝવણ ન થાય, તે બહુ ખરાબ છે. પર્વત ઉપરથી પડે એના કરતાં પણ ભગવાનના ભક્તનો અવગુણ બહુ ભૂંડો છે. માટે ભગવાનના ભક્તનાં દુઃખથી મૂંઝવણ થાવી જોઈએ. સત્તારૂપે રહેવું એના કરતાં ભગવાન અને ભગવાનના ભક્ત ભેળું રહેવું તે અધિક છે. ભક્તને અર્થે કાંઈ સેવા બની આવે એમાંથી સારું થાય ને સુખ થાય, એવું સુખ તો કોઈ કાળે ક્યાંયથી કોઈ

સાધનથી થાતું નથી. પંચમહાપાપનું પ્રાયશ્ચિત ભગવાનના ભક્ત ભેળા રહેવાથી જ થાય છે. કિરણ-૪૩

- આ લોક, તેમાં ભગવાન હોય તો અહીંયાં ભગવાન પાસે જાવું છે. જ્યાં ભગવાન હોય ત્યાં જાવું છે. કિરણ-૪૩
- પીતાંબરભાઈના દર્શન કરો તો મોક્ષ થાય ને એની સાથે વે'વાર કરો તો જીવ જાય. કિરણ-૪૩
- જેવા અક્ષરધામમાં છે એવા ને એવા જ પૃથ્વી ઉપર છે. એમ નહીં સમજાય તો ખોટ્ય બહુ જાશે. કિરણ-૪૩
- જે કાવ્યમાં ભગવાનનું નામ, ભગવાનનું સ્વરૂપ હાથ ન આવે તો એ કાકતીર્થ છે. કિરણ-૪૪
- પ્રગટ ભગવાન હોય ત્યાં જ મોક્ષ હોય. સાકાર નિષ્ઠાવાળો જ પ્રગટની વાત જાણી શકે. કિરણ-૪૪
- ભગવાન અને ભગવાનના ભક્તનો દ્રોહ કરનારને

અનંત કોટિ કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે. કિરણ-૪૫

- ઉપાસના સમજ્યો હોય એને જીવકોટિ અનાદિ છે; ઈશ્વરકોટિ અનાદિ છે; બ્રહ્મકોટિ અનાદિ છે; અને પરબ્રહ્મ અનાદિ છે. અને સમજનારો પોતે આત્મા પણ અનાદિ છે. મહારાજ કહે કે ઉપાસનાની વાત સુધી અટપટી છે. તે કહેતાં પણ બીક લાગે છે કે, મૂળગેથી જાશે તો. કિરણ-૪૫
- વર્તમાન વિના ગમે એટલી વાતુ કરીએ પણ કોઈ વ્યસનનો, સ્વભાવનો ત્યાગ ન કરે અને આ સાધુ વર્તમાનવાળા છે તો એનાથી વ્યસન ત્યાગ કરે છે. કિરણ-૪૬
- સ્વભાવને રોકે ઈ બહુ સરસ ગણાય. પણ રોકનાર તો ગોતવા જાઈ તોય ન મળે.કિરણ-૪૬
- એમ કહેવાય છે, સ્વભાવ મેલે અને મેલાવી દે છે ત્યાં જ કલ્યાણ છે. કિરણ-૪૬

- અક્ષરધામનો મુક્ત હોય ને કુસંગ કરે ને સાધુ સમાગમ ન કરે તો એને પણ ત્રણ જન્મ લેવા પડે ને જડ સંજ્ઞાને પામી જાય. કિરણ-૪૬
- સ્વભાવને ઓળખી શકે તો જ ભગવાનની પરીક્ષા થાય. પૃથ્વીરૂપ સ્થાન છે તેને વિષે તે છે તેના સ્વભાવને જાણી શકે તો જ બંધ બેસે. કિરણ-૪૭
- પક્ષ તો ભક્તનો જ રાખવાનું કહે છે. ભગવાન તો ભગવાન જ છે. કિરણ-૪૭
- જેમ સ્ત્રીમાં પુરુષને હેત છે ને પુરુષમાં સ્ત્રીને હેત છે. તે સ્વભાવિક છે. તેમ ભગવાનમાં સ્વાભાવિક પ્રીતિ થાય તો પછી કાંઈ કરવું રહેતું નથી. કિરણ-૪૭
- આત્મસત્તારૂપ થઈને કે બ્રહ્મરૂપ થઈને જો પ્રીતિ કરે તો એ પ્રીતિમાં બીજાં સાધનની અપેક્ષા રહેતી નથી. કિરણ-૪૭
- ભગવાનમાં હેત કરતાં જો ધર્મ આડો આવે, ભક્તિ આડી આવે, તપ આડું આવે. આત્મનિષ્ઠા આડી

આવે. વૈકુંઠનો મુક્ત છે. ગોલોકનો મુક્ત છે. આ લોકનો મુક્ત છે. શ્વેતદ્વિપનો મુક્ત છે. કિરણ-૪૭

- સ્થૂળદેહમાં વરતે ત્યારે જ સૂક્ષ્મદેહમાં કર્મ લાગે છે. પણ જો સ્થૂળદેહનાં ઘાટને વિસારી દે તો સૂક્ષ્મદેહનાં કર્મ લાગતાં નથી. એ સ્વરૂપ વ્યતિરેક છે. કિરણ-૪૭
- જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે એવો જો પોતાને સમજવાનો આગ્રહ થાય તો કાંઈ કરવું રહે નહીં. જેવા બીજાના દોષ દેખાય છે એવા પોતાના દોષ દેખાય તો કાંઈ કરવું રહે નહીં. કિરણ-૪૭
- સુખમાં દુઃખ દેખાય એ જ્ઞાનનું સ્વરૂપ ને દુઃખમાં સુખ દેખવું એ વૈરાગ્યનું સ્વરૂપ છે. કિરણ-૪૭
- ભગવાનની સ્મૃતિએ સહિત કરવું એ નિર્ગુણ. ભગવાનને ભૂલીને કરવું એ સગુણ. ભગવાનની સન્મુખ ચાલવું એ નિર્ગુણ ને ભગવાનથી અવળે રસ્તે ચાલવું એ સગુણ. ભગવાનને સંભારીને સ્નાન

કરે તો નિર્ગુણ સ્નાન. ભગવાનને ન સંભારે તો લોહીનું સ્નાન. કિરણ-૪૮

- એકાંતિક ભક્ત છે એ પૃથ્વી ઉપર નથી, અક્ષરધામમાં જ છે. અને દેહાત્મબુદ્ધિ સોતો ભજન કરે છે તે પૃથ્વી ઉપર છે. કિરણ-૪૮
- ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમેયુક્ત વૃત્તિ અને ભજનનાં કરનારામાં વિચારેયુક્ત વૃત્તિ રાખે. બ્રહ્માદિક જો આવી સ્થિતિમાં નો'તા વર્ત્યા તો એને ભૂંડા દેશકાળાદિકે કરીને પરાભવ થયો. કિરણ-૪૮
- નારદજી જેવો ગુણિયલ હોય પણ જો ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે. કારણ કે એ ગુણ સત્ત્વગુણમય, માયામય છે. સત્પુરુષની આજ્ઞાથી જ ત્રણગુણથી પર ગુણ પ્રાપ્ત થાય છે. કિરણ-૪૮
- ભગવાનને પ્રતાપે કરીને, ભગવાન તેના ભક્ત તેનું પણ કર્યું થાય છે. કિરણ-૪૮

- ગમે એટલું તપ કરીએ પણ સ્વામિનારાયણની મોજડી ઉપાડવા મળે તોય સારું ગણાય. કિરણ-૪૮
- જ્ઞાનની સ્થિતિ બહુ જબરી છે. આત્મનિષ્ઠાની સ્થિતિ છે, ધર્મની સ્થિતિ છે, વૈરાગ્યની સ્થિતિ છે પણ જ્ઞાનની સ્થિતિ તો ઓર છે. બીજા છ ધામ તેના મુક્ત છે. કિરણ-૪૯
- આવી સ્થિતિ થાવાનું સાધન શું છે ? તો જેવી પ્રગટ પ્રમાણ ભગવાનની મૂર્તિ છે, તે મૂર્તિ તેનું ધ્યાન કરે તો એવી સ્થિતિ થાય. કિરણ-૪૯
- જ્ઞાન થાય ત્યારે આ જીવ ઘરડો થાય છે. કિરણ-૪૯
- અક્ષર, મુક્ત અને પુરુષોત્તમ ત્રણેય પાસેથી એક જ વસ્તુ મળે છે. ત્રણેય આ બ્રહ્માંડ તેથી પર છે. એકને સમજો બીજી બેય વસ્તુ સમજાય જાય પણ અક્ષરને સમજો તો જ પુરુષોત્તમ જણાય એમ નથી. મુક્તને જાણો તો જ પુરુષોત્તમ જણાય એમ પણ નથી. એક જાણીએ એટલે બીજા એ જણાય જાય

છે. આ વાત વચનામૃતમાં મજબૂત છે. એમાં ભેદ તો બહુ છે. પુરુષોત્તમ અક્ષરધામમાં ને અક્ષરની વડાઈને મુક્તની વડાઈ. અક્ષરધામ, લોકાંતર અને પૃથ્વી છે. બ્રહ્મરૂપ ન થાઈએ ને પુરુષોત્તમને જાણીએ તો એક વસ્તુ ખંડન થઈ જાય છે. કિરણ-૪૯

- ભગવાનના ભક્ત સાથે બેસવું એકબીજાનો મહિમા સમજવો. પાછી વૃત્તિ ભક્તની કહેવાય અને બહાર વૃત્તિ અસુરની કહેવાય. કિરણ-૪૯
- પોતાનો અવગુણ લેવો અને બીજા ભગવાનનાં ભક્તનો ગુણ લેવો. કિરણ-૪૯
- કુત્સિત વાણીને ગ્રહણ કરવી પણ સોજાળી વાણીને ગ્રહણ ન કરવી. જ્યારે આપણા સ્વભાવનું ખંડન કરનાર, તેમાં હેત છે; પ્રકાશ થયો કહેવાય છે. કિરણ-૪૯
- વઢે છે એ જ મારો મિત્ર છે ને વખાણે છે એ જ મારો શત્રુ છે. મુક્તાનંદસ્વામી જેવો હોય ને જો

જાપરો રાખે એનો સંગ તેનો પણ ત્યાગ કરવો. કિરણ-૪૯

- પદાર્થનો જોગ થાય ત્યારે જો ભૂંડા ઘાટ થાય તો એ મનનો જ વાંક છે. અને જેને સદાય ભૂંડાં ઘાટ થયા કરે તો એને એ જીવનો જ વાંક છે. કિરણ-૪૯
- ભગવાનના ભક્ત તેની સાથે રહેવું, એજ જીવ, તેને બળ પમાડવાનો ઉપાય છે. કિરણ-૫૦
- જો સત્સંગનાં સુખથી છકી જાય તો અગ્નિમાં બીજ નાખ્યા જેવું છે. પણ જો અપૂર્ણપણું મનાય જાય તો ખારા પાટમાં બીજ વાવ્યા જેવું છે. માટે આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી એનાં પુન્યનો પાર નથી. કિરણ-૫૦
- સાંખ્યવિચારથી પણ જીવને બળ પ્રાપ્ત થાય છે. કિરણ ૫૦
- ભગવાન અને ભગવાનના ભક્ત તેમાં પ્રીતિ ને એની સેવામાં વેગમાન શ્રદ્ધા વર્તે ત્યારે પણ જીવ

બળને પામે છે. કિરણ-૫૦

- આ સંતનાં મધ્યમાં દેહ ધરીને ભગવાન અને ભગવાનના ભક્ત ભેળું રહેવું એનાથી આ જીવનું રૂડું થાય છે એવું કોઈ સાધનથી થાતુ નથી. ભગવાનના ભક્તનો મહિમા એવો જબરો છે કે, અંતકાળે કોટિ વીંછીની વેદના હોય ત્યારે ભગવાનના ભક્ત સાંભરે કે દર્શન થાય તો આ જીવનું બહુ રૂડું થાય અને એ તે જીવને બળ પામવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. કિરણ-૫૦
- ભગવાનનો આશરો છે એમાં બધાય સાધનનો સમાસ થઈ ગયો. કિરણ-૫૧
- ભગવાનના ભક્તને પ્રારબ્ધ ન ભોગવવું પડે. એને તો ભગવાનની આજ્ઞામાં ભંગ થાય એનું દુઃખ ભોગવવું પડે છે. કિરણ-૫૧
- સાધારણની આજ્ઞા લોપીએ તો દુઃખ થાય છે. તો આ તો અવતારીની આજ્ઞા છે. એને લોપવાથી દુઃખ

થાય જ. કિરણ-૫૧

- વચનામૃતનો શબ્દ યાદ નથી રહેતો કારણ કે એ બ્રહ્માંડથી પર છે. આ બ્રહ્માંડથી પર હોય એને વચનામૃતનો શબ્દ યાદ રહે છે. કિરણ-૫૧
- માગ્યા વિના મળે છે એ નિર્લેપનું એંધાણ છે. કિરણ-૫૧
- એક ભગવાનની મોટાઈ સમજે, બીજું ભગવાનની ઈચ્છા સમજે, એવો ભક્ત હોય તેના ધર્માદિક તેની રક્ષા તો ભગવાન પોતે જ કરે છે. એવો ભક્ત છે, તેને ધક્કા મારીને ભગવાન અક્ષરધામમાં લઈ જાય છે. કિરણ-૫૧
- ત્રીસ લક્ષણેયુક્ત જે સંત તેનો જે સંગ તે મન, કર્મ, વચને કરીને રાખે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તે સંગમાં આવી જાય છે. કિરણ-૫૧
- જીવનાં કલ્યાણને માટે સર્વ જનના નયનગોચર પૃથ્વી ઉપર અત્યારે તે જેવા આત્યંતિક કલ્યાણને

અંતે પણ રહે છે. માટે તે સમજવું એ જ ભક્તિ છે. કિરણ-૫૧

- દુર્લભમાં દુર્લભ તે ભક્તિ છે. દુનિયામાં જેટલી વસ્તુ છે તે બધી વસ્તુ કરતાં આ ભક્તિ અધિક છે. કિરણ-૫૧
- એક તો પોતાનાં બાહુબળે કરીને કલ્યાણ ઈચ્છે છે, ને એક તો ભગવાનને પ્રતાપે કરીને કલ્યાણને ઈચ્છે છે, એવો બુદ્ધિવાળો છે. કિરણ-૫૧
- ભક્તિ એટલે નીચો હાથ રાખો; દાસ થઈને રહેવું. કિરણ-૫૧
- એક કથા-વાર્તા કરે છે ને એક કથા-વાર્તા નથી કરતો. ખાધા-પીધાની; સુખ-દુઃખની અને દેહની ખબર નથી રહેતી. તે કથા-વાર્તા નથી કરતો તોપણ સારો છે. કિરણ-૫૨
- એકને માટે નિયમ સત્ય છે ને એકને માટે નિયમ સત્ય નથી. સવિકલ્પસમાધિ ને નિર્વિકલ્પસમાધિ

તે છે. કિરણ-પ૨

- નાદરજી જેવો ગુણવાન હોય પણ ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે. કિરણ-પ૨
- ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિ એને અર્થે કાંઈ સેવા કે એને રાજી કરવા માટે કાંઈ ક્રિયા કરવી તો એનાથી જીવનું પરમ કલ્યાણ થાય છે. કિરણ-પ૨
- પોતે અત્યંત ત્યાગી હોય એની પાસે પ્રવૃત્તિમાર્ગની ક્રિયા કરાવીએ તો રાજી થકો કરે પણ મૂંઝાઈને ન કરે આવું લક્ષણ હોય તો યથાર્થ નિશ્ચયમાં પહેલું લક્ષણ છે. અક્ષરનું સુખ છે. કિરણ-પ૨
- ભગવાનના ભક્ત રૂખડીયા હોય પણ ભગવાનને બહુ વહાલાં છે. કિરણ-પ૨
- સાચો થઈને મંડે તો ભગવાન દર્શન દીધાં વિના રહે જ નહીં પણ આ દેહનો ઘોઘો રાખીને કામ કરે છે. કિરણ-પ૨
- કોઈ રીતે ઘાટની નિવૃત્તિ ન થાય પણ આ સત્સંગમાં

તાત્કાલિક ઘાટની નિવૃત્તિ થાય છે. જેમ મહારાજનું સ્વરૂપ નિર્ગુણ છે. મોટા સાધુને પણ નિષ્કામી, નિર્દોષ સમજવા. જો નિષ્કપટ થાય તો બ્રહ્મરૂપ થયા વિના રહે જ નહીં પણ આ જીવ બ્રહ્મરૂપ થાવા માટે નિષ્કપટ થાતો જ નથી. કિરણ-૫૨

- મહારાજ તથા મોટા સાધુનો માહાત્મ્યજ્ઞાન સહિત નિશ્ચય થયો હોય એ જ આ સત્સંગને જાળવી શકે. તેની જેને ઓળખાણ થઈ તેના બેય પગલાં અક્ષરધામમાં છે. આપણી બુદ્ધિ તેમાં માયિકભાવ છે તે માયિકભાવ ટળી જાય તો બ્રહ્મરૂપ થવાય. કિરણ-૫૨
- આશરા વિનાના નપુંસક છે. આશરો નથી તો ઉતારો ક્યાં કરીશું માટે છેલ્લો જન્મ કરી લેવો. પ્રકૃતિના કાર્યમાં મને કરીને ક્યાંય માલ ન માનવો.કિરણ-૫૨
- ભગવાનની દયા સામુ જોઈ તો આપણું કલ્યાણ

થવામાં જરાય વાંધો નથી. અને આપણી પ્રકૃતિ સામુ જોઈ તો કલ્યાણ થાશે જ નહીં. કિરણ-૫૩

- આપણે ભગવાનને સંભારીએ ત્યારે થાક ઊતરી જાય તો ઠીક લાગે છે. અને તે સિવાય તો શરીર શિથિલ રહે તો ઠીક લાગે છે. કારણ કે શરીર શિથિલ વરતે તો પાછી વૃત્તિ વર્તે. કિરણ-૫૩
- આ દુનિયામાં પોતાનું સુધારતા કોઈને ન આવડે. પોતાનું સુધારે એના ઉપર બધાય રાજી થાય. ને પોતાનું ન સુધારે એના ઉપર બધાય કુરાજી થાય. કિરણ-૫૩
- હવે તો થોડોક દિવસ રહ્યો છે. મરી જાવું એ તો નક્કી જ છે. કિરણ-૫૩
- જીવ જ્યારે સત્તારૂપ થાય ત્યારે જ ભગવાનનો ભેટો થાય. કિરણ-૫૩
- ભગવાન સિવાય બીજાનો ઓથ-આધાર મટી જાય ત્યારે ભગવાન મળે. કિરણ-૫૩

- સત્સંગનો સમૂહ જોઈને ટકાઈ તો તો કાંઈ વાંધો નથી. પણ ખાધા-પીધાની લાલચ્યે કે સારાં-સારાં પદાર્થની લાલચ્યે સત્સંગમાં રહેશું તો બહુ ખોટ્ય જાશે. એ તો વાસીદામાં સાંબેલું ગયું એટલી જ ખોટ્ય. માટે કોઈની સામુ ન જોવું; આપણે આપણું સુધારી લેવું. ભજન નથી કરતાં એ તો કરીને આવ્યા છે એમ માનવું. કિરણ-૫૩
- ઘાટની નિવૃત્તિ થયાનું ઠેકાણું દુનિયામાં કયાંય નથી. એની નિવૃત્તિ આ સત્સંગમાં થાય છે. એવો સત્સંગનો મહિમા છે. જે ગુણના ઘાટ થાય છે તેની સામે દૃષ્ટિ રાખે ને સત્સંગમાં જે વાત થાય છે એને ધાર્યા વિચાર્યા કરે, તો ઘાટની નિવૃત્તિ થાય છે. કિરણ-૫૩
- આ જ્ઞાન સાંભળીને જાય છે તેને કોઈ પૂગતા નથી, એમ આપણું બળ છે. પણ આપણને આપણાં બળની ખબર નથી. કિરણ-૫૩

- જ્યારે એ જીવ બ્રહ્મસન્મુખ દૃષ્ટિ કરે ત્યારે એ જીવ બ્રહ્મરૂપ થાય. કિરણ-૫૩
- સ્વામિનારાયણના ભક્ત અને બીજા ભક્ત એમાં ઘણો જ ફેર છે. સ્વામિનારાયણના ભક્ત તપ કરે એની બીક બીજા લોકના મુક્તને લાગતી નથી. કારણ કે, સ્વામિનારાયણના ભક્ત નિષ્કામ છે. એ કોઈની મોટાઈ ઝૂંટવી લ્યે એવા નથી. કારણ કે, સ્વામિનારાયણના ભક્ત એ કાંઈ આલોકનું સુખ ઈચ્છતાં નથી. કિરણ-૫૩
- ભગવાનના ભક્તને તો જગતનાં પંચવિષય તેમાં વૃત્તિ રાખવી કઠણ પડે. જુઓ, એના ઈંદ્રિયો જ એવાં થઈ ગયા. અરે ભાઈ ! અત્યારે એવું થાવાનો સમય આવ્યો છે. અક્ષરધામમાં અહીંથી જવાય છે. અક્ષરધામમાં જવાય એવા સ્વભાવ અહીંયાં થાય છે. આ કર્મક્ષેત્ર છે એટલે એમ છે. સમય આવ્યો છે તેને વધાવી લેવો. ગયો સમય પાછો

આવવાનો નથી. માટે દેહ છતાં જ અક્ષરધામમાં રહેવાય એવા સ્વભાવ કરવા. કિરણ-૫૩

- અંતરમાં શાંતિ હોય ને કોઈ વચન મારે તો ભડકો થાય, તો એ ઈંદ્રિયના અંતને પામ્યો નથી. ટાઢું-ઉનું, ખાટું-ખારું એનો વિભાગ ઈંદ્રિયોને આળસી જાય. તો ઈંદ્રિયો નિ'મમાં આવી કહેવાય. કિરણ-૫૩
- સત્પુરુષની આજ્ઞામાં વરતાય તો જ આ લોકનું બંધન ન થાય. નહીંતર જરૂર બંધન થાય આપણે તો ભગવાનના ભક્ત સંગાથે આત્મરૂપ થઈને હેત કર્યું છે, પણ દેહરૂપ થઈને હેત કર્યું નથી. લાખ વરસ તપ કર્યું હોય ને રાફડો થઈ જાય તોય લેખે ન લાગે. કારણ કે, સ્વભાવ રહી ગયો.એમ અક્ષરધામમાં ગયા પછી સ્વભાવ હેરાન ન કરે, ધ્યાન રાખજ્યો. કિરણ-૫૪
- આ લોકનાં પદાર્થ અસાર છે, નાશવંત છે. કિરણ-૫૪
- સત્તારૂપ રહેવું એ સુખદાયી છે પણ એથી બીજાની

આજ્ઞામાં રહેવું એ વિશેષ સુખદાયી છે. ઓલી આત્મનિષ્ઠા છે પણ આ આત્મનિષ્ઠા ઓર તરેહની છે. કિરણ-૫૪

- નિર્વાસનિક જે ભગવાનના ભક્ત એ જ અમને વહાલાં છે. કિરણ-૫૪
- જો ઉપાસના હશે તો અક્ષરધામમાં આબરૂ રહેશે. અક્ષરધામમાં આબરૂ નહીં વધે પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠા છે બીજા લોકમાં આબરૂ વધશે. કિરણ-૫૪
- આપણાં સાચાં ઘરેણા તો ભગવાન છે, અને ભગવાનના ભક્ત જ છે. ભગવાનની મૂર્તિ હાથમાં હશે તો જ અક્ષરધામમાં જવાશે. કિરણ-૫૪
- જેટલી વૃત્તિ ટૂંકી થાય છે એટલી વધે છે. ઈંદ્રિયની શક્તિ જગત પદાર્થમાં ઈંદ્રિયની વૃત્તિ વેગ કરે છે. એમ ટૂંકી થાય છે. કિરણ-૫૪
- ભગવાનનું સ્વરૂપ સર્વપ્રકારે નિર્દોષ જાણવું.

ભગવાનનો જન્મ, ભગવાનની લીલા, ભગવાને જે કાંઈ કર્તવ્ય કર્યું તે બધુ નિર્દોષ છે. તો ભગવાનની આજ્ઞા પાળતા હોય એ તો નિર્દોષ જ છે. કિરણ-૫૪

- વચનામૃતની વાત છે એ જ વાત છે. બીજી વાત તો ઢૂંસાની પરાણ છે. કિરણ-૫૪
- અસાધારણ ભક્તિ તેમાં જ ઉપાસના આવી જાય છે. કિરણ-૫૫
- ઝાઝા ધર્મથી, ઝાઝી ભક્તિથી, ઝાઝા દંડવતથી, ઝાઝી માળાથી, સુખ ખૂબ થાય, પણ માયાને તો, તો તરાય છે તે ભગવાન તેમાં માયા દેખાય તોપણ સંશય ન થાય. પણ ઓલ્યાથી માયાને તરાતું નથી. કિરણ-૫૫
- વાત આપણે સમજવી હોય તો સામાનો ગુણ લેવો ને બીજાને સમજાવવી હોય તો આપણે વર્તવા માંડવું. કિરણ-૫૫
- ભગવાનનું ચરણ આવીને ગ્રહણ કરે એને

કામક્રોધાદિક નડી શકતા નથી. કિરણ-૫૫

- ઈંદ્રિયો તેને પ્રિય હોય સ્વાભાવિક એ જગત સંબંધી કહેવાય. અને ઈંદ્રિયો તેને જોડે ત્યારે માંડ માંડ જોડાય એ ભગવાન સંબંધી પંચવિષય કહેવાય. ને વૃત્તિ ટૂંકી થાય ને શક્તિ વધે. નાથભક્ત બુદ્ધિવાળા અને દીવાનજી મૂરખ. કિરણ-૫૫
- એકોતેર અવતાર ધારણ કરીએ તોપણ ઉપાસના તેની વાત તેની નિવૃત્તિ આપણાથી ન થાય. કિરણ-૫૫
- ભગવાનને ફક્ત મોક્ષ માટે જ સંભારવા. જેને જોવાથી ભગવાન સાંભરે એવાને મળવું. જેની સામું જોવાથી ભગવાન ભૂલી જવાય એવાનો ત્યાગ કરવો. માટે ભજન કરજ્યો. તે કેવળ ભગવાનને રાજી કરવા માટે જ. કિરણ-૫૫
- એકની સાથે એવો જીવ બાંધવો કે આપણી ખોટ્ય કાઢે. આપણને રોકે, આપણી ભૂલ્ય કાઢે એવો ક્યાંથી મળે. વઢીને કામ લેતો હોય એની સાથે

જીવ બાંધવો. વખાણીને કામ લેતો હોય એની સાથે જીવ ન બાંધવો. કિરણ-૫૫

- ગુણાતીતાનંદસ્વામી કહેતા કે, અમે બધાને દર્શન દેવા જાઈ છીએ. પણ કમીગઢના રૈયા દેસાઈ, ગામ ચાડિયાના રામ ભંડેરી, હામાપુરના કરશનભાઈ બાંભણિયા, બગસરાના વેલાભાઈ સથવારા, આ ચાર જણાના અમે દર્શન કરવા માટે જાઈ છીએ. કિરણ-૫૫
- સાધુનો સંગ કરે તો માયાનું બંધન કાપતાં આવડે. શબ્દ આકાશનો ભાગ થઈ જાય. કિરણ-૫૫
- વચનામૃતની વાત તો ઈંદ્રિયોને પાછી વાળવાની છે. ઈંદ્રિયોને રોકવાની છે. ઈંદ્રિયોને ડાટો દેવાની છે. ઈંદ્રિયોને છિન્નભિન્ન કરવાની છે. ઈંદ્રિયોનાં દ્વાર બંધ કરવાની છે. કિરણ-૫૫
- એકાંતિક ક્રિયા કરાવે તો ક્રિયારૂપ ન થાવા દ્યે. ને સાધારણ ક્રિયા કરાવે, પણ ક્રિયારૂપ થઈ જવાય

છે. કિરણ-૫૫

- પૂર્વે જેણે સંત તેના દર્શન, સેવા કર્યા હોય એને નિશ્ચયમાં ડગમગાટ ન થાય. આ લોક છે એટલે કામાદિકનો સંકલ્પ તો થાય પણ નિશ્ચય ન મટે. કિરણ-૫૫
- એકવાર ભેળાં થાઈએ ત્યાં જ હેત થઈ જાય, પૂર્વનું હેત છે. ગમે એટલા વરસ ભેળાં રહેને તોપણ હેત ન થાય, એમ આ જન્મનું હેત છે. કિરણ-૫૬
- જેને મહિમાપૂર્વક નિશ્ચય થયો હોય એને કાળનો, કર્મનો, માયાનો સ્વભાવનો ભય ન હોય. આ દેહમાં જ સ્વભાવ છે તોપણ ભય ન લાગે. કિરણ-૫૬
- જેમ લુવાર ધગેલાં લોઢાને સાણસાથી પકડે છે એમ તમારે ગૃહસ્થોએ ભગવાનની આજ્ઞારૂપી સાણસામાં રહીને વિષય ભોગવવા. પ્રયોજન માત્ર ભોગવવા. કિરણ-૫૬
- પંચવિષય આપણા માટે કર્યા નથી. એવા માયાવી

જીવ માટે કર્યા છે. કિરણ-૫૬

- ભગવાન સંબંધી પંચવિષય અક્ષરધામના મુક્ત માટે કર્યા છે. બ્રહ્મરૂપને માટે છે. અક્ષરધામની માન્યતાવાળા માટે છે. તેથી પંચવિષય સમજવા જેવાં છે. ભગવાન સંબંધી પંચવિષય સમજાય અને એની કિંમત થઈ તો ભવસાગરનો અંત આવી ગયો. આપણે તો આ સત્સંગને પ્રતાપે કરીને વધતા જાઈએ છીએ. કેટલાકને ઝાઝા દિવસ ભેળાં રહે એમ હેત વધતુ જાય ને કેટલાકને ભેળા રહે એમ હેત ઘટતું જાય. કિરણ-૫૬
- ટેમ આવ્યો છે ભગવાન ભજવાનો. માટે ભજી લેવા. સાચા ભાવથી કરો તો ભગવાન બહુ રાજી થાય. આ લોકમાંથી વૈરાગ રાખવો. કિરણ-૫૬
- વિષયમાં આસક્તિ છે એ જ સુષુપ્તિ રૂપ માયા છે. એનાથી જીવને કાંઈ ભાન રહેતું નથી. જેને પોતાનાં કલ્યાણની ઈચ્છા હોય એને કોઈ પ્રકારનું મનમાં

માન રાખવું નહીં. નિર્માની થઈ જાવું દાસાનુદાસ થઈને રહેવું. કિરણ-૫૬

- બીજાને વાત કરીને સમજાવીએ એટલી જો પોતાની ખામી જુવે તો કાંઈ કરવું ન રહે. બીજામાં દોષ જોઈ તો એ દોષ આપણામાં આવે છે. પણ આ જીવને પોતાના જ ગુણ દેખાય છે. પણ ભગવાનના ભક્ત તો અક્ષરધામના ભોમિયા છે. માટે એનો અવગુણ ન લેવો. માટે સ્વભાવ એક દિવસે મૂકાતો નથી; બહુ દિવસે સ્વભાવ જાય છે. આ સત્સંગ દર્પણતુલ્ય છે. જીજ્ઞાસુ મુમુક્ષુ હોય ને સંત મળે તો સ્વભાવ ટળે. આગળ રાફડા થઈ ગયા પણ કાંઈ ન થયું, ને આ જ ભાવના થઈ એટલે ભગવાન સત્સંગમાં છે. ભાવના છે એ જ ભૂખ જાગી કહેવાય. ભાવના જાગે તો ભગવાન તેને વશ થઈ જાય છે. ને તેને મળે છે. કિરણ-૫૬
- આપણો સ્વભાવ આ સભામાં નહીં કહીએ તો

અક્ષરધામમાં કેમ જવાશે ? મોટાપુરુષ રાજી કેમ થાય ? તો મોટાપુરુષ પાસે નિષ્કપટપણે વર્તે. માન ટળે ભાવ રહે. દેહે કરીને સર્વ સંતને નમતો રહે. એને ખપવાળો કહ્યો છે. કિરણ-૫૬

- ભોવાયા ભેળા થાય છે પણ એમાં પોતાપણું મનાતું નથી. એમ આપણાં ઘરમાં ભોવાયાની પેઠે ખેલ નાખવા ભેગાં થયા છીએ. કિરણ-૫૬
- જેને ભગવાનના ભક્ત તેનું ધાર્યું કરવાની ટેવ પડી એના સ્વભાવ નાશ થાય છે. ત્યારે સ્વામીએ કહ્યું કે, છે તો એમ જ પણ ભગવાનનો ભક્ત છે કે નહીં એની બાપડાને ગમ નથી. મરીને આના ભેળું રહેવું છે એમ થાય તો ભક્તની પાસે ધાર્યું થાય. આપણે ખપવાળા થાઈએ તો આ સાધુ આપણને આત્માનું સુખ અને ભગવાનનું સુખ આપી દે એવા છે. કિરણ-૫૬
- ભગવાનના ભક્ત તેને અરથે પ્રવૃત્તિ કરવી ને ભીડો

સહન કરવો એ જ નિવૃત્તિ છે. કિરણ-૫૬

- જડભરત, શુકદેવજી આદિક વનમાં તપ કરે છે, ટાઢ, તડકો, ભૂખ, તરસ તેને સહન કરે છે. બાજંદરાજાનો વૈરાગ્ય જબરો પણ એકલો ગયો. આપણે તપ, વૈરાગ્ય, આત્મનિષ્ઠા રાખી શકીએ નહીં. પણ આ ભગવાનના ભક્ત તેના ભેળા રહેવા દે તોપણ ઘણું. તે કરતાં પણ મોટી પ્રાપ્તિ છે. કિરણ-૫૬
- ભગવાનના ભક્ત તેની સેવા કરીએ તો દેહને થાક લાગે પણ જીવમાં બળ આવે છે. સભામાં નિષ્કપટ થાવું એ દોષને ફટકો માર્યો કહેવાય. કિરણ-૫૬
- સત્તારૂપે રહેવું એના કરતાં ભગવાનના ભક્ત તે ભેળું રહેવું, એને અર્થે કાંઈ સેવા બની આવે, તો તે શ્રેષ્ઠ છે. કિરણ-૫૬
- ભગવાનના ભક્ત તેની આગળ કાંઈ સાધનની તેવડ ઘટતી નથી. આપણે પથ્થર છીએ ને એ તો વહાણ છે. સ્થૂળદેહમાં વરતે ત્યારે સૂક્ષ્મદેહને

વીસારી દેવું. ને સૂક્ષ્મદેહ તેમાં વર્તે ત્યારે સ્થૂળદેહને વિસારી દેવું. કિરણ-૫૬

- પંચવર્તમાનમાં ફેર હોય તો અવગુણ લેવો. પણ મોટામાં પંચ વર્તમાન તેની ખોટ્ય તો ન હોય. માટે દેહનો સ્વાભાવિક અવગુણ લે છે. માટે તે અવગુણ ન લેવો એની વિગત; ગુણ ઘણા હોય ને અવગુણ થોડા હોય. માટે એના ગુણ વિચારવા. પાંચ સામે પચાસ લડવા આવે તો પાંચ હઠી જાય; તેમ છે. આપણે એકલાં જ અવગુણ લઈએ છીએ. પણ બધાંય અવગુણ લેતા નથી. માટે એકલાં તો વેખલાં કહેવાય. કિરણ-૫૭
- ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર સહિત ભાગવતધર્મ કહેવાય છે. એણે યુક્ત જે સાધુ એના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે. આ લોકમાં અને પરલોકમાં સુખિયો પણ ત્યાંથી થાય છે. ગરીબ રાખ્યા છે તે ભગવાન ભજવા માટે જ.

પૃથ્વીનું રાજ મળ્યું હોય તો ક્યાંય દુઃખી થાત. મહારાજ સિવાય બીજો કોઈ ભગવાન નથી અને આવા સાધુ બ્રહ્માંડમાં નથી. માટે મળ્યા છે એ મૂકે એવા નથી. કિરણ-૫૭

- દૃઢતા ભગવાન અને મોટાના રાજીપાથી દૃઢતા એમ ને એમ રહે. કિરણ-૫૭
- સ્વામિનારાયણ ભગવાને પણ શંકર-પાર્વતી પાસેથી અને સૂર્યનારાયણ પાસેથી વૈરાગ્યની દૃઢતા માગી છે. આશીર્વાદનું પાત્ર હોય એને દેશકાળ લાગતો નથી. કિરણ-૫૭
- આડો અવળો તરી ન જાય એના ઉપર મોટા રાજી થાય છે. હોય કાંઈ ને બતાવે કાંઈ. ભગવાન પાસે કપટ રાખે તો મોટા રાજી ન થાય. એની આગળ શું આપણે ચતુરાઈ કરીએ ? શું હોંશીયારી બતાવીએ ? કારણ કે એ તો બધુંય જાણે જ છે. મોટાનો રાજીપો હોય એને જેમ છે એમ દૃઢતા

રહે છે. ને મોટાનો રાજીપો ન હોય એ ગમે એવો મોટો હોય પણ પાડી દ્યે છે. એની ક્રિયામાં અરુચિ હોય તો ઉત્તમ દૃઢતાને પણ ટાળી દ્યે છે. કારણ કે ગુણમાં દોષ તેનું આરોપણ કરવા રૂપ અસૂયા છે. ઈંદ્રિયોનાં ગળામાં હાથ નાખીને બેસે તો સારા દેશકાળમાં પણ દૃઢતા રહેતી નથી. ગમે એવો ધર્મવાળો હોય, ગમે એવો વૈરાગ્યવાળો હોય, ગમે એવો તપસ્વી હોય, પણ એને ખરાબ દેશકાળ ઉડાડી દ્યે છે. કિરણ-૫૭

- ભગવાનના ભક્ત તેનો દ્રોહ કરે તો ગુણમાત્ર દોષરૂપ થઈ જાય છે. કિરણ-૫૭
- ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહાત્મ્ય એ બે મોક્ષના અસાધારણ હેતુ છે. ભગવાન કહે તેમ કરવું ઈ માહાત્મ્ય છે. કિરણ-૫૭
- ભગવાનનું સ્વરૂપ તો ભગવાન જેવા છે એવા જ છે. કિરણ-૫૭

- આજ્ઞા જેટલી પાળે એટલી વાસના બળે. જે સ્વરૂપનો નિશ્ચય એની જ આજ્ઞા. નહીંતર જમુનાજીને કાંઠે ગોતવા જાવ તોય ન મળે. ભગવાનનાં સ્વરૂપની વાત તો કર્યા જ કરો તોપણ અંત જ ન આવે. કિરણ-૫૭
- અસાધારણ હેતનું કારણ મને મળ્યા એ જ નિશ્ચે ભગવાન છે. સર્વધામના પતિ છે. સર્વ જગત તેના કર્તા છે. આમ પ્રત્યક્ષ ભગવાન તેને જાણે. એની ઈચ્છા વિના કાંઈ થઈ શકતું નથી. કિરણ-૫૮
- વચનામૃતનો બહુ અભ્યાસ કરતાં કરતાં એના અર્થ સમજાય છે. પણ આ જીવ કાંઈ કરતો નથી ને ફક્ત જાડુ વાળવાની મજુરી સવા શેર સોનુ માગે છે. એમ આ જીવને કાંઈ કરવું નથી ને એમ કહે છે કે, ભગવાન મને અક્ષરધામમાંથી તેડવા આવશે. કિરણ-૫૮
- જાગ્રતમાં સુષુપ્તિ વર્તે એ નિર્મૂળ વાસના

કહેવાય. કિરણ-૫૮

- જગત કરતાં ભગવાનમાં વધારે હેત થાય ત્યારે વાસના જીર્ણ થઈ કહેવાય. કિરણ-૫૮
- આપણા સ્વભાવને ભગવાન કે સંત ખોદશે તો જરૂર વિમુખ થાશું. કિરણ-૫૮
- આપણે તો સો બસો માણસને પાંખમાં લઈને ઊડી જાઈ એવા છીએ એ કેમ ખબર પડે તો આપણો જે ગુણ લે, આપણને જે સંભારે એનું બધાનું કલ્યાણ થાય છે. કિરણ-૫૮
- વિષય પરાભવ પમાડતા હોય તોપણ પોતાને અક્ષર માનવું. બ્રાહ્મણને ઘરે જન્મ માટે બ્રાહ્મણ. સત્સંગ થયો ત્યારથી જ. સત્સંગ થયા પહેલા બ્રહ્મરૂપ નો'તા. કિરણ-૫૮
- ભગવાનની મોટાઈ કેમ સમજવી ? તો ભગવાન તેને ભજતા એવા; એની મોટાઈ, એના ગુણ, એની શક્તિ એમ સમજવું. કિરણ-૫૮

- અત્યંત ત્યાગી હોય એની પાસે પ્રવૃત્તિમાર્ગની ક્રિયા કરાવીએ તો રાજી થકો કરે એ એમાં મોટાઈ છે. કિરણ-૫૮
- સ્વભાવ છે છતાંય કથા વારતા કરે છે. શાસ્ત્ર તો ટોકે છે તોય સાંભળ્યા જ કરે. શાસ્ત્ર તો ગધેડાં જેવો કહે છે છતાંય કથાવાર્તા મૂકતો નથી એના ઉપર અમારે હેત છે કે વગર સંભાર્યો સાંભરે છે કારણ કે, વારંવાર કઠણ વચનના ડંખ માર્યા હોય છતાંય પાછો પડતો નથી તે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ તેમાં વગર સંભાર્યો સાંભરે છે. કિરણ-૫૮
- નિયમ પાળવા અને નિશ્ચય રાખવો એના કરતાં પક્ષ રાખવો. અધિકપણા તરીકે કઠણ છે. કિરણ-૫૮
- અજ્ઞાની જીવ છે તેને અંતસમે દેહની વિસ્મૃતિ થઈ જાય છે. ને મૂર્છાવસ્થા આવે છે. પછી એને જમના દૂત દેખાય છે. ને જીવને દેહથી જુદો પાડે છે. અને જ્ઞાની જે ભગવાનનો ભક્ત હોય એને પણ અંત

સમે દેહની વિસ્મૃતિ થઈ જાય છે. ને મૂર્છાવસ્થા આવે છે. પછી એને ભગવાન અને ભગવાનના ભક્ત તેનું દર્શન થાય છે. ત્યારે એ પરમપદને પામે છે. કિરણ-૫૮

- નિયમ ભક્તપણું છે. નિશ્ચય મુમુક્ષુતા જિજ્ઞાસુપણું ખપ છે. અને પક્ષ એ તો સમર્થપણું છે. એમાં ધર્મ આડો આવે છે. કિરણ-૫૮
- ભગવાનના ભક્ત તેનો પક્ષ ભગવાન સિવાય ન રાખી શકે. પાંડવોનો પક્ષ શ્રીકૃષ્ણે જ રાખ્યો. કિરણ-૫૮
- જેને જેનો સંબંધ હોય એના ગુણ એનામાં જરૂર આવે. કિરણ-૫૮
- આ સત્સંગમાં અહો અહો સરખુ જણાય તો અક્ષરનું સુખ ગણાય. કોઈને નથી મળ્યા એવા આપણને મળ્યા છે. કોઈ દિવસ પ્રાપ્તિ નથી થઈ ઈ પ્રાપ્તિ આજ આપણને થઈ છે. આ સંસારમાં

માલ મનાય તો માયાનું સ્વરૂપ છે. માલ ન મનાય તો વૈરાગનું સ્વરૂપ છે. પણ આટલું મનાય તોપણ કામ થઈ જાય. મળ્યા છે ઈ મૂકે એવા નથી. કિરણ-૫૮

- મોટાની જેમ ન વર્તાય તો અગિયાર નિયમ પાળવા. અગિયાર નિયમેય કાંઈ નાનાં નથી. અગિયાર નિયમમાં આખી શિક્ષાપત્રી આવી ગઈ. કિરણ-૫૮
- કોટિ સાધન કરે પણ આમ વાતુ કરવી ને સાંભળવી એની બરોબર્ય થાય નહીં. કારણ કે સાધન કરવા, સમજવા દેશકાળ ઉલ્લંઘવો એના કરતાં કથા વારતા કરવી સારી છે. કથા આપણું રક્ષણ કરે છે. આપણને વિઘ્ન કરનારા કથાનું નામ સાંભળીને છેટાં રહે છે. કિરણ-૫૮
- કોઈ દા'ડો આ જીવ પાછો વળ્યો નથી. આ લોકનાં સુખમાં દોટ મૂકી છે. ગડગડતી મૂકી છે. આ લોકનાં સુખ જેમ ભોગવશે એમ વાસના વધશે. આ લોકના સુખનો આધાર ન રાખવો પણ ભગવાન અને

ભગવાનના ભક્ત તેનો આધાર રાખવો. તો છેલ્લો જન્મ થઈ જાય. જો એમાં સુખ હોય તો આપણને ના શા માટે પાડે ? જો એમાં સુખ હોય તો મોટાંમોટાં પણ શા માટે ત્યાગ કરે ? ભાઈ, આ લોકમાં રહેવું ખોટું છે. પ્રકૃતિનાં કાર્યમાં કશુંય માલ નથી. આ લોકમાં કાંઈ સારું નથી. આ લોક એટલું સારું છે કે સાચા સંત તેના થકી અક્ષરધામમાં અહીંથી જવાય છે. બદરિકાશ્રમથી જવાતું નથી; ગોલોકથી પણ જવાતું નથી; શ્વેતદ્વિપથી પણ જવાતું નથી; વૈકુંઠથી પણ જવાતું નથી; સ્વર્ગથી પણ જવાતું નથી; ત્યાં તો અહીંથી જ જવાય છે; માટે છેલ્લો જન્મ કરી લેવો. આ લોકનું સુખ તો કાંટાવાળી ધૂડ્ય ફાંકવા જેવું છે. એમાં ક્યાંય માલ નથી. માટે ભગવાનને ભજી લેવા. કિરણ-૫૮

- ભગવાનનું સ્વરૂપ ઓળખવામાં આડું શું આવે છે ? પછી સ્વામીએ તેનો ઉત્તર કર્યો જે, મનુષ્યભાવ ને

સજાતીયભાવ ભગવાનનાં સ્વરૂપને સમજવામાં વિઘ્ન છે. કિરણ-૫૯

- મોક્ષનું અસાધારણ કારણ શું છે ? તો ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનાં સ્વરૂપનું માહાત્મ્ય છે. કિરણ-૫૯
- સત્સંગમાં છે છતાંય અયોગ્ય સ્વભાવ કેમ રહી જાય છે ? એને પૂરો સત્સંગનો ખપ જ નથી. સ્વભાવ ઉપર વેરબુદ્ધિ થાવી જોઈ. અને આપણને વેરબુદ્ધિ હોય તેમાં કોઈ વેર કરવામાં સહાય કરે એને પોતાનાં હિતકારી માને તો ભૂંડાં સ્વભાવ નાશ થયા વિના રહે જ નહીં. ને જો નાશ નથી થાતા તો સત્સંગનો પૂરો મહિમા સમજાણો જ નથી. કિરણ-૫૯
- ભગવાન મુળગી પોતાની સામર્થી છુપાવીને પ્રગટ થાય છે. પોતાની શક્તિ છુપાવી રાખવી એ જ એની મોટાઈ છે. એ જ એનો ઠેરાવ છે. અનુક્રમનો પણ કાંઈ મેળ નથી. એ તો પોતાની ઈચ્છા હોય ત્યાં

અવતાર ધારણ કરે છે. એમાં જો અલૌકિકપણું મનાય તો અહો અહો સરખું વર્તાય છે. એમ ભગવાનના જન્મ અને કર્મ દિવ્ય છે. એમ ભગવાન તેના પ્રતાપે કરીને ભગવાનના ભક્ત તેના પણ જન્મ અને કર્મ દિવ્ય છે. એમ મનાય તો કામ થઈ જાય. અકળ છે છતાંય આપણા સજાતીય તરીકે રહ્યા છે. આપણા મિત્ર થઈને રહ્યા છે. ભગવાન અનાદિ છે તેમ ભગવાનનો સંબંધ પણ અનાદિ છે. ભગવાનનું સ્વરૂપ અકળ છે એમ મનાય તો સંકલ્પની ધાણી ફૂટે છે તે નાશ થઈ જાય. છેલ્લો જન્મ થઈ જાય. અને કાળ, કર્મ, માયા એ પણ બંધન ન કરે. કારણ કે માયામાં આવે તોપણ માયામાં બંધાઈ નહીં. અને જો જાળકાતરણી માછલીની જેમ કરે. એમ ભગવાન અનો ભગવાનના ભક્ત આ ફાફડમાં આવવા ઈચ્છતા નથી. અને જો આવે તો અનેકને નિર્ગુણ કરી મૂકે.

ભગવાનના ભક્ત અલૌકિક છે એમ મનાય તો ભગવાનના ભક્તને ઓશિયાળા ન કરે. પણ પોતે ઓશિયાળો થાય માટે અહો ભાગ્ય છે. આવો જોગ થયો હવે મરવાનું પણ નથી. ભગવાન નો'તા મળ્યા ત્યારે પણ મર્યા નથી તો અત્યારે પણ ક્યાં મરવું છે. એમ માનીને ભગવાનના ભક્તને મગન રહેવું, નિધડક રહેવું, અને હિંમત સહિત ભજન કરવું અને નિશ્ચય તો જેવો નામનો, જાતનો છે એવો કરવો. ભાઈ બેનનો છે, સ્ત્રીપુરુષનો છે, પશુપક્ષીનો છે, એવો નિશ્ચય કરવો. ભગવાન તો જેવા અક્ષરધામમાં છે એવા જ પૃથ્વી ઉપર છે. ને જેવા પૃથ્વી ઉપર છે એવા જ અક્ષરધામમાં છે એવો નિશ્ચય કરવો. કિરણ-૬૦

- ભગવાનના અવતાર અનંત છે. ભગવાનની ભક્તિ કરે તે જ તેમાંથી ભક્ત કહેવાય છે. નહીંતર મનુષ્ય ભક્તપણાને પામતો નથી. કિરણ-૬૦

- જેના એક એક રોમને વિષે અનંતકોટિ બ્રહ્માંડ અણુની પેઠે ઊડતાં જ ફરે છે ને સદાય એક જ રૂપે છે એની સંકોચ વિકાસ અવસ્થા નથી. ભગવાન તેનું લક્ષણ છે. ભગવાને તેને ઈલ્કાબ આપી દીધો. સદા એક રૂપે જ વર્તે છે. એવી મોટાઈ તો અક્ષર તેને આપી દીધી. આપણું રાજ્ય લઈ લેશે એવી ભગવાનને બીક નથી. તેમ ભગવાનની મોટ્યપ એવડી જબરી છે. તો ભગવાનની મોટ્યપ તો બહુ જબરી છે તે કેમ કહેવાય. કિરણ-૬૦
- જ્યાં મનોમયચક્રની ધારા કુંઠિત થાય ત્યાં નૈમિષારણ્યક્ષેત્ર જાણવું ત્યાં તપ, તીર્થ, વ્રત, દાન, પુન્ય, ધ્યાન જે કાંઈ સુકૃત તેનો આરંભ ત્યાં જ કરવો. કિરણ-૬૦
- ભગવાનના ભક્તના દ્રોહથી જેવું આ જીવનું ભૂંડું થાય છે એવું બીજા કોઈ પાપે કરીને ભૂંડું થાતું નથી. આ તો આપણને બ્રહ્મમોલમાં લઈ જાય એવા છે.

એમ અલૌકિકપણું સમજવું. આ નિર્ભય છે તેથી આપણને નિર્ભય કરે. આપણે નિર્ભય ન હોઈએ તો બીજાને શું કરીએ !! આ ભક્તને પૂર્વના જેવા સમજે અને અંતરમાં અહો અહો વર્ત્યા કરે તો પરિપૂર્ણ નિશ્ચય કહેવાય. કિરણ-૬૦

- આ બ્રહ્માંડમાં ભગવાન આવે ત્યારે આપણી જેવા થાય ત્યારે આપણું કલ્યાણ થાય. કિરણ-૬૧
- જેવો બીજાના દોષ જોવાનો આદર છે એવો પોતાના દોષ જોવાનો આદર થાવો જોઈ. ત્યાગ વૈરાગ તો ઘરેણાં છે. તે આપણી શોભા છે પણ ભગવાનના ભક્ત તેના ભીડામાં રહેવું; એની સાથે સ્વભાવ ઘસાય એવું થવાય તો કામ થઈ જાય છે. કિરણ-૬૧
- એકાંતિકની સ્થિતિ પામ્યા વિના ભગવાનનું સ્વરૂપ કેવું છે તેની ખબર પડતી નથી. કિરણ-૬૧
- અક્ષરધામના મુક્ત સિવાય છ ધામના મુક્ત તો સો મણ લાકડાની સાથે એક મણ પથ્થર તે તરીકે

છે. તરવાનો સ્વભાવ નથી તોપણ તારે. કિરણ-૬૧

- અક્ષરધામનો મુક્ત સો મણ પથ્થર સાથે એક મણ લાકડું બાંધ્યુ હોય તો તત્કાળ પૃથ્વી સાથે કરી દ્યે. એમ છે. કિરણ-૬૧
- ઓહોહો !!! આ ભગવાન, આ સાધુ, આ સત્સંગી કોટિ કલ્પે મળવા દુર્લભ છે. એ આપણને મળ્યા છે છતાંય મેડાનાં થડમાં પંખી ખાય જાય એ બહુ અજ્ઞાન છે.કિરણ-૬૧
- નાસ્તિકના સંગનો ને કામાદિક શત્રુ તેનો નાશ કરવાનો હેતુ શું ? તો ભગવાને મનુષ્યદેહ ધારણ કર્યો હોય એનાં લીલા ચરિત્ર એ જ નાસ્તિકપણાને નાશ કરવાનો હેતુ છે.કિરણ-૬૧
- મોહ વિવેકમાં પ્રગટ છે એને સંભારજ્યો. એટલું યાદ રાખજ્યો. મોહમાં વિવેક છે એમાં છે. આ જગત આખું મોહિત છે. એમાં ભગવાન ઠેરાવ્યા પણ વિવેક તરીકે છે. કિરણ-૬૧

- યોગશાસ્ત્ર ભગવાનને પરિછિન્નપણાથી અગોચર કહે છે. એ એમાં ખામી છે. પ્રત્યક્ષ ભગવાનનું અવલંબન છે એટલો એમાં ગુણ છે. કિરણ-૬૧
- જેની બુદ્ધિમાં સાકાર સમજણ હોય તે જ આ વાત સમજી શકે છે. કિરણ-૬૨
- લોઢામાં અગ્નિનું. લોઢું જ અગ્નિ થઈ જાય છે. ભગવાન જેને જેને વિષે આવે તે પણું દબાવીને પોતે જ રહે છે. એવી સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય એને આ વાત સમજાય છે. કિરણ-૬૨
- પુરુષોત્તમ તો પોતાની શક્તિ વાપરીને જ બેઠાં છે. પણ આપણું આ દેહ જ પેટ બાળે છે, ને આડું આવે છે. પહેલાં તો આટલો જ નિશ્ચય થાવો જોઈ કે, આ ભગવાન અને આ ભક્ત કોઈ દિવસ નાશ થાતા નથી. આપણે ભલે નાશ થાઈ પણ એ તો જેવા છે એવા ને એવા જ છે. જો ભગવાન અને ભગવાનના ભક્ત નાશ થઈ જાતા હોય તો આપણે

કર્યું એ કોણ આપે ? એ અખંડ હોય તો જ આપે. કિરણ-૬૨

- આ વાત ન સમજાય તો જાવું ક્યાં ? બદરિકાશ્રમમાં જાવું ? કે શ્વેતદ્વિપમાં જાવું ? કે વૈકુંઠમાં જાવું ? કે સૂર્યનાં લોકમાં જાવું ? કે બ્રહ્માનાં લોકમાં જાવું ? કે ઈંદ્રના લોકમાં જાવું ? કે શરીરને સૂકવી નાખવું કે બાળી નાખવું કે ભાંગીને ભૂક્કો કરી દેવો ? કઈ રીતે આ વાત સમજાય ? કિરણ-૬૨
- આપણને સાધુ ને ભગવાન મળી ગયા. આપણું કામ થઈ ગયું. કિરણ-૬૨
- ભગવાનનાં આકારનું ખંડન કરવું તે બધા અપરાધ કરતાં મોટો અપરાધ છે. કિરણ-૬૨
- રામકૃષ્ણાદિક ભગવાને જીવનાં કલ્યાણને અર્થે મનુષ્યદેહ ધારણ કર્યો તેમાં ત્રણ દેહ, ત્રણ અવસ્થા ઈંદ્રિયો એ બધું છે. તે માટે ભગવાનના એ આકારનું ખંડન ન કરવું. આ રીતનો અપરાધ ન કરે તો

ભગવાનને સાકાર સમજ્યા ગણાય. કિરણ-૬૨

- આ જગતનાં પદાર્થ છે એ બહુ જ દુઃખ દાયક છે. કિરણ-૬૨
- ભગવાન ભજવા હોય એણે ભગવાન રૂપી ખીલડાનો આધાર રાખવો. ખીલડાને આધારે આનંદમાં રહેવું. કિરણ-૬૨
- મહારાજે આશીર્વાદ માગ્યો ને પછી ગાદીએ બેઠા. માટે આ સ્થાનમાં રહે તો ધન અને સ્ત્રી બંધન ન કરે. આશીર્વાદની જરૂર બધાને પડે છે. દેશકાળમાં તે સિવાય સ્થિતિ રહેતી નથી.કિરણ-૬૨
- બ્રહ્મચર્ય, સત્યતા, અહિંસા એ ત્રણથી મનુષ્ય ગણાય. કિરણ-૬૨
- મનુષ્યને દેશકાળ તો આવે પણ દેશકાળ ન લાગે. એ તો અન્ય ધાતુ અને સોનુ એમ તફાવત છે. દેશકાળ ન લાગે તો સોનાને ઠેકાણે છે. અન્યધાતુ ને મનુષ્ય ગમે તે હોય તોપણ એને દેશકાળ લાગે

છે. એ મુક્તપણું છે દેશકાળ ન લાગે એ તો સોનુ જ છે. કિરણ-૬૨

- ભગવાનના ભક્તનું ઘસાતું બોલતો હોય એની સાથે હું બોલવાને ઈચ્છું તોપણ બોલાતું નથી. એના હાથનુ અન્ન જળ પણ ખપે નહીં. એની સામું જોવાનું પણ મન ન થાય. પણ શું કરીએ, સાધુ થયા. આખું બ્રહ્માંડ ભરાય જાય એટલી વાત કરી પણ એમાં આપણું કરીએ એટલું કામનું છે. અને શાસ્ત્ર પોકારીને કહે છે, ભાઈ, ભજન કરો. ભાઈ, ભજન કરો. આ લોકમાં કાંઈ માલ નથી. બધું ખોટું જ છે. સંબંધી પણ સ્વારથિયા છે. આ દેહ ગારાનો છે સ્ત્રીનો દેહ ગારાનો છે. પણ આ દેહે કરીને આ સત્સંગમાં અલૌકિકપણું સમજાય તો કામ થઈ જાય. આપણને તો બહુ મોટો લાભ થયો છે. બહુ મોટું સુખ મળ્યું છે. અને આ લોકનાં સુખ તો એઠવાડિયાનાં હાંડલા જેવાં છે. ઉઘાડો તો તરત

જ દુર્ગંધ દ્યે. હાલતાં-ચાલતાં ભજન કરવું. ને આનંદમાં રહેવું આપણને મળ્યા છે એવાં કોઈને મળ્યા નથી. બીજાં આપણો મહિમા સમજે છે પણ આપણને એ વાતની ખબર નથી. આ લોકનું સુખ બધું આ લોકમાં જ રહેશે. ભેળું આવે એમ મનાય તો એ જ અજ્ઞાન છે. ભગવાનના ભક્ત મળ્યા ને ભગવાન મળ્યા એમ મનાય તો થોડાકમાં કામ થઈ જાય. કિરણ-૬૩

- શાસ્ત્રે કહ્યા એવાં નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિર્સ્નેહ, નિર્સ્વાદ એવા પંચ વર્તમાને જુક્ત જે સંત એનાં વચનમાં જેટલો વિશ્વાસ એટલો નિશ્ચય કહેવાય છે. ભગવાનનું સ્વરૂપ તરીકે છે. કિરણ-૬૩
- અનેક મુક્ત આવ્યા છે આ બ્રહ્માંડમાં એમાં જેને જે મુક્ત મળે એના જેવા થાય. જે મુક્ત મળ્યા એવી સ્થિતિને પામે છે. અક્ષરધામનો મુક્ત મળે તો અક્ષરધામમાં લઈ જાય. કિરણ-૬૩

- પ્રકૃતિ અને સ્વભાવ ટાળ્યા વિના અક્ષરધામમાં રહેવાતું નથી. કિરણ-૬૩
- જ્ઞાની હોય એ પણ પોતાની પ્રકૃતિ સરખું આચરણ કરે છે. કિરણ-૬૩
- મોટાં પુરુષ તેમાં નિર્દોષબુદ્ધિ એ જ રૂડાં ગુણ આવવાનું કારણ છે. કિરણ-૬૪
- સાંખ્ય બે પ્રકારની છે એક ખોટું કરવું અને એક સ્થાપન કરવું તે. ભગવાનના ભક્ત તેના ગુણ વિચારવા. એની શક્તિ, ઐશ્વર્ય, એનો સ્વભાવ એને ઓળખવા. ને પછી એનો મહિમા સમજવો. એ સ્થાપન તરીકે સાંખ્ય છે.કિરણ-૬૪
- જે વધતો હોય એને સત્સંગ અલૌકિક જણાય. બીજાને અલૌકિક જાણે ત્યારે પોતે અલૌકિક થાય ને બીજાને અતર્ક જાણે ત્યારે પોતે અતર્ક થાય. કિરણ-૬૪
- ભગવાનનાં સ્વરૂપના કલ્યાણકારી ગુણ જોવા વૃત્તિ

પાછી વળી જાય છે. કાઢી મૂકે એવો ક્યાં મળે ! અપમાન કરે એવો ક્યાં મળે ! આપણાં સ્વભાવને રોકે એવો ક્યાં મળે ! એવા એના ગુણ છે. કિરણ-૬૪

- ત્રીસ લક્ષણે યુક્ત હોય એવા પુરુષથી છેલ્લો જન્મ થઈ જાય છે. કિરણ-૬૪
- મહારાજનાં ચરણ ઝાલીને બેઠો હોય ને ત્યાં પણ દેહાભિમાન નાશ પામે ત્યારે મનુષ્યસ્વરૂપ ઓળખાય છે. માટે બ્રહ્મરૂપ થાવું. બ્રહ્મરૂપ અનેક રીતે થવાય છે. એમાં સત્સંગને નિર્દોષ જાણે તોપણ બ્રહ્મરૂપ થવાય છે. કિરણ-૬૪
- સંપ છે ઈ બહુ જબરી વાત છે. સંપમાં જ ભગવાનનું સુખ રહ્યું છે. ભગવાનના ભક્ત સાથે સંપ રાખે એ ગૃહસ્થ છે પણ સાધુ છે. કિરણ-૬૪
- મહિમાનો ઓથ લ્યો અને બીજાને ગૌણ કરો તો અસુર ગણાવ. માટે વ્યક્તિમાં દેશકાળને લઈને ખામી છે. પણ ગુણમાં ખામી નથી. એને અસુર,

વિમુખ અને અધમ જાણવો. બધાય બગડી ગયા છે એમ ન કહેવાય પણ જે એક બગડ્યો છે એની જ ખામી બતાવવી. મોટેરાની સારપ્યે સૌની સારપ્ય. વ્યક્તિનું ખંડન કરવું હોય તો થાય પણ સાર્વજનિક ખંડન ન કરાય. કિરણ-૬૫

- સ્વરૂપનિષ્ઠા પરિપક્વ હોય, ધર્મ પણ દૃઢ છે, આત્મનિષ્ઠા પણ દૃઢ હોય, પણ એને વે'વારમાં આસક્તિ હોય તો એની સારી વાણી હોય તોપણ ન સાંભળવી. કિરણ-૬૫
- આપણાથી જે દબાતો હોય એનાં હૃદયમાં આપણી વાત ન ઊતરે. કારણ કે એને આપણાથી ઉદ્વેગ થાય છે. માટે આપણાથી બીજાને ઉદ્વેગ ન થાય તો આપણી વાત એને ઊતરે. તો એની સંશયગ્રંથિ નાશ પામે સજાતીય થાય તો. પણ વિજાતીય રહે તો સંશયગ્રંથિ નાશ ન પામે. સદ્. ગુણાતીતાનંદસ્વામી ડુંગરખુંટવડાથી આવ્યા ને ત્રિકમદાસ અમરેલીથી

આવ્યા ત્યારે સ્વામીએ કહ્યું કે દર્શન કર. આ દેહ તારા સારુ છે. આવી રીતે સજાતીયપણું થાવું જોઈએ ત્યારે સંશયગ્રંથિ ટળે. સ્વામીએ કાંડું ઝાલીને કહ્યું કે, ખબડદાર, સંકલ્પ કર્યા છે તો આવું સજાતીયપણું થાવું જોઈએ. કિરણ-૬૫

- એક બૃહદ્ વૈરાગ્યમાં બધા ગુણ આવે છે. એક આત્મનિષ્ઠામાં બીજાં બધા ગુણ આવી જાય છે.કિરણ-૬૫
- આ લોકમાં વધવાનો ઉપાય બહુ જબરો છે. ને ઘટવાનો ઉપાય પણ બહુ જબરો છે. વધવાનો ઉપાય સાવ સે'લો છે. બધાંયનો ગુણ ગ્રહણ કરે. ઘટવાનો ઉપાય બેઠા બેઠા ગોટા વાળ્યા કરે. અર્ધ બળેલાં કાષ્ટની પેઠે ધૂંધવાયા કરે, સૂવે તો નિદ્રા પણ આવે નહીં. કિરણ-૬૫
- જેનાં અંતરમાં ભગવાને વાસ કર્યો હોય તેનાં કામક્રોધાદિક નાશ પામ્યા હોય. અસાધુનાં હૃદયમાં

તો કામાદિક પરિવારે સહિત નિવાસ કરીને રહે છે. ભગવાનના ભક્તનો દ્રોહ કરે એનું પ્રાયશ્ચિત નથી. પણ દેહાંત દંડરૂપી પ્રાયશ્ચિત ઉપર તો સ્વામિનારાયણ ભગવાને લીટો તાણી દીધો છે. કિરણ-૬૫

- એક દેશકાળને લઈને ખામી હોય ને એક સ્વાભાવિક દોષને લઈને ખામી હોય પંચ વર્તમાન હોય ત્યારે ભગવાનનો ભક્ત કહેવાય. પછી એને ભગવાનના ભક્તનો અવગુણ આવતો જ નથી. ભગવાનના ભક્તનો અવગુણ આવે ત્યારે એમ વિચાર કરવો જે, આમાં દેશકાળથી ખામી છે કે સ્વાભાવિક ખામી છે. એમ વિચાર કરીને અવગુણ ટાળી નાખવો. ભજન કરવાનો સમય આવ્યો છે. ટેમ જાવાં ન દેવી. વીજળીનાં ઝબકારામાં મોતી પરોવી લેવું. ખટવાંગ રાજાનું બે ઘડીમાં કલ્યાણ કર્યું. વળી આજ તો દર્શન કરે, હાથ જોડે એટલામાં

જ અક્ષરધામમાં જવાય છે. ત્યાગ વૈરાગની વાતુ માર્ગે ચડાવવાં કરીએ છીએ પણ આજ તો સંબંધે કરીને કલ્યાણ થાય છે. કિરણ ૬૫

- આપણે કાંઈ અવળું વર્તશું તો બીજાં એમ કહેશે કે સ્વામિનારાયણનો થઈને આમ કર્યું. તો આપણાં વર્તનમાં ખામી છે. પણ સ્વામિનારાયણમાં ખામી નથી. કિરણ-૬૫
- સંકલ્પને સમાવે એ સંત. અને સંકલ્પ ન થાય તો ભગવંત. બીજાનાં સંકલ્પને જુવે છે પણ પોતાનાં સંકલ્પને જોતો નથી. માટે પોતાનું તપાસવું. કિરણ-૬૫
- બધાં શાસ્ત્રનો સિદ્ધાંત સાધુ સમાગમ કરવો તે છે. સત્તારૂપે રહેવું એનાં કરતાં પણ સાધુ સમાગમ અધિક છે. કિરણ ૬૫
- ત્રીસ લક્ષણે યુક્ત સાધુરૂપ ભગવાન છે. કિરણ-૬૬
- આ સત્સંગ જેને મળ્યો એનાં પુન્યનો પાર નથી. કિરણ-૬૬

- ત્યાગીમાં તો સુખ જ છે. પણ આ જીવને ત્યાગાશ્રમમાં દુઃખ એટલું જ છે કે, બીજાનાં વચનમાં રહેવું પડે છે. કિરણ-૬૬
- અમારો દ્રોહ કરે છે એ પણ અમારા પક્ષમાં બોલે છે. એ તો સ્વયં હોય તો જ બોલાય. કિરણ-૬૭
- આપણામાં શુભવાસના ઉદય થાય ત્યારે બધાનો આપણને ગુણ આવે છે. કિરણ-૬૭
- નારદસનકાદિકના મારગમાં રહ્યા છીએ તેથી આવો અયોગ્ય સ્વભાવ સાધુમાં ઘટે નહીં. એમ વિચાર થાય છે. બીજું મહારાજને રાજી કરવા છે. એટલે આવો અયોગ્ય સ્વભાવ આપણને ન ઘટે. આ બે સાધનથી મલિન સંસ્કારને ટાળી નાખીએ છીએ. કિરણ-૬૭
- ભગવાન આ લોકનું પદાર્થ ગ્રહણ કરે છે, તે તો તેને નિર્ગુણ ને દિવ્ય કરવા માટે ગ્રહણ કરે છે. કિરણ-૬૮

- ભગવાનની માયાના પારને કોઈ પામ્યું નથી. એના લીલાચરિત્રમાં સંશય ન થાય તો જ તે થાય. કિરણ-૬૮
- ભગવાનના ભક્તના ગુણવાળાં ચરિત્ર સુખદાયક છે. અને ભગવાનના ગુણવાળા અને અવગુણવાળા બધાં ચરિત્ર સુખદાયક છે. કિરણ-૬૮
- નિસ્પૃહી વર્તમાનમાં પૂગો ત્યાર પછી ભગવાન સત્ય છે. આસક્તિ રહિત જયાં થાવ ત્યાં ભગવાનનાં સ્વરૂપનું સુખ આવે છે. કિરણ-૬૮
- બધાયે પંચવિષયમાં સુખ માન્યું છે પણ જે મોક્ષને માર્ગે ચાલ્યો છે તેણે એમાં દુ:ખ માન્યું છે. કિરણ-૬૮
- મોક્ષભાગીને મતે તો નારી છે એ જ નરકનો કૂપ છે.પંચવિષય આ જીવને લેર્ય કરી દ્યે પણ નરકનો જ કૂંડ છે. કિરણ-૬૮
- સુખદાયક વસ્તુમાં દુ:ખ દેખાય એ જ મોક્ષનો રસ્તો હાથ આવ્યો ગણાય. કિરણ-૬૮
- આ દુનિયામાં દેહથી બીજું કોઈ વહાલું નથી; દેહથી

બીજું મોટું સુખ નથી અને દેહથી બીજું મોટું દુઃખ પણ નથી. એમ મનાય ત્યારે આ દેહથી જુદું પડાય છે. કિરણ-૬૮

- આહોહો ! આપણને સુખ, આરો નહીં એટલું આપી દીધું; હવે ઓલ્યામાં, દુઃખમાં શા માટે દોટ દેવી ? અરે ભાઈ, દોટ મૂકો મા, ટાંગાય ભાંગી જાશે. આ લોકનું સુખ તો પડ્યા ઉપર પાટું મારે એવું છે જ્યાં સુધી દુઃખમાં સુખ દેખે ત્યાં સુધી. આપણે ઉપદેશની વાતુ કરીએ પણ શી રીતે લાગે ? કિરણ-૬૮
- ચળાયમાન ચિત્ત ન થાય એ જ સુજાણ સંત કહેવાય. કિરણ-૬૮
- આ લોકનું સુખ મૂકો ત્યારે અલૌકિક સુખ હાથ આવે, પણ આ લોકનું સુખ ભોગવો ત્યાં સુધી અલૌકિક સુખ હાથ આવતું નથી. કિરણ-૬૮
- આ જગતમાં લાભ શું છે ? ને ગેરલાભ શું છે ? આનંદ શું છે ને ગેરઆનંદ શું છે ? પ્રિય શું છે ને

અપ્રિય શું છે ? એવી બુદ્ધિ તો જાગવી જોઈને ? પણ ગુરુરાજ કૃપા કરે ત્યારે એ બુદ્ધિ જાગે છે. કિરણ-૬૮

- કોઈ હરિભક્ત માંદો હોય ત્યારે ત્યાં બીજો હરિભક્ત જાય ત્યારે એને ભગવાનની મૂર્તિ સાંભરે એવી કલ્યાણકારી ભગવાનની મૂર્તિ છે. કિરણ-૬૮
- ભગવાન કે ભગવાનના ભક્ત અને એના મળેલા એના ઉપજોગમાં કાંઈ આવે એ બધું નિર્ગુણ થઈ જાય છે. કિરણ-૬૯
- પંચવર્તમાન પાળવા પણ આ ભગવાનનો સમજણથી જાણવા એ પણ એક વર્તમાન છે.કિરણ-૬૯
- મર્યાદા ન રહે તો પરોક્ષપણું છે. જેટલી મર્યાદા રહે છે એટલા પ્રત્યક્ષ સમજ્યા ગણાય. કિરણ-૬૯
- ભગવાન આપણાં અંતરની જાણે છે. એટલે શાંતિ થાય છે. ભગવાનના ભક્તની મર્યાદા પણ તેમજ

રહે છે. કિરણ-૬૯

- જ્યારે આ દેહને દુઃખ થાય ને ત્યારે રાજી થાય ત્યારે સુખનો ટેમ આવી ગયો. કિરણ-૭૦
- અવતારોએ કામ કર્યું એવું તો સ્વામિનારાયણે પોતે ભક્ત દ્વારા કર્યું છે. એ કે રાસ કર્યા ને એકે રાસ તોડાવ્યા. કિરણ-૭૦
- કંકોત્રીમાં મૂર્તિ છપાવીએ તેનો મહિમા ઘટે છે આપણે તો મહિમા વધારવા છપાવીએ છીએ પણ એનો મહિમા ઘટે છે કારણ કે એને કોઈ સાંચવીને રાખતા નથી. કિરણ-૭૦
- ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો ઈ ના ઈ કર્મ નિષ્કર્મ ગણાય. કિરણ-૭૦
- જેટલો સત્સંગનો મહિમા જાણો એટલો તમારો મહિમા વધે છે. કિરણ-૭૦
- જે ગુણનાં ઘાટ થાય એની સામે દષ્ટિ રાખે ને સત્સંગમાં જે વાત થાય છે તે ધાર્યા વિચાર્યા કરે તો

ઘાટ નાશ પામે છે. કિરણ-૭૧

● કોઈ રીતે ઘાટ ન ઓગળે એ ઘાટને ઓગળવાનું ઠેકાણું આ સત્સંગ છે. નિષ્પાપ થઈને સત્સંગ કરે તો તત્કાળ એની નિવૃત્તિ થઈ જાય છે. કિરણ-૭૧

● જેમ ગૃહસ્થ મા-બેનને ઉઘાડી દેખીને આંખ્ય મીંચી જાય એમ ભગવાન ભક્તનાં દોષ સામું જોતાં નથી.કિરણ-૭૧

● દેહનો અનાદર કરે એટલી આત્મનિષ્ઠા. કિરણ-૭૧

● આપણો ગુણ બીજામાં પ્રવર્તાવવો એ ભૂંડુ એનાં કરતાં પણ બીજાનો અવગુણ લેવો એ એથી પણ ભૂંડુ છે. સત્સંગ થાય તોપણ પોતાનો સ્વભાવ ન મૂકે એ આસુરી.કિરણ-૭૧

● ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો ઈ થોડા વર્તમાન પણ સારા ગણાય. થોડી ભક્તિ પણ અધિક ગણાય. ગરીબ ભક્ત પણ સારા લાગે. કિરણ-૭૧

● મોટા સંતમાં ગુરુબુદ્ધિ અને દેવબુદ્ધિ રાખે તો ત્રીસ

લક્ષણ પોતામાં આવે. કિરણ-૭૧

- ધર્મવાળી હોય, વૃદ્ધ હોય તોપણ બાઈ માણસનાં મુખ થકી વાત ન સાંભળવી. પોતાની મા, બેન, દીકરી સાથે એકાંત સ્થળમાં ન રહેવું, વિધવાનો સ્પર્શ ન કરવો. જેને રાજાનો પ્રસંગ હોય એવી સ્ત્રીનો વે'વાર ન કરવો. આ ચાર પ્રકારનું તમારું ગૃહસ્થનું પ્રાયશ્ચિત છે. કિરણ-૭૧
- દેહ ધરીને ભગવાનના ભક્ત ભેળું રહેવું અને એની કાંઈ સેવા બની આવે તો આ જીવનું બહુ રૂડું થાય છે. કિરણ-૭૧
- કોઈની સ્તુતિ નથી જો'તી કોઈની નિંદા પણ નથી જો'તી. ત્યારે સ્થિતિરૂપે વર્તાય. કિરણ-૭૧
- ભગવાનનું ભજન કરતાં જે સંકલ્પ થાય એને સ્વભાવ ગણાય અને પંચવિષયમાં હેત આસક્તિ એ જ વાસના છે. સ્વભાવ ટાળવાની યુક્તિ બતાવી જે, સ્વભાવ સામું જોઈ રહેવું; સ્વભાવ બહુ જબરો

છે. કિરણ-૭૨

- સંકલ્પનો નાશ કેમ થાય છે ? પછી સ્વામીએ તેનો ઉત્તર કર્યો જે, ભગવાન સંબંધી સંકલ્પ કરો એટલે જગત સંબંધી સંકલ્પ નાશ થઈ જાય છે. કિરણ-૭૩
- દોષ નાશ કેવી રીતે પામે છે ? પછી સ્વામીએ ઉત્તર કર્યો જે, જેવો છે એવો સત્સંગ જણાય તો પંચવિષય ટળી જાય છે. કિરણ-૭૩
- આ સત્સંગમાં પ્રગટ મહારાજ બિરાજે છે. કિરણ-૭૩
- ભગવાનનાં સ્વરૂપમાં કલ્યાણકારી ગુણ છે એને જે જાણ્યા એટલો ભગવાનનો આશરો ગણાય. કિરણ-૭૩
- પાંચ વર્તમાને યુક્ત જે સંત તેનાં વચનમાં વિશ્વાસ એટલો નિશ્ચય.કિરણ-૭૩
- શિક્ષાપત્રી પાળે છે એને જોઈને જે રાજી થાય છે અને એમ હેત થાય ત્યારે એની દૃષ્ટિમાં પ્રકાશ થયો ગણાય.કિરણ-૭૩

- જપ, તપ આદિક શુભ કર્મ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે છે એવો ભક્ત છે. અને એક વિમુખ છે એની વિક્તિ જેને છે, સર્વકર્મનો કરનારો છે, મોક્ષને યોગ્ય છે મનુષ્યમાત્રમાં બુદ્ધિમાન છે. એને જ જ્ઞાની કહ્યો છે. કિરણ-૭૩
- બ્રહ્મરૂપ થાવા માટે બતાવ્યું છેલ્લાનું આડત્રીસમું અને મધ્યનું નવમું અને બ્રહ્મરૂપદશાનાં પાંચ વચનામૃત છે. પ્રથમનું ત્રેવીસમું, મધ્યનું ત્રીસમું અને પીસતાલીસમું, અમદાવાદનું બીજું અને ત્રીજું. કિરણ-૭૩
- ભગવાનનાં સ્વરૂપને સમજવામાં ખામી હોય તો ભલે. ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય કે મહાત્યાગી હોય તોપણ તેનું કલ્યાણ થાવું મહાકઠણ છે. કિરણ-૭૪
- આંખ્યું તો છે પણ દીવો, સૂર્ય ને ચંદ્રમાં એનો જોગ થાય તો દેખાય. એમ સત્‌શાસ્ત્ર, સત્પુરુષ અને

ભગવાનના ભક્ત એનો જોગ થાય તો દોષ દેખાય. કિરણ-૭૪

- સાધુ સમાગમ કરીએ ત્યારે આપણાં દોષ દેખાય, અને વિમુખ જીવને વિષય ભોગવે ત્યારે પણ દોષ ન દેખાય માનસી પૂજા કરીએ ત્યારે દોષ દેખાય, ભૂંડા સંકલ્પ થાય એ સ્વભાવ અને કાયમ ભૂંડા સંકલ્પ થયા કરે એ જીવનો વાંક છે. વાસના કહેવાય છે. આપણને એટલું જણાય છે. પદાર્થનો ત્યાગ કરીએ ત્યારે સુખ થાય. અને એ પદાર્થનો પાછો મનમાં સંકલ્પ પણ ન થાય; સ્વપ્નમાં પણ ન આવે. કિરણ-૭૪
- ભગવાન અને ભગવાનના ભક્તના અવગુણથી એની બુદ્ધિ શાપિત થઈ ગઈ છે. કિરણ-૭૫
- પોતામાં ન્યૂન ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય હોય એને બીજાં આગળ અધિક કરી દેખાડે તેને અસુર કહેવાય. ભગવાનના ભક્ત આગળ માન, ઈર્ષ્યા, કપટ, ન રાખે

તો શાપિત બુદ્ધિ ટળે. નહીંતર ન ટળે. કિરણ-૭૫

- ભગવાનનાં સુખ વિના તો રાજા હોય તોપણ નરકેશ્વરી છે. કિરણ-૭૫
- ભગવાનની ભક્તિ જેવો તો કોઈ વાતમાં સ્વાદ નથી ભક્તિ તો નીચો હાથ રાખવાં જેવી છે. અને બીજું તો ઉપર હાથ રાખવા જેવું છે. કિરણ-૭૫
- ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિમાં પ્રીતિ કરવી એ જ આ લોકમાં કરવાનું છે. કિરણ-૭૫
- ભગવાનના ભક્તનાં લક્ષણ કહું છું.

  **ધન્ય હો ધન્ય વિચરે છે. કંગાલની હારે**
  **કરે છે કોટિને નિહાલ ધન્ય હો ધન્ય.**

  માટે ભગવાનનું સુખ ઈ સુખ જ છે. એમાં દુઃખનો લેશ નથી. કિરણ-૭૫
- મહારાજે મોટાં પુરુષનાં ગુણ આવવાનું સાવ સહેલું બતાવ્યું છે. એને સર્વજ્ઞ જાણે. સર્વાત્મા અને સર્વે આત્મા એનાં પણ આત્મા છે. એની સાથે કોઈ જાતનું

અંતરાય ન રાખે એને નિર્દોષ જાણે. કિરણ-૭૫

- આ સત્સંગ જોઈને આનંદ આનંદનાં ફુવારા છૂટે તો પરિપક્વ નિશ્ચય કહેવાય. કિરણ-૭૫
- સંત કહે તેમ કરે તો સ્વભાવને ખાંડ્યો કહેવાય. સંત કહે તેમ કરો તો સંત રાજી થઈ જાય. કિરણ-૭૫
- આપણે એની સામું જોઈ તો વૃંદાવનનાં ગોપને પણ ભૂલી જાઈ એવા મુક્ત હતા. કિરણ-૭૫
- જેના હૃદયમાં હેતનો હિંહોરો હોય તો એનાં હૃદયમાં ભગવાન હોય એમ સમજવું. કિરણ-૭૫
- આ લોકનાં સુખ દેખ્યાં ભેળા વળગી જાય, દેખ્યાં ભેળા ચોંટી જાય એવાં વળગાવડાં છે. એને છોડીને હાલતો થઈ જાય એવો એક પુરુષ મળે એનાં ટચમાં આવી જાય તો કામ થઈ જાય. કિરણ-૭૫
- આ હરિભક્ત ફલાણાની આજ્ઞા પાળશે, એમ ઓળખી કાઢો એટલે સત્તારૂપે વર્તે છે ઈ ઓળખાય જાય. જે માને છે ઈ સત્તારૂપે વર્તે છે. કિરણ-૭૫

- સત્પુરુષનું વચન જેને મનાય એનું જ નામ સત્તારૂપ કહેવાય. કિરણ-૭૫
- જ્ઞાનનું સ્વરૂપ-સુખમાં દુઃખ દેખવું, દુઃખમાં સુખ-વૈરાગ્યનું સ્વરૂપ. કિરણ-૭૬
- પંચવિષયનું સુખ તો ભગવાન નહીં ભજે તો મળશે. ઈ ક્યાં દુર્લભ વસ્તુ છે ? દુર્લભ તો સત્સંગ છે. કિરણ-૭૬
- ભગવાન સિવાય બીજાં ભયસહિત છે. બીજાં સ્થાન ભયવાળાં છે. કિરણ-૭૭
- આવા સાધુ વિના અજ્ઞાન જાય નહીં ને અજ્ઞાન ગયા વિના જીવ સુખિયો પણ થાય નહીં. કિરણ-૭૭
- આપણે કોઈનાં થાઈ તો ઈ આપણા થઈ જાય. કિરણ-૭૭
- આપણે કોઈકનાં થાઈ તો એને ભલામણ ન કરવી પડે. ઈ આપણી ખબર રાખે. એક રુચિવાળાં બે હોય તો લાખુ અને કરોડ્યું છે. અમે વે'વારની

રીતે ધર્મકેશવદાસસ્વામી સાથે હેત કર્યું હતું અને મોક્ષની રીતે ત્યાગવલ્લભદાસસ્વામી સાથે હેત કર્યું હતું. ભોળા પણ મોક્ષભાગી ખરા. કિરણ-૭૭

- સરસમાં સરસ શું છે ! તો આ સત્સંગ સંપ કરવો ઈ. એનાં કરતાંય સરસ શું ? તો જીજ્ઞાસુ થાવું તે. કિરણ-૭૭
- નથી જાણતો છતાંય જાણપણું બતાવે છે એટલો ડોડ છે, એટલો આ લોકમાં રહેવાનો રાગ છે. કિરણ-૭૭
- સોનાની તલાવર થઈ જાય તોય માર, ધારને આકાર ન બદલે. પણ સદ્‌ગુરુરૂપી સોનાર મળે અને જ્ઞાનરૂપી હથોડો હાથમાં લ્યે તો મારધાર ને આકાર નાશ થઈ જાય. કિરણ-૭૭
- બુદ્ધિમાં વિપરીતપણું આવે એ દેશકાળ આવ્યો ગણાય. ભગવાનનો નિશ્ચય હોય પણ ભગવાન કે સંત પંચવિષયનું ખંડન કરે તો તેનો પણ

અભાવ લે. કિરણ-૭૮

- પોતાનાં બાહુબળે કરીને કલ્યાણ માને છે. પણ ભગવાનને પ્રતાપે કરીને કલ્યાણ નથી માનતા. ધર્મ હોય તો જ મારું કલ્યાણ થાય; વૈરાગ્ય હોય તો જ મારું કલ્યાણ થાય. કિરણ-૭૯
- ભગવાને મનુષ્ય દેહ ધારણ કર્યો એનો નિશ્ચય સંત સમાગમે કરીને થયો ઈ ભગવાન કેમ નાશ થાય ? નાશ થાય જ નહીં. લીંબડો નિર્ગુણ તો લીંબડા ઉપર ચડનારો પણ અવિનાશી તો એને જોનારો પણ અવિનાશી થઈ જાય. આ વાત તો બ્રહ્માંડમાંય ન સામે એવડી છે. કિરણ-૭૯
- આપણે ગમે એટલાં ચતુર હોઈ, બુદ્ધિવાળાં હોઈ પણ સ્ત્રી સામું જોઈ એટલે બુદ્ધિને ડાટો દેવાય જાય. કિરણ-૭૯
- સારાં નરસાં પંચવિષય સરખા થઈ જાય. અને ઊતરતા થઈ જાય અને ઊતરતા કરતાં પણ

અતિશય ઊતરતા થઈ જાય. સામાન્ય મુક્તનો વિચાર એકાંતિકનો વિચાર અને પુરુષોત્તમનો વિચાર.

- સામાન્ય મુક્તને વૈરાગ્યથી સારાં નરસાં પંચવિષય સમાન થઈ જાય છે. અને મધ્યમ વિચાર જ્ઞાને કરીને જનકરાજાની સ્થિતિ છે. અને તીવ્ર વિચાર તો અલૌકિક મુક્તનો છે. કિરણ-૭૯
- વૈરાગ્યથી સારા નરસાં પંચવિષય સરખા થઈ જાય છે. સામાન્ય મુક્ત છે એક તો. અને જ્ઞાને કરીને ઊતરતા થઈ જાય છે. એકાંતિકની સ્થિતિ છે. અને તીવ્ર વિચારથી ઊતરતાથી પણ અતિશય ઊતરતા થઈ જાય છે. એ અલૌકિક મુક્તની રીત છે. તે તે સ્થિતિવાળાનાં સંગથી તે તે સ્થિતિ પ્રાપ્ત થાય છે. કિરણ-૭૯
- પુરુષ પુરુષને જુવે તો માયા નથી. સ્ત્રી-સ્ત્રીને જોતી હોય તો માયા નથી, પુરુષ સ્ત્રીને જુવે ને સ્ત્રી પુરુષને

જુવે તો માયા. કિરણ-૮૦

- પોતાની સવાશેર બુદ્ધિ કરે અને બીજાની પોણોશેર કરે તો બુદ્ધિ વિનાનો છે. બીજાની બુદ્ધિ સવાશેર કરે ને પોતાની પોણા શેર કરે તો બુદ્ધિવાળો કહેવાય.કિરણ-૮૦
- ટેમ હોય ત્યારે ન બોલી શકાય તો બુદ્ધિ ન કહેવાય. પંડિત બોલે તો સારું ને મૂરખ ન બોલે તો સારું.કિરણ-૮૦
- દુનિયામાં બધાંય વેરી સારાં પણ આ ઈંદ્રિયો વેરી છે ઈ બહુ ખરાબ. આપણા આખા કુળનો નાશ કરી નાખે છે. માટે એનો વિશ્વાસ ન કરવો. કિરણ-૮૦
- નિષ્ઠા એટલે સાકારપણાની દૃઢ નિષ્ઠા. આ ભગવાન અને આ સાધુ આમ ને આમ રહે છે. કિરણ-૮૧
- સર્વ કારણનાં પણ કારણ છે એને ન ભૂલે ત્યારે સાકારપણાની દૃઢ નિષ્ઠા ગણાય. સત્સંગમાં વૃદ્ધ

થઈ જાય તોય સમાધિ હાથ ન આવે પણ આવી સમજણ્ય થાય તો સમાધિ હાથ આવી જાય. કિરણ-૮૧

- અજ્ઞાની હોય ઈ આ ઘરમાં પાંચ માણસ ભેળા થયા હોય એમાં મોહ પામે. અને જે જ્ઞાની હોય એને એમ થાય જે આ ધરાર કરવું છે શું થાય ? આવી ભરાણા. કિરણ-૮૧
- મોહ ટળી જાય તો જીવ સુખિયો થઈ જાય. કિરણ-૮૧
- સાકારનિષ્ઠા થયા વિના દેહ છતાં મૃત્યુનો ભય ન આળસે. કિરણ-૮૧
- સાકારનિષ્ઠા નથી થઈ ઈ ગમે એટલો ધર્મવાળો હોય કે વૈરાગ્યવાળો હોય કે આત્મનિષ્ઠાવાળો હોય પણ સ્થાનભ્રષ્ટ થાય તો ન શોભે. કિરણ-૮૧
- ભગવાનના ભક્ત તો ચીંથરે વીંટ્યાં રતન છે. વીંટ્યા હોય ચીંથરા પણ માંહિ રતન હોય. એમ ભગવાન અને સાધુ માણસ જેવા છે પણ

કલ્યાણકારી છે. કિરણ-૮૧

- મહારાજનો સ્થાપેલ સત્સંગ છે. એમાં આપણે રહ્યા છીએ તો મહારાજ પ્રગટ જ છે પણ મનાય જાવું કઠણ છે. કિરણ-૮૧
- નિશ્ચય છે ઈ જ આત્યંતિક કલ્યાણ છે. જે સત્સંગના ભીડામાં રહી શકે તે ઉત્તમ નિશ્ચયવાળો ઉત્તમ ભક્ત છે. ને એક સત્સંગનાં ભીડામાં ન રહી શકે તો કનિષ્ઠ ભક્ત કહેવાય. કિરણ-૮૧
- ભક્તિથી ભવબંધન થકી છૂટી જવાય છે. અને ધર્મથી આ લોકમાં સુખી થવાય છે. કિરણ-૮૨
- બીજા વનમાં તપ કરે છે એમ અમે દેહે કરીને તપ કરતાં નથી પણ એ સરખો અમારાં જીવનો ઢાળો છે. જેમ કોઈ ઉપવાસ કરે ઈ ગમે છે એમ અમને જીવમાં ગમે છે કે, આ ઠીક કરે છે. કિરણ-૮૨
- સત્સંગમાં જેનું જેવું રૂપ છે એવું ઉઘાડું થયા વિના નહીં રહે. કિરણ-૮૨

- ઈંદ્રિયો, અંતઃકરણ સામું ન જુવે તો જડ કહેવાય. કિરણ-૮૨
- ઈંદ્રિયોથી જ વિષયની ઉત્પત્તિ થાય છે. ઈંદ્રિયોમાંથી વિષયને કાઢવા હોય તો આત્મજ્ઞાન દૃઢ કરવું. કિરણ-૮૨
- કથાવાર્તા કરવી બહુ કઠણ છે અને કથાવાર્તા સમજવી એ તો એથી પણ આકરું છે. કિરણ-૮૨
- પદાર્થથી નિસ્પૃહ રહેવું એ આત્મજ્ઞાનનું લક્ષણ ને દેહમાં રહ્યા થકા અસંગી રહેવું ઈ વૈરાગ્યનું લક્ષણ. કિરણ-૮૨
- જાણપણામાં રહ્યો હોય એટલે એને બીજા સંગની અપેક્ષા રહે નહીં જાણપણું ઈ મુક્તનું લક્ષણ છે. કિરણ-૮૨
- આપણે સત્સંગી થયા પણ પંચ વર્તમાન દૃઢ થાય ત્યારે સ્થિતિ થઈ કહેવાય. કિરણ-૮૨
- એક આત્મનિષ્ઠા આવે તો બધાય ગુણ આવે. એક

દેહાભિમાન હોય તો બધાય અવગુણ ઠસાય. કિરણ-૮૨

- બધા અપરાધ કરતાં ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ મોટો અપરાધ છે. ઘોડું બચકું ભરે તે ન મૂકે પણ આંખ્યમાં આંગળી નાખે તો મૂકી દે. એમ ભગવાન આપણને મૂકવાના નથી. સિંહનો ભાગ શિયાળયો ન લઈ શકે. એમ ભગવાન આપણને તેડી જાશે પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરશું તો મૂકી દેશે. કિરણ-૮૩
- ભગવાનનું ભજન કરવામાં સ્વભાવ આડા આવે તો એનો પણ ત્યાગ કરી દેવો. કિરણ-૮૪
- જે થકી પોતાનો મોક્ષ થાવાનો હોય એની આગળ ક્રોધ ન કરવો, એની આગળ માન ન રાખવું તો માન ગળી ગયું તો જોડાં પેર્યા કહેવાય. કિરણ-૮૪
- સાધુ તે સાધુ જ છે. પણ વે'વાર પડે ત્યારે સાધુપણું ઊભું રહે તો ખરું. જેટલો ઘસારો ખમે એટલો

સાધુ. કિરણ-૮૪

- અરજણભાઈ એમ કહેતા કે, મોટા પુરુષ પાસે માંગવું નહીં ને કાંઈ પૂછવું નહીં ને પૂછવું તો ઈ જેમ કહે એમ કરવું. પૂછ્યા પછી પોતાનું ધાર્યું કરે તો વિશ્વાસી ન ઘટે. કિરણ-૮૪
- જેવી છોકરામાં પોતાપણાની બુદ્ધિ છે એવી ભગવાનના ભક્તમાં પોતાપણાની બુદ્ધિ થાય તો સમજણ્ય થાય. કિરણ -૮૪
- ભગવાનમાં સ્વાર્થની બાજી આળસી જાય તો નિર્ગુણ થઈ જવાય. કિરણ-૮૪
- મુક્તનું લક્ષણ બ્રહ્મ ને તેથી પર પરબ્રહ્મ તેને દેખી શકે. કિરણ-૮૪
- શાપિત બુદ્ધિ કેમ ટળે? વિશેષ વર્તમાન પાળે તો શાપિત બુદ્ધિ ટળે અને મોટાનાં ગુણ આવે. કિરણ-૮૫
- મોટાની આગળ નિષ્કપટ ભાવે વર્તે તો મોટાના ગુણ આવે. કિરણ-૮૫

● આ લોકમાં શબ્દ તાગો નહીં એટલા છે પણ ભગવાનનો શબ્દ સાંભળ્યા જેવો છે. ભગવાનનું રૂપ જુદું છે. ભગવાનના ગુણ જુદા છે. ભગવાનની મૂર્તિ જુદી છે. ભગવાનના ભક્ત જુદા છે ઈ ઓળખાઈ જાય તો કામ થઈ જાય આપણે એટલું સમજવું કે, ભગવાનનો મહિમા અને ભક્તનો મહિમા કહેવામાં અટકવું નહીં. આપણે એના ગુણ જોયા છે. ને શું કામ અટકવું ? આ સત્સંગની જેને આ સમે પ્રતીતિ આવી એના પુન્યનો પાર નથી. આ સમે ભજન નહીં થાય, ધ્યાન નહીં થાય, સમાગમ નહીં થાય, એને બહુ ખોટ્ય જાશે. આંહી ખોટ્ય નહીં ભાંગે તો બદરિકાશ્રમમાં નહીં ભાંગે, શ્વેતદ્વિપમાં પણ ખોટ્ય નહીં ભાંગે પણ આ સભામાં સાચા ભાવથી ઘડીક ઊભો રહેશે તોય ખોટ્ય ભાંગી જશે. કિરણ-૮૫

● આવું શાસ્ત્ર કોઈ નહીં હોય. સ્વભાવ ટાળવાનો

ઉપાય બતાવ્યો. વનમાં રાફડા થઈ ગયા તોય સ્વભાવ ટળ્યા નથી અને એક વિચારથી સાધન વિના સ્વભાવ નાશ થઈ જાય એમ બતાવ્યું. મારા શત્રુને માર્યાનો ઉપાય કરે છે માટે મારા પરમ હેતુ છે એમ માને તો સ્વભાવ ટળે. એને સારા નરસા પંચવિષય સરખા થઈ જાય; ઊતરતા થઈ જાય ને ઊતરતાથી પણ ઊતરતા થઈ જાય. ભગવાન એમ કહે છે કે, હું કહું છું એમ કરો તો કાંઈ કરવું રહેશે નહીં. જે સ્વભાવને ટોકે એમાં હેત થાવું જોઈ. આવો વિચાર પામે તો સ્વભાવમાત્રનો નાશ થઈ જાય. આ તો ભીડામાં રાખ્યા છે એનું સુખ આપવા માટે જ. વાત તો ઘણી હોય પણ એમાંથી એક વાત આપણી થઈ જાય તો કામ થઈ જાય. હું ને મારો ઠાકોર એમ કરી રાખવું. હું ભગવાનનો અને ભગવાન મારા; બીજા બધાયને તજી દેવા. કિરણ-૮૫

● સ્વામિનારાયણમાં વિશેષ કેટલો છે ? તો બીજાએ

તો સવિકલ્પ નિશ્ચય કરાવ્યો ને સ્વામિનારાયણ ભગવાને સવિકલ્પ નિશ્ચય થયો હોય એનાથી નિર્વિકલ્પ નિશ્ચય કરાવ્યો. કિરણ-૮૫

- દેશકાળે સ્થિતિ રાખવી તે જ સત્સંગનું ફળ છે. આપણામાં કે કુસંગીમાં ફેર એટલો કે આપણને દેશકાળે ધીરજ રહે ને કુસંગીને ધીરજ ન રહે. કિરણ-૮૬
- ભગવાનનાં ચરિત્રનું ગાન કરીએ તો બુદ્ધિ સારી રહે. ને વિમુખની વાત કરીએ તો બુદ્ધિ ખરાબ થઈ જાય. કિરણ-૮૬
- વિવેક હોય તો ભગવાન સાંભરે. વિવેક એટલે પ્રતિલોમવૃત્તિ. આલોકનાં પદાર્થ કાંઈ દુર્લભ નથી. દુર્લભ તો આવા બ્રહ્મવેત્તા સંતનો સંગ ને શ્રી વાસુદેવ ભગવાનની ભક્તિ એ જ દુર્લભ છે. કિરણ-૮૭
- આસુરીનું લક્ષણ શું ? તો ઝાઝી બુદ્ધિ હોય તોપણ

ભગવાનમાં હેત ન થાય. ને દૈવીનું લક્ષણ તો થોડી બુદ્ધિવાળો હોય તોપણ ભગવાનમાં હેત થાય.આસુરીને ભગવાનનો જોગ થાય. તોપણ આસુરી જ રહે. કિરણ-૮૭

- તાણી તાણીને વિષય ભોગવ્યા છે એમ આ સમે તાણી તાણીને સેવા કરે તો અસુરભાવ ટળે. કિરણ-૮૭
- આ મંદિરમાં જે સેવા કરે, ક્રિયા કરે એનાથી બ્રહ્મરૂપ થવાય છે. કિરણ-૮૭
- ભગવાન જેવા અક્ષરધામમાં છે એવા જ પૃથ્વી ઉપર છે. કોઈ એક ભગવાન છે એવું જ્ઞાન છે. અને મને જે મળ્યા છે એ જ પ્રત્યક્ષ પ્રમાણ ભગવાન છે. ભગવાનનાં સ્વરૂપને વિષે જેટલી નિષ્ઠા એટલું જ્ઞાન થાવાનું એ સાધન. કિરણ-૮૭
- સદાય સાકાર કર્તા ને ઈ જ સર્વોપરી આ ચાર શબ્દ છે. એમાં આખા વચનામૃતનો ઈતિહાસ આવી ગયો. કિરણ-૮૭

- ભગવાન ભજે એના ઉપર કોઈ રાજી થાય તો ભગવાન એના ઉપર રાજી થાય. કિરણ-૮૯
- આ લોકમાં પરલોકનું સુખ શું છે ? તો સુખમાં દુ:ખ દેખવું એ જ. કિરણ-૮૯
- જીવને ભૂલ પડે પણ સુધારી લે તો એને પોતાની ભૂલ સૂઝી કહેવાય. અને ભૂલ ન સુધારે તો ભૂલ સૂઝી નથી. કિરણ-૮૯
- મોટાની મે'રબાની હોય તો પોતાની ભૂલ દેખાય. પોતાની ભૂલ ભાળવી ઈ મોક્ષની ઝીણી બુદ્ધિ ને બીજાની ભૂલ ભાળવી ઈ જાડી બુદ્ધિ. બુદ્ધિ વિનાનો કહેવાય. કિરણ-૮૯
- જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે એવો પોતાને સમજવાનો આગ્રહ હોય તો કામ થઈ જાય. કિરણ-૮૯
- ભગવાન સામું જોઈ રહેવું પણ મોટા સામું જોઈ રહે તો ભગવાન રાજી થાય. કિરણ-૮૯

- કુરાનમાં લખ્યું છે કે કોઈ ગુનેગાર ? તેના ગુના ભગવાન માફ કરે છે. હું ગુનેગાર છું, મારી ભૂલ છે, એમ થાય તો એ એના ગુના ભગવાન માથે લઈ લ્યે છે. પછી ત્યાં અપીલ જ નથી. કાગળના લખનારા મળ્યા હવે કાગળનું શું કામ છે ? તેમ આપણને ભગવાન ને મોટા મળ્યા એની આગળ દીન થઈ જાવું. એનો જેમ રાજીપો થાય એમ કરવું. ઈ કહે તો ખાઈ લેવું ઈ કહે કે માળા ફેરવ્ય તો માળા ફેરવવી. તમે તમારા છોકરાને આધિન છો તો છોકરા માટે કેટલું કરો છો એમ આપણે ભગવાનને ને મોટાને આધિન થાવું. એની અનુવૃત્તિમાં બધુંય આવી ગયું. કિરણ-૮૯
- આપણે સ્થૂળ ભાવ છે તો સામી વસ્તુ ભગવાન અને ભગવાનના ભક્ત પણ સ્થૂળભાવ છે. એના સજાતીય થાવ તો કામ થઈ જાય. માયિક પદાર્થની કિંમત છે તો કારણમાં સલવાણો છે. એની કિંમત

આળસી જાય તો ભગવાનનો સજાતીય થઈ ગયો. કિરણ-૯૦

- સામાનો ગુણ આવે તો સજાતીય ગણાય. સામાનો અવગુણ આવે તો વિજાતીય છે. કિરણ-૯૦
- ભગવાનના એકેય ગુણને આપણે જાણતા નથી ને જો જાણતા હોઈ તો સંભારવા જ ન પડે. ધ્યાન કરવું જ ન પડે. વગર ધ્યાને ધ્યાન થઈ જાય.કિરણ-૯૦
- નિર્વાસનિકપણું એકાંતિકનો ધર્મ છે. ભગવાન સિવાય બીજી કાંઈ ઈચ્છા ન હોય ને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતા હોય એને એકાંતિક કહેવાય. કિરણ-૯૧
- આ સત્સંગમાં કેટલાક આગળ આવે ને કેટલાક પાછળ રહેતા જાય. પોતાનો અવગુણ લ્યે ને સામાનો ગુણ લ્યે ઈ વધી જાય. ને પોતાનો ગુણ લ્યે ને સામાનો અવગુણ લ્યે ઈ ઘટી જાય.કિરણ-૯૧

- ગુણ, વિનય ને સેવા વધવાનાં ઉપાય છે. હઠ, માન ને ઈર્ષ્યા ઘટવાનાં ઉપાય છે.કિરણ-૯૧
- જેવા સ્વભાવ આપણા છે એવા સ્વભાવવાળાની સાથે આપણને મેળાપ થાશે. કિરણ-૯૧
- કલ્પ આખો ભગવાન સામું જોઈને બેઠો રહે તોપણ વિષય ન ટળે પણ સાધુ મળે તો ટાળે. કિરણ-૯૨
- સર્વોપરી સમજવાના ચાર લક્ષણ છે સદા, દિવ્ય, સાકાર ને કર્તા આમ સમજે ત્યારે ઈ સર્વોપરીપણું સમજાણું ગણાય. કિરણ-૯૨
- માન બધાય દોષમાં વડો છે. તેને ટાળવાનો એક જ ઉપાય છે. ભગવાનના ભક્તનો મહિમા સમજવો. માન કેવું છે ?

  **કનક તજ્યો કામીની તજ્યો તજ્યો ધાતુકો સંગ, તુલસી લઘુ ભોજન કરી જીવે માનકે રંગ**

  માન ટાળે એ ભક્ત મને વહાલો છે. કિરણ-૯૨
- ભગવાનનાં સ્વરૂપની નિષ્ઠા ન હોય તો ઝાડવા

જેવો છે. કિરણ-૯૨

- આ લોકમાં એકાંતિકનું લક્ષણ શું ? તો સુખમાં દુઃખ દેખવું ઈ ઝાઝાને સૂઝે નહીં. એ સૂક્ષ્મ વાત છે. કિરણ-૯૨
- ભગવાન અને સાધુ એને જેવા જાણીએ એટલું આપણને આપી દ્યે. કિરણ-૯૨
- ખપ હોય કે'તા વિશ્વાસ હોય તો વાત નીકળે ને ખપ ન હોય તો વાત કરવી હોય તોય ન થાય. કિરણ-૯૨
- ભગવાનના સંબંધવાળા ભક્ત છે એની રક્ષા માટે ભગવાન અવતાર ધારણ કરે છે. કિરણ-૯૨
- કુત્સિત શબ્દે કરીને ખંડન કરનારો નિર્લેપ છે, નિર્વિકાર છે.કિરણ-૯૨
- જો ભગવાનને કર્તા-હર્તા સમજે તો મનસૂબા ન થાય. કિરણ-૯૨
- અત્યંત નિર્વાસનિક થઈને ભગવાનમાં હેત કરવું. કિરણ-૯૨

- આ સત્સંગમાં જન્મ થયો એ જીવ ઉપર સ્વભાવનું કાંઈ ન ચાલે. કિરણ-૯૨
- જોગ થાય ને ન લેવાય ઈ તો એક ભગવાન જ ન લેવાય. કિરણ-૯૩
- પોતાથી મોટો હોય એની આગળ પણ સ્તબ્ધપણું રહે એનું નામ માન કહેવાય. એની આગળ પણ હલકુ ન થવાય ઈ માન કહેવાય. કિરણ-૯૪
- ડા'યો હોય, ગુણવાળો હોય, પણ પ્રત્યક્ષ ભગવાનનો આશ્રય ન હોય તો તે ખીજડા જેવો છે. કિરણ-૯૪
- સત્પુરુષ સારા છે; સત્પુરુષ રાજી થાય એવું કર્મ કરે તો સ્વર્ગમાં જાય. ને સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય પણ સત્પુરુષને કુરાજી કરે તો નરકમાં પડવું પડે. કિરણ-૯૫
- પછી સ્વામીએ વાત કરી જે, સાંખ્ય સિદ્ધ ન કરે તો મનુષ્યભાવ રહે છે. અંતર્યામીપણું સમજાતું નથી.

સાંખ્ય સિદ્ધ કર્યા પછી ઉપાસનાના ગ્રંથ સાંભળે તો મનુષ્યભાવ નાશ પામે. કિરણ-૯૬

- વનનાં મૃગલાની પેઠે ફરતો ફરે ને કોઈનો સંગ ન ગમતો હોય ને નિવૃત્તિ માર્ગવાળો હોય પણ ભગવાનના ભક્તનો સંગ ન ગમે તો પરલોકમાં જરૂર ન્યૂન સુખને પામશે. કિરણ-૯૭
- વૈરાગ્યવાળો નથી, ને નિવૃત્તિ માર્ગવાળો છે છતાંય ભગવાનના ભક્ત માટે પ્રવૃત્તિની ક્રિયા કરે; એનો સંગ ગમે તો એને જ ભક્તિવાળો કહેવાય ને ઈ ભક્ત પરલોકમાં જરૂર અધિક સુખને પામશે. કિરણ-૯૭
- જગત સંબંધી પંચવિષય રાગે કરીને; બીકે કરીને; ભય થકા ગ્રહણ થાય છે. ને ભગવાન સંબંધી પંચવિષય નિર્ભય થકા ચોડેધાડે ભોગવાય છે. કિરણ-૯૮

- લોકમાં મળતું રહે તો ધર્મ ને લોકમાં ન મળે તો અધર્મ કહેવાય. કિરણ-૯૮
- સાધુ એટલે વેર ન વાળે ઈ સાધુ કહેવાય. પણ ધોબી એ ધોબી થાય તો સાધુ ન કહેવાય. કિરણ-૯૮
- ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ થાય તો સત્સંગ પોતાનો થઈ જાય. કિરણ-૯૮
- જેમાં સુખ મનાય એમાં આત્મબુદ્ધિ થઈ ગણાય. કિરણ-૯૮
- હું સત્સંગનો અને સત્સંગ મારો એમ થઈ જાવું જોઈ. કિરણ-૯૮
- અમે તો ઈ સ્થિતિવાળાને ઓળખે એનો મહિમા કહીએ છીએ કે, એવા ભગવાનને પ્રતાપે કરીને જે કલ્યાણને ઈચ્છે એના દર્શનથી અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે. અમારા બધા લેખમાં આ શબ્દ મુખ્ય આવે છે. પણ દેરામાં સોના મહોર

હતી એમ આવે છે. કિરણ-૯૮

● સાધુને ઓળખવા એના કરતાય સાધુને ઓળખે એને ઓળખવા બહુ કઠણ છે. કિરણ-૯૮

● ગુણનું અને અવગુણનું બેયનું વર્ણન કરે તો ભગવાન કહેવાય.કિરણ-૯૮

● બાધિતાનુવૃત્તિના મર્મને જાણે તો ભગવાનના ભક્તનો અવગુણ ન આવે. કિરણ-૯૮

● આવા સત્સંગમાં રહ્યો છે છતાંય દેશકાળ ઠોકર મારી દ્યે છે ને ભૂંડા સંકલ્પ થાય છે તેને તો પૂર્વના ભારે ખરાબ સંસ્કાર છે. માટે હવે તો ખબડદાર થઈને મંડી પડે તો સ્વભાવ નાશ પામે. કિરણ-૯૯

● અહંકાર આવ્યો એટલે દેશકાળ આવી જ ગયો. કિરણ-૯૯

● પ્રારબ્ધ છે ઈ તો બધાયને ભોગવવું પડે. જ્યારે દેહનો નાશ થાય ત્યારે પ્રારબ્ધ કર્મનો

નાશ થાય. કિરણ-૯૯

- દેશકાળે સ્થિતિ રહેવી એ જ સત્સંગ કરવાનું ફળ છે. જેને દેશકાળે સ્થિતિ ન રહે ઈ પોતે હેરાન થાય ને બીજાને પણ હેરાન કરે. કિરણ-૧૦૦
- માહાત્મ્યે સહિત ભગવાનનું સ્વરૂપ ઓળખે એટલા સાધનથી જ અક્ષરરૂપ થઈ જાય દેહ મૂકતા. કિરણ-૧૦૦
- **જે મૂર્તિ જનને ભાવે તે મૂર્તિ ધામ પોં'ચાવે.** ભગવાનની મૂર્તિ મનુષ્ય જેવી જણાય એને વિષે અલૌકિકપણું થાય ત્યારે અવતારના અવતારી જાણ્યા ગણાય. કિરણ-૧૦૦
- ભગવાન સાંભરે એટલો જ લાભ છે. ને ભગવાન ભૂલાય એટલી આ લોકમાં ખોટ્ય છે. કિરણ-૧૦૦
- ભગવાનના ભક્તનો રાજીપો થાય તો ભગવાનનું સ્વરૂપ ઓળખાય. કિરણ-૧૦૧

- જ્ઞાની કોને કહેવાય ? તો ભગવાનનાં સ્વરૂપમાં કલ્યાણકારી ગુણ છે એને જાણે ને માયાના સ્વરૂપને પણ જાણે ને માયિક પદાર્થથી વૈરાગ્યને પામે ત્યારે જ્ઞાની કહેવાય. કિરણ-૧૦૧
- પંચવિષયનું સુખ કાંઈ દુર્લભ નથી. દુર્લભ તો આ સત્સંગ છે સંતનો સમાગમ છે. ને એનો સ્વભાવ ગમે; એની ક્રિયા ગમે એ જ દુર્લભ છે. કિરણ-૧૦૧
- ચોર અને ઠગનાં સંગથી જ્ઞાન ઘટી જાય છે. કાંઈક માગે એટલે પ્રીતિ ઘટી જાય છે. ત્રણ વાર ઘરે જાય એટલે માન ઘટે છે. કિરણ-૧૦૧
- રોગ ઔષધથી મટી જાય છે. દારિદ્ર ઘટે ગોંવિદ ગોંવિદ ગાય. કિરણ-૧૦૧
- ધર્મમાં શિથિલ હોય ઈ દૈવી હોય તે દબાય. પણ આસુરી હોય તે ન દબાય. દબાય છે તોપણ દોષ વિનાનો છે. કિરણ-૧૦૧

- દોષવાળો દૈવી છે એટલે દબાય છે તે દોષ વિનાનો છે ને દબાતો નથી ઈ અસુરની પંક્તિ છે. કિરણ-૧૦૧
- અભયદાન એટલે દર્શનમાત્રથી કલ્યાણ થઈ જાય. એક જોવામાં બધાંય સાધનનો સમાવેશ થઈ ગયો. કિરણ-૧૦૧
- નારદસનકાદિક મોટા શાહુકાર છે. તેનુ વચન સત્ય ન મનાય તે પાપી છે, અધર્મી છે. માટે મોટા શાહુકારનો વિશ્વાસ આવી જાય તો કામ થઈ જાય. કિરણ-૧૦૧
- આટલા વર્ષ વયા ગયા ને કાંઈ ન થયુ ને હવે થોડી અવસ્થા રહી છે. એમાં આપણે શું કરશું ? માટે કાલ કરતા આજ કરી લેવું આજ કરતાં અબઘડી કરી લેવું. આ મૂળ વિનાનું ઢોકળું ઢળી પડશે પછી શું કરશો ? કિરણ-૧૦૧
- સ્વભાવ ઉપર દોષ બુદ્ધિ થાવી જોઈ. ને ગુણમાં ગુણ બુદ્ધિ થાવી જોઈ. એમાં શત્રુ પણ થાવું જોઈ.

સ્વભાવને ટોકે છે, એની ઉપર હેત છે તો સ્વભાવ છે તોપણ નથી. કિરણ-૧૦૨

- જે સ્વભાવને રોકે એનો એમ મહિમા સમજે કે, આ તો મારા પરમ હેતુ છે ને મારા સ્વભાવના વેરી છે, પણ મારા મિત્ર છે. કિરણ-૧૦૨
- આપણે ભગવાનના અને સાધુના અંતર્યામી થાઈ તો આપણા સ્વભાવ ટળે. કિરણ-૧૦૨
- આખી શિક્ષાપત્રીમાં ૪૯૬ વાક્ય છે. એમાં એક પળાય જાય તોપણ મોક્ષ થઈ જાય. કિરણ-૧૦૨
- જીવનો વાંક ક્યો ? તો સદાય જેને ભૂંડા સંકલ્પ થાય તેને ઈ જીવનો જ વાંક છે ને મનનો વાંક ક્યો ? તો પદાર્થ ને જોગે ભૂંડા ઘાટ થાય તો મનનો વાંક. કિરણ-૧૦૨
- માનસી પૂજા કરે છે દહાડે દહાડે વધતો જાય છે. કિરણ-૧૦૨

- જેટલી આત્મનિષ્ઠામાં ખામી હોય એટલી ધીરજ રહે નહીં. માટે જેટલી આત્મનિષ્ઠા પરિપક્વ હોય તો જ સમય આવે ત્યારે ધીરજ રહે. નહીંતર ધીરજ ન રહે.કિરણ-૧૦૨
- પ્રકૃતિને જેવી છે તેવી જાણે તો ભગવાનમાં અને ભગવાનના ભક્તમાં ખરેખરું હેત થાય. કિરણ-૧૦૩
- સાધુના કોઈ દર્શન કરતું નથી, પણ થાંભલાના દર્શન કરે છે. જોયા જેવા તો સાધુ જ છે. એના ગુણ જોયા જેવા છે. એના લક્ષણ કલ્યાણકારી છે. કિરણ-૧૦૩
- જેઠાબાપાને આગળ બેસારીને વાત કરી જે, સામાનો ગુણ ગ્રહણ કરવો પણ અવગુણ હોય એને ગ્રહણ ન કરવું. કિરણ-૧૦૩
- હેત હોય એટલી વાત કરવી. અનેક સંસ્કાર ઉદય થાય ત્યારે મુમુક્ષુતા ઉદય થાય અનેક મુમુક્ષુતા

ઉદય થાય ત્યારે મુક્તપણું થાય અને ખપ તો મુમુક્ષુતામાં છે. કિરણ-૧૦૩

- કામક્રોધાદિક દોષો તો રહે છે. ઈ તો મન સોંપે ત્યારે ટળે. કિરણ-૧૦૩
- સંત ને ભગવાનની પ્રાપ્તિ થઈ ત્યારે એને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી. એ જ પરમ કલ્યાણ છે. પણ જેવું સગાસંબંધીમાં હેત છે એવું ભગવાનના ભક્તમાં કરવું તો કૃતાર્થ થાઈ. કિરણ-૧૦૩
- આ જ સત્સંગમાં જન્મ ધર્યો એનું એક પગલું અક્ષરધામમાં ને આવા સાધુની ઓળખાણ થઈ એટલે બેય પગલાં અક્ષરધામમાં છે. કિરણ-૧૦૩
- વિદ્યા ભણ્યો હોય પણ પ્રત્યક્ષ ભગવાનનો આશરો ન થયો હોય તો ખીજડા જેવો છે. કિરણ-૧૦૩
- આ હાડકાનું ને માંસનું શરીર છે એમાં મગદળ જેવી ચીજ નાખી દે છે. એવી આત્મબુદ્ધિ આ દેહમાં છે. એવી આત્મબુદ્ધિ જો ભગવાનના

ભક્તમાં થાય તો નિર્વિકલ્પ સમાધિમાં જેવું સુખ છે તેવું દેહમાં વરતતા છતાં પણ સુખ વરતે. કિરણ-૧૦૩

- એવા જે મોટા પુરુષ એમાં દેવની બુદ્ધિ રાખે ને જે વચન કહે તે સત્ય માને ને તે પ્રમાણે વર્તે. ત્રીસ લક્ષણે યુક્ત હોય એમાં દેવની બુદ્ધિ, ઈશ્વરની બુદ્ધિ કરવી. દેવને થાળ ધરીએ એમાંથી દેવ જમી જાય તો કેવો આનંદ થાય. એવી ત્રીસ લક્ષણવાળા સાધુમાં આત્મબુદ્ધિ થાવી જોઈ. કિરણ-૧૦૩
- વહેવારની વાત કોઈ પૂછવા આવે તો જેટલું પૂછ્યું હોય એટલી જ સલાહ આપવી. તો આ લોકની ઉપાધિ ઓછી થાય છે. કિરણ-૧૦૩
- ભગવાનના ભક્ત જાણીને પગે લાગીએ તો જીવ સુખિયો થઈ જાય. કિરણ-૧૦૩
- ઈંદ્રિયો, અંતઃકરણ બ્રહ્મરૂપ થઈ જાય તો અક્ષરધામમાં મૂકવા આવે એને જ બ્રહ્મરૂપ

કરી દ્યો ને. કિરણ-૧૦૩

- સગાંસંબંધી તો વીછીડા જેવાં છે; સ્વારથિયા છે, નઠારાં છે એમાં હેત ન રાખવું. કિરણ-૧૦૩
- ભગવાનના ભક્ત કઠણ વચન કહે ને દુઃખ ન લાગે ઈ પૂર્વજન્મનો નમૂનો છે. એવા ભક્તને કામક્રોધાદિક દોષ તો કદાચિત રહે પણ ભગવાનનો નિશ્ચય તો મટે જ નહીં. કિરણ-૧૦૩
- આ સત્સંગ જેવો કલ્યાણકારી છે. એવો જ આ લોક બંધનકારી છે. કિરણ-૧૦૩
- આ દેહમાં શક્તિ ન હોય તો ભગવાનનો શબ્દ યાદ બહુ રહે.કિરણ-૧૦૩
- શિશ્નુ અને ઉદર ઈ બેમાં આસક્તિ છે, ઈ જ અસત્પુરુષપણું છે આ જીવ ખાવું અને વિષય ભોગવવાં બે જ વાના કરે છે. ઈ ધંધો તો જન્મોજન્મ કરતો આવ્યો છે. કિરણ-૧૦૩

- આ લોકમાં રહીને પરલોક સુધારે એ જ ડા'યો ગણાય. કિરણ-૧૦૩
- સંતોષ હોય તો લોભની નિવૃત્તિ થાય. કિરણ-૧૦૩
- ભક્તિહીન હોય એને ભગવાનનું સ્વરૂપ હાથમાં ન આવે. કિરણ-૧૦૪
- ભગવાન પ્રાકૃતચરિત્ર કરે, એમાં જેને અહો થયું એવી જે ભક્તિ તે જ્ઞાન, વૈરાગ્ય કરતાં અધિક છે. કિરણ-૧૦૪
- દુઃખ તેમાં સુખ દેખવું ઈ વૈરાગ્ય છે. કિરણ-૧૦૪
- પંચવિષય ભોગવતો હોય ને શિશ્નુ ઈંદ્રિય ચળાયમાન થઈ હોય પણ ન અડે તો મટી જાય. કિરણ-૧૦૪
- જેનાં સામું જોઈને વૃત્તિ પાછી વળી જાય તે ભગવાનના સ્વરૂપની શક્તિ છે.કિરણ-૧૦૪
- સ્ત્રી દુઃખનો અગાર છે. ને તે મૂત્ર, માંસ, પરુ, પાસ, રુધિર અને બીજી અસંખ્યાત દુઃખમય

અસાર તુચ્છ એવી ચેષ્ટાઓથી ભરપૂર ભરેલી છે. પણ આ ભાઈ એમાં મોહિત થઈ જાય છે. કિરણ-૧૦૪

- પોતાના દોષ દેખાતા હોય તે પાછી વૃત્તિ ગણાય છે. કિરણ-૧૦૪
- આ દેહ તો માંસનો પિંડો છે. ગારાનું દેહ છે. દેહના ભાવ તો દેહ ભેળા હોય ત્યાં સુધી સારા દેહમાંથી બા'રાં નીકળે તો કૂતરાં, ગધેડાં, તગડવા કઠણ પડે. માખીનો ડુંગર થઈ જાય એવા દેહના ભાવ છે.કિરણ-૧૦૪
- આ જીવ નાડા જલો છે. બીજો બાપ ન કરાય એવું નાડું જાલી લ્યે. કિરણ-૧૦૪
- કુસંગમાં કુસંગ તો આ દેહ જ છે. એક દેહ ને બીજા દેહનું ભરણ-પોષણ કરનારા એમાંથી હેત તૂટે એટલે માયાનો તરી ગયો ગણાય. કિરણ-૧૦૪

- દેહના પ્રવર્તક ભગવાન જ છે. એની ઈચ્છા હોય તો દુઃખ ભલે આવે. મટવાની પ્રાર્થના કરવી જ નથી. એની ઈચ્છા ઈ જ આપણું પ્રારબ્ધ છે. ભગવાનના ભક્તને દુઃખ આવે ઈ ભગવાનની ઈચ્છાથી જ આવે છે. ને વિમુખને જે દુઃખ આવે છે, ઈ કર્મે કરીને આવે છે. કિરણ-૧૦૪
- આ દુનિયામાં લાજ જાતી હોય તો જાવા દેવી આલોકમાં લાજને આધિન થાય ઈ ભગવાનના ધામમાં ન જાય. લાજ ભગવાનનાં ધામમાં જાતા આડી આવે છે. કિરણ-૧૦૪
- મોટાઈની આશા ગધેડે બેસવા જેવી છે. કિરણ-૧૦૪
- આ લોકમાં મોટામા મોટો લાભ ભગવાનના ભક્ત ભેળું રહેવું ઈ જ છે. ને એનાથી નોખા પડવું ઈ મોટામા મોટી ખોટ્ય છે. કિરણ-૧૦૪

- ગમે એવો ભૂંડો દેશકાળ આવે તોપણ અંતરે સુખશાંતિ વરતે એનું શું કારણ છે ? કિરણ-૧૦૪
- ભગવાનના ભક્તને દુ:ખે દુ:ખિયો થાય તો એને અંતરે સુખ વરતે. કિરણ-૧૦૪
- ભગવાનના ભક્ત ભેળું રે'વામાં અકળાવું નહી. ભગવાનના ભક્તથી અકળાય એટલે વિમુખ સારાં લાગે. ભગવાનનાં ભજનથી બીજી કોઈ સંપત્તિ આ પૃથ્વી ઉપર નથી. કિરણ-૧૦૪
- **હું ને મારો ઠાકોર જગત બધું કાણું,**
  **પ્રભુ બેઠો પારણે હું દોરી તાણું.** કિ.-૧૦૪
- મૃત્યુનો ભય લાગે તો પાછો આવ્યો કહેવાય. કિરણ-૧૦૪
- મોટાની દૃષ્ટિ ત્રણ જણ ઉપર થાય છે. એક તો સ્વભાવ મૂકી દીધા હોય ને મૂકવાનો આદર કરતો હોય ને એકે નિ'મ રાખ્યું હોય; આ ત્રણ પ્રકારના કહ્યા એના ઉપર મોટાની દૃષ્ટિ

રહે છે. કિરણ-૧૦૫

- દૈવી અને આસુરી થવાનું કારણ તો સત્પુરુષનો અનુગ્રહ અને કોપ છે. કિરણ-૧૦૫
- પોતે જ સાકારપણાની દૃઢ પ્રતીતિ કરાવી છે. ધામ જે પોતાનું સ્વરૂપ અક્ષર તે વતે માયારૂપી કપટને ટાળ્યું છે પણ તે સિવાય સાકારપણાની પ્રતીતિ કોઈએ કરાવી જ નથી. કિરણ-૧૦૫
- આપણે ગમે એવા હોઈ, પણ દુઃખમાં જ ભગવાન સાંભરશે પણ સુખમાં ભગવાન નહીં સાંભરે. સુખમાં તો શું છે પણ ખાવું, ઊંઘવું ને કુદકા મારવા ઈ તો વાછડા પણ કરે છે. માટે નબળો દેશકાળ સારો પણ સારો દેશકાળ નહીં સારો. કિરણ-૧૦૫
- જગતમાં પ્રીતિ છે ઈ આ લોક છે. જગતમાં આનંદ છે ઈ આ લોક છે. ને જગતમાં ફજેતો મનાય તો વૈરાગ્ય છે. જગત વિચિત્ર મનાય તો વૈરાગ્ય છે. જગત વાહ વાહ કર્યા જેવું છે એમ

મનાય તો જ્ઞાન છે. જગતનું પ્રતિપાદન કર્યું તો મુવા પડ્યાં. કિરણ-૧૦૬

- ભગવાનના ભક્ત આગળ દીન થઈ જાવું ને એની આગળ આપણા ગુના બક્ષિશ કરી દેવા. કિરણ-૧૦૬
- તમે વધારે આત્મનિષ્ઠાવાળા થાવ તો વધારે ભગવાનનો મહિમા સમજી શકો. ઈંદ્રિયારામ થાવ તો ભગવાનનો મહિમા ન સમજી શકાય. કિરણ-૧૦૭
- ભગવાન સંબંધી સંકલ્પ કરો તો ભક્ત અને જગત સંબંધી સંકલ્પ કરો તો અભક્ત. કિરણ-૧૦૭
- ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ. કિરણ-૧૦૭
- મોટા એકાંતિકને હાથ જોડવા ઈ સત્સંગ. કિરણ-૧૦૭

- દેવમાં પૂજ્યબુદ્ધિ છે એવી મનુષ્યરૂપ એવા ભક્તમાં આત્મબુદ્ધિ, પૂજ્યબુદ્ધિ નથી તો તે સત્સંગ નથી. કિરણ-૧૦૭
- ચાર વેદ તો ખરા પણ પાંચમો વેદ સત્પુરુષ છે. કિરણ-૧૦૭
- જ્ઞાન થાય ત્યારે આ જીવ ઘરડો થાય. કિરણ-૧૦૭
- એકની સાથે જોડાય તો એની સાથે ધાર્યું ન થાય. એનું નામ ભીડામાં રહ્યો ગણાય. આ સત્સંગમાં ભીડામાં રહેવું ઈ ભગવાન સંબંધી સાધનમાં શ્રેષ્ઠ સાધન છે. કિરણ-૧૦૭
- દેહને દુ:ખ થાય એમ કરો; નિંદા કરો એટલે ભગવાન સંબંધી વાત થઈ ગઈ. કિરણ-૧૦૭
- દેહ હું નહીં, દેહ હું નહીં, દેહ હું નહીં, એમ આઠ પહોર ભજન કરવું. કિરણ-૧૦૭
- દેહ ખોટું છે, દેહનાં સંબંધી ખોટાં છે, જગત ખોટું છે. ભગવાન સત્ય છે, એનું સ્વરૂપ સત્ય છે, એનાં

ગુણ સત્ય છે. કિરણ-૧૦૭

- ભગવાનના ગુણ-અવગુણ બેયનું વર્ણન થઈ શકે તે ભગવાનની વાણી. કિરણ-૧૦૭
- પ્રવૃત્તિ છે ભાંગ્ય જેવી છે પણ જે માટે છે, ઈ સામી વસ્તુ સત્ય છે. માટે એવી પ્રવૃત્તિવાળો ભક્તિવાળો છે. કિરણ-૧૦૮
- અમારી પહેલા એવી પ્રકૃતિ હતી. કાંઈ ન જોઈ પુસ્તક, પાનુ ન જોઈ, પાછી વૃત્તિ વાળીને બેઠા રહીએ એવી અમારી પ્રકૃતિ હતી. પણ રાજકોટ ગયા ત્યાં ઉપાસનાની લેન સમજાણી પછી અમે ભગવાનના ભક્તનો ભીડો સહન કરી શકતા. નહીંતર ભીડો સારો ન લાગતો. વનમાં ચાલ્યા જાઈએ; કાંઈ ખાઈએ જ નહીં; એવો અમારો ઠેરાવ હતો છતાંય ઉપાસનાની વાત સમજાણા પછી ભીડો સારો લાગ્યો. માટે ઉપાસનાની વાત સમજવી બહુ વિકટ વાત છે. ભગવાન બહુ

જબરા ને ભગવાનના ભક્ત પણ અધિક છે. પણ એની કિંમત થાય તો મેળ ખાય. હીરો પણ બકરીની ડોકે બાંધે છે. રામ સાથે સરખાવે, કૃષ્ણ સાથે સરખાવે, વામન સાથે સરખાવે, વારાહ સાથે સરખાવે, પરશુરામ સાથે સરખાવે તો કિંમત ન થઈ કહેવાય. કિરણ-૧૦૮

- આપણી ક્રિયામાં મૂંઝાવું પણ ભગવાનની ક્રિયામાં ન મૂંઝાવું. કિરણ-૧૦૮
- ભગવાનના ભક્તના ભક્ત થાવું ઈ આકરી વાત છે, દાસના દાસ થાવું ઈ આકરી વાત છે. કિરણ-૧૦૮
- ભગવાનના ભક્તને વાદવિવાદે કરીને જીતીને રાજી થાય ઈ અમને દીઠો જ ગમતો નથી. એને બોલાવવાને ઈચ્છું તોપણ બોલવાનું મન જ થાય નહીં ને ભગવાનનો ભક્ત સૂઝે એટલો વાંકમાં આવે તોપણ મને એનો અભાવ આવે નહીં. ને

આ સભા જેવી બીજે છે એથી પણ આ સભા અધિક છે. અને જે આ સત્સંગમાં સત્તારૂપે નહીં વરતતો હોય. તો એનું રૂપ આ સત્સંગમાં ઉઘાડું થયા વિના નહીં રહે. ને આ સત્સંગ તો બ્રહ્મરૂપ છે, વિષ્ણુરૂપ છે. કદાચ બીજો આપણું ભૂડું કરવા ઈચ્છે, ત્યાર પહેલા જ એનું ભૂડું થાય છે. એવો આ સત્સંગ છે. સત્તારૂપે નહીં વરતે તો આ સત્સંગમાં એનું રૂપ ઉઘાડું થયા વિના નહીં રહે, નહીં રહે, નહીં જ રહે. કિરણ-૧૦૮

- ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેણે યુક્ત સાધુ તેના પ્રસંગથી મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. ને ભાગવતધર્મનું પોષણ થાય છે. કિરણ-૧૦૮
- જેવું સંબંધીમાં હેત છે ને દેહમાં હેત છે એવું ભગવાનના ભક્તમાં હેત થાય તો મોક્ષનું દ્વાર ઉઘાડું થાય. કિરણ-૧૦૮

● એકાંતિક સાધુનાં વચનમાં વિશ્વાસ લાવીને ભગવાનનાં ચરણકમળને ભજે તો, ઈ ની ઈ ભગવાનની મૂર્તિ પરમ સત્-ચિત્ આનંદમય ભાસે. કિરણ-૧૦૮

● ગુરુના ગુણ આવ્યા હોય તો એને સંભારવા ન પડે; સંભાર્યા વિના સાંભરે. કિરણ-૧૦૮

● ગુરુના ગુણ આવે તો ગુરુપરંપરા સમજી ગણાય. પણ અમે ગુણાતીતાનંદસ્વામીના છીએ એમ બોલવા માત્ર ગુરુપરંપરા નથી. કિરણ-૧૦૮

● ભગવાનનું સ્વરૂપ ઓળખે તો જ્ઞાનપ્રલય છે. કિરણ-૧૦૮

● જોનારો ભય નથી પામતો પણ ભોગવનારો ભય પામે છે. કિરણ-૧૦૮

● અણસમજણે કરીને બીજાં પદાર્થને ઈચ્છે છે ઈ જ અજ્ઞાન છે. કારણ કે ભગવાનનો ભક્ત થયો એટલે રાજાનો રાજા થઈ ગયો. સયાજીરાવનો

દીકરો મૂળા સારું રુવે છે, એમ ભગવાનનો ભક્ત બીજાં પદાર્થને ઈચ્છે ઈ એવું છે. તેમ અક્ષરધામનો મુક્ત આ લોકનાં પદાર્થ સારું રાડ્યું નાખે છે, ઈ તો મળ્યા'તા ને મળશે; દુર્લભ તો આ ભગવાનના ભક્તનો સંગ છે; ઈ જ દુર્લભ છે. આવા સંતનો સંગ એમાં અંતરાયરૂપ શું છે ? તો આ લોકનું સુખ; આ લોકનાં પદાર્થ અંતરાયરૂપ છે. દેવલોકનાં સુખ નરકના ખાડા જેવા છે. તેને ઈચ્છવા નહીં. માટે ભગવાનને મૂકીને બીજાં પદાર્થની ઈચ્છા કરે એ જ અણસમજણ્ય છે. કિરણ-૧૦૯

- ચૌદ લોકનાં ભોગ સુખને કાગવિષ્ટા તુલ્ય જાણ્યા જોઈએ. ને વિષ્ટા તુલ્ય નથી જણાતા એ જ મૂરખતા છે. કિરણ-૧૦૯
- અજ્ઞાની ઊંઘમાં જાય ત્યારે સુખિયો થાય, ને જ્ઞાની નિર્વિકલ્પ સમાધિમાં જાય તો સુખિયો થાય. કિરણ-૧૦૯

- શુભ સંકલ્પ થાય ત્યાં અક્ષરધામ છે. અશુભ સંકલ્પ થાય ઈ જમપુરી. કિરણ-૧૧૦
- આ સાધુ, આ પળ, આ ઘડી, આ ભગવાન, આ સત્સંગ, કોટિ કલ્પે મળવા દુર્લભ છે. કિરણ-૧૧૦
- ભગવાનના ભક્ત આપણું ગમતું રાખે ત્યાં સુધી હેત રહે તો પૂર્વનો ભક્ત ન ગણાય. કિરણ-૧૧૦
- આપણને મળ્યા એનું કલ્યાણ થઈ ગયું તો આપણું થઈ ગયું. કિરણ-૧૧૦
- મોટાં એકાંતિકના વચનમાં વિશ્વાસ રાખે તો ભગવાનનું સ્વરૂપ ઓળખાય. પણ પોતાની મેળે ન ઓળખાય. ભગવાનની વાત એવી છે કે, સમજવામાં બહુ જ અગમ છે, ગહન છે. પણ ગુરુની મોજથી સુગમ થઈ જાય. કિરણ-૧૧૦
- પોતાની મેળે સ્ત્રીનું વર્ણન કરે તો બંધન થાય. દ્રવ્યનો ઉપયોગ કરો ને નિર્લેપ થઈ જવાય. ને દ્રવ્યનો ઉપયોગ ન કરો ને બંધન થાય. કિરણ-૧૧૦

- પૈસો બહુ મોટું પાપ છે. કિરણ-૧૧૦
- તમે એમ માનો કે ધર્મવાળાનો જ પક્ષ રખાય ને ધર્મવાળો જ પક્ષ રાખી શકે ઈ માન્યતા ખોટી છે. ભગવાનના ભક્તની ભૂલ્ય હોય ત્યારે પક્ષ રાખે તો પક્ષ રાખ્યો ગણાય. માટે ધર્મવાળો પક્ષ રાખી શકતો નથી. કિરણ-૧૧૧
- મોટા પુરુષને નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તોપણ નિષ્કામી થઈ જાય છે. કિરણ-૧૧૧
- શાસ્ત્રની વાત આખી સભામાં જેને દેવી હોય એને જ દઈએ. પણ બધાને ખબર પડવા ન દઈએ. કિરણ-૧૧૧
- ગમે તેવો પોતામાં કોઈક સ્વભાવ હોય અને તે કોટિ ઉપાય કરે તોય પણ ટળે એવો ન હોય ને જો તે સ્વભાવને મૂકવાનો પરમેશ્વરનો આગ્રહ દેખે તો એ સ્વભાવને તત્કાળ મૂકી દ્યે. કિરણ-૧૧૧
- પોતાનો અવગુણ સૂઝે ને સામાનો અવગુણ ન સૂઝે

એટલે પરલોક હાથ આવી ગયો. કિરણ-૧૧૧

- **જબ ગુરુ કૃપા હોત તબ સૂઝત અપના દોષ.** નહીંતર તો સામાની ખામી દેખે પણ સામાની ખામી ન સૂઝે તો પરલોક હાથ જ આવી ગયો. કિરણ-૧૧૧
- માહાત્મ્યે સહિત ભક્તિ વિના મન કોઈ દિ' જીતાતું નથી. ભલે ને તપ કરીને સૂકાઈ જાય કે ઠાડે તપ કરે, તોપણ મન ન જીતાય. કિરણ-૧૧૨
- જેટલો ટેમ જગતની ક્રિયામાં કાઢે, એટલો જ ટેમ ભગવાન સંબંધી ક્રિયામાં કાઢવો. કિરણ-૧૧૨
- કર્તાહર્તા ભગવાન છે ને દેહ છે ઈ પૂર્વ કર્મને આધિન છે ને કલ્યાણનું સાધન છે એમાં જો ભગવાન અને ભગવાનના ભક્તનો સંગ થાય તો કામ થઈ જાય. કિરણ-૧૧૩
- કર્મમાં અકર્મપણે દેખે છે ઈ ભગવાનનો ભક્ત કહેવાય. ઉપાસનાની લેન તો જ હાથ આવી

કહેવાય. કિરણ-૧૧૩

- મોટા પુરુષ રાજી થાય તો બુદ્ધિયોગ આપે ને સારા સાધુનો સંગ આપે ઈ મોટાના કર્મ છે. કિરણ-૧૧૩
- દેશ, કાળ, કર્મ વિષમ થાય તોપણ ઠેરાવ ન બદલે ઈ એક ધારા ગણાય.કિરણ-૧૧૩
- દેહ શિથિલ હોય ત્યારે ભગવાનનું સુખ આવે ઈ અલૌકિક સુખ આવે.કિરણ-૧૧૩
- લોક નિંદા કરતું હોય એને બ્રહ્મરૂપ ન માનવો. કિરણ-૧૧૩
- મન દોષ ન કલ્પે તો બ્રહ્મની ભાવના લાવવી ઈ સત્પુરુષની સમજણ્ય. કિરણ-૧૧૩
- પુરુષોત્તમ પ્રકાશનો મહિમા કે'વાતો નથી. સામા બેઠા એનો મહિમા લખવો ઈ બહુ જબરી વાત છે. કિરણ-૧૧૩
- સત્સંગ સામુ જુવો તો પરલોક સુગમ થઈ જાય. ભગવાનના ભક્ત સામુ જુવો તો ભગવાનનું સ્વરૂપ હાથ આવી જાય. ભગવાનની મરજી સમજી જાય.

ભગવાનનું સુખ હાથ આવી જાય. કિરણ-૧૧૩

- અહો અહો વરત્યા કરે તો જ નિશ્ચય ગણાય. ગરીબપણું ઊભું રહે; કંગાલપણું ઊભું રહે; તો નિશ્ચય ગણાય. કિરણ-૧૧૩
- ભગવાનના સંબંધવાળો ધર્મ ક્યો કે જેને માટે ભગવાને અવતાર ધારણ કર્યો તે. જેને ભગવાનનો અવતાર મળ્યો, સંબંધ થયો ઈ સંબંધવાળો ધર્મ કહેવાય. કિરણ-૧૧૪
- એકાંતિક દેહને પોતાનું રૂપ માનતા નથી. એને દેહે કરીને મરવું તે મરણ નથી. એને એકાંતિકનાં ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે. વાસના હોય તો એકાંતિક ન કહેવાય. કિરણ-૧૧૪
- આ પૃથ્વી ઉપર એકાંતિકના જેવી સ્થિતિ કોઈની નથી. ભગવાને એને પોતાનો આત્મા કહી દીધો. વે'વાર તો જેણે વેઠ ગણ્યો હોય તંઈ એકાંતિક ગણાય. ઘરમેં રહે મેમાન જયુ ઈ

એકાંતિક છે. કિરણ-૧૧૪

- એકાંતિક દેશ પરદેશ ગયા હોય તો અનેકનો મોક્ષ કરે, ને ઓલ્યા દેશ પરદેશ ગયા હોય તો અનેક જન્મ ઊભા કરે. કિરણ-૧૧૪
- ઢાળો એટલે આપણને એની ક્રિયા ગમે, એનો સ્વભાવ ગમે. કિરણ-૧૧૪
- મુક્તની સ્થિતિ ઓળખવી; ભગવાનની સ્થિતિ ઓળખવી ને સાધારણની સ્થિતિ ઓળખવી. એટલું જ કરવાનું છે. કિરણ-૧૧૪
- આ દુનિયામાં સંત અને અસંત ઓળખવા બહુ જ કઠણ છે. કિરણ-૧૧૪
- પાત્ર વિનાનું આપી દઈ તોય પ્યાલો તૂટી જાય. આપણી પાસેથી શીખ્યા હોય બીજા પાસેથી શીખ્યા ન હોય છતાંય આપણાથી ઉપરવટ થઈને વરતે ઈ પ્યાલો તૂટી ગયો કહેવાય. કિરણ-૧૧૪

- સંસારથી વિરક્ત ન થયો હોય ને તમે રાજી થાવ તો આ લોકનું માગશે. કિરણ-૧૧૪
- આ આત્માને ઓલ્યા પરમાત્મા એવું જે જ્ઞાન થયું છે એ જીવ સોંપ્યા વિના થાતું નથી. કિરણ-૧૧૪
- ભણવા જેવી બ્રહ્મવિદ્યા છે. આલોકની વિદ્યા છે પણ પેટ ભરવા જેવી છે. કિરણ-૧૧૪
- વાત કરવી ઈ વૈરાગ્ય નથી પણ પદાર્થનો ત્યાગ ઈ વૈરાગ્ય. એને દેશકાળ ન લાગે, એનું નામ વૈરાગ્ય. કિરણ-૧૧૪
- સંતોષી હોય એને કાંઈ ન હોય તોય દુર્બળપણું ન હોય ને અસંતોષીને કોઠારના કોઠાર ભર્યા હોય તોય દુર્બળપણું ન આળસે. કિરણ-૧૧૪
- પંક્તિમાં બેસીને લાડવા ખાય ઈ નિર્સ્વાદી ને એકાંતે બેસીને બાજરો ખાય ઈ સ્વાદિયો કહેવાય. કિરણ-૧૧૪
- આ દુનિયામાં મરવાના મઢ સુધી ન ઓળખે અને

ગયા પછી વખાણ કરે. કિરણ-૧૧૫

- આ લોકમાં ભગવાન ભજે તેની ઉપર ચંદનનો વરસાદ થાય. એ જીવ શીતળ થઈ જાય. કિરણ-૧૧૫
- અંતરવૃત્તિ કરવી, સંત સમાગમ કરવો, બહાર કે અંદર ભગવાનની મૂર્તિ દેખવી ઈ જ્ઞાનયજ્ઞ. સાવરણો લઈને વાળતો હોય પણ ભગવાન સામી દૃષ્ટિ ન હોય તો જ્ઞાનયજ્ઞ ન કહેવાય. કિરણ-૧૧૬
- આ મળ્યા છે ઈ જ ભગવાન છે એમ માનવું ઈ જ્ઞાનયજ્ઞ.કિરણ-૧૧૬
- ગુણ વિચારીને હેત કરે છે ઈ હેત તો જુદી જ રીતનું છે.કિરણ-૧૧૬
- એકાંતમાં જેવું થાય એવું ભજન કરે ને ભીડામાં ન રહી શકે તો ભગવાનનો સંબંધ ન ગણાય. કિરણ-૧૧૬
- બ્રહ્મરૂપ થાય તોય પરબ્રહ્મ જાણવા બાકી છે. તોઈ બ્રહ્મરૂપ કેમ થયો હશે ? ત્યારે સ્વામી બોલ્યા જે, કોઈક સાધને કરીને બ્રહ્મરૂપ થયો હોય.

આત્મનિષ્ઠાથી થયો હોય કાં ધર્મથી થયો હોય કાં વૈરાગ્યથી બ્રહ્મરૂપ થયો હોય. એટલે પરબ્રહ્મ જાણવા બાકી છે. કિરણ-૧૧૬

- ઉપાસના શું ? કે પોતાથી મોટા હોય એને વિષે ગુરુભાવ રાખવો. ને પોતાથી નાનાં હોય એને વિષે શિષ્યભાવ રાખવો ને બરોબરિયાં હોય એની સાથે મિત્રભાવ રાખવો. આવી રીતે ઉપાસના બતાવી છે. કિરણ-૧૧૬
- ઘરમાં મોટેરો કર્યો એણે બધાંયને કામે ચડાવવા જોઈ. ખાવા દેવું જોઈ; માંદો છે કે સાજો છે ઈ તપાસ કરવો જોઈ. તો એની મોટાઈ ઊભી રહે. કિરણ-૧૧૭
- વિકાર છે ત્યાં ભૂંડાનો જોગ છે. કિરણ-૧૧૭
- એક ભેગો રહેતો હોય પણ સમાગમ ન કરે ને એક ભેગો ન રહેતો હોય તોય સમાગમ કરે. કારણ કે, મોટા પુરુષો તો સ્વભાવના વેરી છે. તે સ્વભાવને

રોકે ઈ ઠીક ન પડે. કિરણ-૧૧૭

- ઈંદ્રિયો, અંતઃકરણનો સંગ કર્યો એનું વગર મોતે મોત થઈ ગયું. કિરણ-૧૧૭
- બીજાની કિંમત જાય એવી ક્રિયા પણ ન કરાય એવો વિવેક હોવો જોઈ. કિરણ-૧૧૭
- તીવ્ર શ્રદ્ધાથી સંકલ્પ કરીયે તો ભગવાન પૂર્ણ કરે જ. કિરણ-૧૧૮
- જે પ્રાપ્તિ ભક્તિએ કરીને થાય છે તે ધર્મે કરીને જણાતી નથી. ભગવાનના અવતાર ધર્મસ્થાપન માટે થાય છે. કિરણ-૧૧૮
- આ મનુષ્યદેહ બહુ દુર્લભ છે. વિચાર કરવો જે આ વર્ષે મારું મન કેવું હતું ? તેમ દર વર્ષે સરવાળો કરવો. પાછુ વળવા શીખવું. સત્સંગમાં શ્રદ્ધા રાખી ભજન કરવું. કિરણ-૧૧૮
- કર્મઈંદ્રિય ને જ્ઞાનઈંદ્રિયનો સદા કેવો સંબંધ છે ? એવો જ સંબંધ જો ભગવાનનાં સ્વરૂપમાં થાય તો

વગર સંભાર્યા ભગવાન સાંભરે. કિરણ-૧૧૯

- જ્ઞાને સહિત વિવેક હોય તો કર્મ ઈંદ્રિયમાં પણ જ્ઞાનેન્દ્રિયનું નિર્માણ થઈ જાય છે. કિરણ-૧૧૯
- ભગવાનને જેવા સમજે એવા પોતે થઈ જાય. એ તો ઠીક પણ સાધુને જેવા સમજે તેવો પોતે થઈ જાય. આ રીતે સર્વોપરીપણું છે. કિરણ-૧૨૦
- માતૃભાષા એટલે શું ? તેનો ઉત્તર કર્યો જે, આ લોકના માણસ હોય એટલે આ લોકની વાત યાદ રહે.પણ પરલોકના માણસ થાય ત્યારે પરલોકની વાત સમજાય. કિરણ-૧૨૦
- આ લોકમાં એટલું સારું છે કે, પરલોકમાં આંયથી જવાય છે. કિરણ-૧૨૧
- ઓલ્યો લોક અનેક પ્રકારનો છે. એમાં એકાંતિક-પરમ એકાંતિક એવા ભેદ છે.

**જ્ઞાનીને જ્ઞાની મળે તો રસની લૂંટાલૂંટ ને;**
**જ્ઞાનીને અજ્ઞાની મળે તો મહા માથાકૂટ.**કિ.-૧૨૧

- આ દેહ ઉકરડા જેવું છે ઉકરડો કોઈ દિવસ ન સુધરે એમ આ દેહ કોઈ દિ' સુધરે એવું નથી. કિરણ-૧૨૩
- ભગવાનના ભક્તને ભગવાનની મરજી પ્રમાણે થાય ને વિમુખને પોતાનાં કર્મ પ્રમાણે થાય. કિરણ-૧૨૩
- પ્રત્યક્ષ ભગવાનનો આશ્રિત હોય એને ભગવાનના ભક્તનો અવગુણ આવે જ નહીં. વૃક્ષ, વેલી,ગુચ્છ એનો જન્મ માગ્યો ઈ પ્રત્યક્ષ ભગવાનનો ભક્ત ગણાય. કિરણ-૧૨૩
- દુર્ગંધ વસ્તુ માટીથી જ શુદ્ધ થાય. દોષ છે ઈ દોષથી જ નિવૃત્તિ પામે. કિરણ-૧૨૪
- સંતની સાથે દ્વેષ રાખે છે ને મહારાજને રાજી કરવા છે ઈ કેમ બંધ બેસે. આ વાત ન સમજાણી હોત તો બહુ ખોટ્ય જાત. ભલેને તપ કરે ને રાફડો થઈ જાય પણ આ વાત ન સમજાય તો શું કામનું ? એકલશૃંગીને સ્ત્રીપુરુષની ભાન નો'તી ને રાજ્યમાં

પગ દીધો તો વરસાદ થયો. રાજ્યનું સારું કરી દીધું પણ પોતાનું સારું ન થયું. ઈ શું કામનું ? કિરણ-૧૨૪

- જ્ઞાન કેનું નામ કહેવાય ? ખપનું નામ. ખપ છે એટલું જ જ્ઞાન છે. આ સત્સંગમાં આપણે જ રહ્યા છીએ કે આપણને રાખવા પડ્યા છે ? કિરણ-૧૨૪
- મોલની આવરદા અઢી મહિનાની છે પણ દરરોજ ખેતરના શેઢે જાવ તો વધે છે કે નહીં ઈ ખબર ન પડે. એમ આપણી આવરદા ઓછી થાય છે. કાળ આપણને ખાય છે. પણ ખબર પડતી નથી. ઈ તો જેને સંકલ્પ ગણતા આવડતા હોય એને ખબર પડે. સંકલ્પ છે ઈ જ કાળ છે. કિરણ-૧૨૪
- વૃથા કાળ ન જાવા દ્યો તો ભજન કર્યું જ કહેવાય. કિરણ-૧૨૪
- લક્ષ એટલે સંકલ્પનો વિરામ. કિરણ-૧૨૫
- પોતાના આત્મામાં છે એને પણ અધિક ન માને.

બીજાના આત્મામાં ભગવાન છે એને પણ અધિક ન માને. પણ પ્રત્યક્ષ ભગવાનને જ અધિક માને તો ભગવાનનું સ્વરૂપ હાથ આવ્યું ગણાય. કિરણ-૧૨૫

- આપણે વર્તમાન પાળતા નથી પણ વર્તમાન પાળતા હોય એને ધન્યવાદ આપવા, એને જોઈને રાજી થાવું, એનો ગુણ લેવો તો કામ થઈ જાય. કિરણ-૧૨૫
- શાંતિ કેને કહેવાય ? તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, મરવા ટાણે શાંતિ હોય તે શાંતિ ગણાય. કિરણ-૧૨૫
- ભગવાનની આજ્ઞા પાળે ઈ સંતનું સ્વરૂપ ને દેશકાળે એમ ને એમ રહે ઈ ભગવાનનું સ્વરૂપ. કિરણ-૧૨૫
- સંસ્કાર હોય તો તરત જ હેત થઈ જાય. આ સત્સંગમાં મારાપણું મનાય જાય.કિરણ-૧૨૫
- ભગવાનને અને ભગવાનના ભક્તને નિર્ગુણ કહ્યા હોય, નિરાકાર કહ્યા હોય ઈ કેમ ? તો માયાના

ગુણથી રહિત છે એટલે નિરાકાર કહ્યા છે. પણ ગ્રહણ કર્યામાં ન આવે, જોવામાં ન આવે, હાથ પગ નથી, એમ નિરાકાર ન માનવા. કિરણ-૧૨૬

- આ પૃથ્વી ઉપર ભોજન નથી એમ માનો તો ભૂખ ન લાગે. એમ ધન અને સ્ત્રી આ પૃથ્વી ઉપર નથી એમ માનીને ફરો તો એનો સંકલ્પ થાય નહીં. એનું બંધન ન થાય.કિરણ-૧૨૬
- પ્રત્યક્ષ મૂર્તિનો નિશ્ચય થઈ ગયો એટલે બધી મૂર્તિનો નિશ્ચય થઈ ગયો. પ્રત્યક્ષનો નથી તો બીજી મૂર્તિનો નિશ્ચય નથી. કિરણ-૧૨૬
- નિશ્ચય કરાવનારો ફેરવે તોય ન ફરે ત્યારે નિશ્ચય ગણાય. કિરણ-૧૨૬
- ઉપાસનાનો ગુણ એવો છે કે, જેવા ભગવાનને જાણીએ એવા આપણને કરી દે છે. તોપણ ભગવાન તો અધિક જ છે. બ્રહ્મરૂપ થઈ જવાય. કિરણ-૧૨૬

- મહારાજને અક્ષરધામના પતિ પુરુષોત્તમ જાણે ને બ્રહ્મરૂપ જાણે તો પોતે પણ બ્રહ્મરૂપ થઈ જાય. પણ રામચંદ્રજીને જાણે તો પોતે બ્રહ્મરૂપ થઈ જાય એમ લખ્યું નથી. ઈ તો આ પ્રત્યક્ષને બ્રહ્મરૂપ જાણો તો બ્રહ્મરૂપ થવાય. કિરણ-૧૨૬
- આ લોકમાં આપણે વર્તવાનું કારણ શું ? કે બીજાને આપણો ગુણ આવે તો સારું થાય ને આપણો અવગુણ આવે તો એનું ભૂંડું થાય. કિરણ-૧૨૬
- સમજણ્ય હોય એનો પાયો મજબૂત કહેવાય ને વર્તતો હોય એનું રખોલું રાખવું પડે. સમજણવાળાને પાંચસે બખતરીયા સાથે હોય એને લૂંટવાનો ભય ન હોય. ને ઓલ્યાને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય મૂડી છે. પણ એનું ધ્યાન રાખવું પડે. કિરણ-૧૨૬
- ઈંદ્રિયુને તાન પૂરે ઈ રસિક વાત ને ઈંદ્રિયુની ધારાને બૂંઠીયું કરતી જાય ઈ ભગવાન સંબંધી વાત.

- જેમ રાંકને રતન મળે ને એનો પાવર હોય એમ ભગવાન અને સંતનો કેફ રાખવો. કિરણ-૧૨૬
- આં'યા અક્ષરધામનું સુખ આવે તો જ ઓલ્યું અક્ષરધામનું સુખ ગણાય. આં'યા અક્ષરધામનું સુખ શું ? સંકલ્પ રહિત સ્થળ છે ક્યાં ? ત્યાં અક્ષરધામનું સુખ છે. કિરણ-૧૨૬
- પીપલાણા જેવા ગામને સો ગાઉથી સંભારો તોપણ નિર્ગુણ થઈ જવાય. કિરણ-૧૨૬
- જેવો બીજાના દોષ જોવાનો આગ્રહ છે એવો પોતાના દોષ જોવાનો આગ્રહ હોય તો કાંઈ ખામી રહેશે નહીં. કિરણ-૧૨૬
- આપણાથી મોટા હોય એની આગળ પણ સ્તબ્ધપણું રહે છે ઈ માન. કિરણ-૧૨૭
- સજાતીય આગળ નિષ્કપટ વર્તે પણ પોતાથી મોટા હોય એની આગળ નિષ્કપટ ન વર્તે એનું નામ માન કહેવાય. કિરણ-૧૨૭

- આપણે બીજાનું કલ્યાણ કરીએ પણ આપણું કલ્યાણ બીજો હોય તો જ થાય. કિરણ-૧૨૭
- વર્તમાન બરાબર ન પાળતા હોઈ ને આશીર્વાદ આપીએ તો એનું કામ થઈ જાય ઈ ઉપાસનાનું બળ કહેવાય. ને વર્તમાન પાળતો હોય ને આશીર્વાદ આપે ઈ સાધનનું બળ કહેવાય. કિરણ-૧૨૭
- અત્યારે તલવારની ધાર નથી ચાલતી પણ ક્ષમા વડે બધાને જીત્યા છે. કિરણ-૧૨૭
- એક આજ્ઞાએ કરીને, બીજું નિયમે કરીને, ને ત્રીજું જ્ઞાને કરીને નિર્વાસનિક થઈ જવાય છે. કિરણ-૧૨૭
- પોતાની સમજણ્યને છુપાવી રાખવી બહુ કઠણ છે. પ્રથમ આવ્યો હોય ત્યારે જેવો બધાયની ટેલ ચાકરી કરતો હોય એમ ને એમ મોટો થાય ત્યારે પણ સર્વ સંતની ટેલ ચાકરી કરતો રહે ત્યારે પોતાની સમજણ્ય છુપાવી ગણાય. તે ઉપર

ભાયાવદરના કેશવભગતની વાત કરી જે, કેશવભગતે પોતાની સમજણ્ય લાલાબાપાને કહી તો પગ ન દાબવા દીધા. એમ પોતાના ગુણ બીજાને ન કહેવા. કિરણ-૧૨૭

- મહારાજ તથા આ સાધુને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત સ્થિતિ થાય એ જ આ સત્સંગનાં સુખને જાળવી શકે. કિરણ-૧૨૭
- સ્વભાવને ખોદીને મૂળમાંથી કાઢી નાખવો એવો ભગવાનના ભક્તનો ઠેરાવ છે. કિરણ-૧૨૮
- શું ટાળવા ભગવાનનો અવતાર થયો છે ? તેનો ઉત્તર પણ સ્વામીએ કર્યો જે, પદાર્થમાં આસક્તિ કેટલી છે તે રૂપ સુષુપ્તિ માયા છે તેને ટાળવા માટે ભગવાનનો અવતાર થયો છે.કિરણ-૧૨૮
- મોટા પુરુષ માંદા હોય ને ગમે એટલું દુઃખ થાતું હોય તોપણ આ ધામમાં જાય તો સારું એવો સંકલ્પ પણ ન કરવો. કારણ કે, ઈ એક મિનિટ રહે તોપણ

અનંતનો ઉદ્ધાર કરે છે. કિરણ-૧૨૮

- સંગ કરવામાં અને સમાગમ કરવામાં કેટલો તફાવત છે ? પછી સ્વામીએ તેનો જ ઉત્તર કર્યો જે,સંગ કરવામાં અને સમાગમ કરવામાં ઘણો તફાવત છે. એક ઈંતડી અને એક વાછરું એમ ભેદ છે વાછડાની જેમ વળગ્યો હોય ઈ સમાગમ કહેવાય. ને ખાધાપીધાની લાલચ્યે ને માન મોટાઈની લાલચ્યે સત્સંગમાં રહ્યો હોય તો ઈંતડીની જેમ છે. એને સંગ કર્યો કહેવાય. કિરણ-૧૨૮
- આસક્તિ વિનાનું ખાવ તો પેટમાં અપચો ન થાય ને આસક્તિએ સોતું ખાવ તો પેટમાં અપચો થાશે.કિરણ-૧૨૮
- પ્રેમમાં દેહભાવ ભૂલાય જાય છે. ને ભગવાન જ દેખાય. કિરણ-૧૨૯
- આ તમને દેખાય છે બંધાયેલા પણ નિર્બંધ છે. પરણતાં પરણતાં ચાલી નીકળ્યા, પોતાની સ્ત્રી

સાથે માળા ફેરવી પણ સંકલ્પ ન કર્યો એવા છે. કિરણ-૧૩૦

- અક્ષરધામનો મુક્ત હજારુને લેતો જાય. ને આ લોકનાં સુખમાં ક્યાંઈ બંધાય નહીં. આપણે તો સો બસો માણસને પાંખમાં લઈને ઊડી જાઈ એવું બળ છે. કિરણ-૧૩૦
- બીજાને બતાવવાં ન કરતા હોય. એ ભગવાનનું અને મોટા એકાંતિકનું કર્તવ્ય છે.કિરણ-૧૩૦
- જે જે પદાર્થનો સંકલ્પ થાય તે તે પદાર્થમાં ભગવાનની મૂર્તિ મેલી દેવી. પદાર્થનાં ચિંતવન ભેળું ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું. મનસૂબાની મોર ભગવાનને સંભારવા તો માયા ટળી જાય. કિરણ-૧૩૧
- માયિક સુખની માન્યતા એનું જ નામ મન કહેવાય.કિરણ-૧૩૧

- સત્પુરુષ છે ઈ આ લોકના ઉપહાસ સહન કરે છે. એ એને વિષે બહુ મોટાઈ છે, ભગવાનને મળેલા સંત એને વિષે પ્રીતિ થાય ત્યારે એના સરખી સ્થિતિ થાય. કિરણ-૧૩૨
- એનું ગમતું મૂકાવીને અમારા ગમતામાં વરતે એના ઉપર વગર કહ્યું હેત થાય છે.કિરણ-૧૩૨
- સત્સંગમાં કલ્યાણની રીત તો સત્સંગના નિયમ પ્રમાણે વર્તતો હોય તો કલ્યાણ થાય પણ શાસ્ત્રમાં તો સાકાર ભગવાનને ભજને કરીને કલ્યાણ થાય છે એ રીત છે. કિરણ-૧૩૨
- ન ભૂલાય ઈ નિર્ગુણ સુખ અમાયિક છે ને ભૂલાય જાય છે ઈ માયિક સુખ છે.કિરણ-૧૩૨
- કદાચ ભગવાનને ન ભેટો પણ એના ભેટેલાને ભેટો તોપણ કામ થઈ જાય. કિરણ-૧૩૨
- ભગવાનના ભક્તની ટાળ્યાની ઈચ્છા દેખે તો સ્વભાવને મૂકી દ્યે.કિરણ-૧૩૨

- જેની ઉપર અમે વારંવાર કઠણ વચનના ડંખ માર્યા હોય તોપણ ન કચવાયો હોય ઈ અમને ત્રણે અવસ્થામાં ન સંભારીએ તોપણ સાંભરે છે. કિરણ-૧૩૨
- દીનતા ન ત્યાગ કરો તો ભગવાન હાથ આવે. દીનતા ત્યાગ કરો તો ભગવાન હાથ ન આવે. ડા'પણ હોય તો ભગવાન હાથ ન આવે. ડા'પણનો ત્યાગ કરો તો ભગવાન હાથ આવે.કિરણ-૧૩૨
- જ્યાં દૃષ્ટિ નાખે ત્યાં ઈ જ મૂર્તિ દેખાય તો સિદ્ધદશા. કિરણ-૧૩૨
- દેહ, ઈંદ્રિયો, અંતઃકરણનું ટોળું ઈ જગત કહેવાય. કિરણ-૧૩૩
- આ લોકનું સુખ છે પણ ઝાંઝવાના પાણી જેવું છે. કિરણ-૧૩૩
- ભજન કરવું છે ઈ જાણપણું હોય તો જ થાય. કિરણ-૧૩૩

- ધારવી એટલે નેત્રની આગળ ભગવાનની મૂર્તિ જોવી ઈ ધારવું કહેવાય. ને સ્મૃતિ એટલે એક એક અંગ સંભારવું. કિરણ-૧૩૩
- જેટલું પેટને અર્થે કરે છે એટલું જો ભગવાનને અર્થે થાય તો ભગવાનનાં ધામમાં જાવામાં કાંઈ આડું ન આવે. કિરણ-૧૩૩
- જ્યાં સુધી દોષ પીડે ત્યાં સુધી સાધુતા શીખ્યો નથી. સાધુ મળ્યા નથી.કિરણ-૧૩૩
- મનુષ્ય દેહ દુર્લભ છે વાતુના કરનારા દુર્લભ છે ને આ દેહે કરીને સાજું રહેવું ઈ પણ દુર્લભ છે.કિરણ-૧૩૩
- પોતાને આત્મા માને તો ઘણાય દુઃખ છે પણ એકેય નજરમાં ન આવે. ને જો પોતાને દેહરૂપ માને તો અનેક પ્રકારના દુઃખ છે. કિરણ-૧૩૩
- નિષ્કામપણાની કલમ સિદ્ધદશા કરતાં પણ જબરી છે. સિદ્ધદશા આનીપા રહી જાય ને નિષ્કામી કલમ ઓલીપા વહી જાય. કિરણ-૧૩૩

- ભજન તો જાણપણું હોય ત્યાં સુધી જ થાય છે. જાણપણું પણ જાગ્રત અવસ્થામાં જ હોય છે.કિરણ-૧૩૩
- ભગવાનના ભક્તની શક્તિ સામું જોઈ ત્યારે સ્વભાવમાં કાંઈ શક્તિ નથી એમ જણાય. આપણામાં માલ મનાય; ગુણ મનાય તો સ્વભાવનું બહુ બળ છે. કિરણ-૧૩૪
- દેહ તો જીવનો વેરી છે. એની સાથે સાંધો રાખવો નહીં; એને તો લાકડા જેવો કરી રાખવો. અમે આ સ્થાન બાંધ્યું તે દિવસ જેવો વિચાર હતો ઈ નો ઈ વિચાર અત્યાર સુધી ચાલ્યો આવે છે. કિરણ-૧૩૪
- દશ દ્વારથી આ લોકમાં જવાય છે તેમ અક્ષરધામમાં ક્યા દ્વારથી જવાય છે ? તો જાણપણારૂપી દ્વારથી અક્ષરધામમાં જવાય છે. વિવેક, વિચાર, જાણપણું ઈ દ્વારથી અક્ષરધામમાં જવાય છે.કિરણ-૧૩૪

- વિવેકે સહિત ભોગવો તો સુખદાય ને વિવેક રહિત ભોગવો તો દુઃખદાય થાય.કિરણ-૧૩૪
- આપણે પણ સાક્ષાત્ ઉપાસક થાઈએ તો આપણા સંકલ્પમાં પણ એટલું જ બળ છે. આપણે સંકલ્પ ન કરીએ એટલી આપણી ખામી ને ભગવાન પુરા ન કરે તો એની ખામી. કિરણ-૧૩૪
- ચૌદલોકનું સુખ કાકવિષ્ટા તુલ્ય જાણ્યું જોઈએ. ને મન, કર્મ, વચને ભગવાન અને ભગવાનના ભક્ત આગળ નિષ્કપટ વર્તવું જોઈએ.કિરણ-૧૩૪
- સ્વભાવ મેલાવી દ્યે તો સ્વામિનારાયણ; સ્વભાવ ન મેલાવે ને મોક્ષ કરે ઈ રામ અને કૃષ્ણ. સ્વભાવ વિનાનાનું કલ્યાણ કરે કપિલ અને દત્તાત્રેય. ગમે એવો હોય એનું કલ્યાણ કરે ઈ ગારડીને ઠેકાણે છે. કિરણ-૧૩૪
- પાંચ વસ્તુ આવી એક પુરુષોત્તમ, અક્ષર, બીજા ધામના મુક્ત, બીજા ધામના ભગવાન, અને

અક્ષરધામના મુક્ત એમાં એક તો પોતાની ખોટ્ય કાઢવા આવ્યા છે. ને એક તો ભગવાનનું સ્વરૂપ સમજવા આવ્યા ને ઓલ્યા તો ભગવાનનું સ્વરૂપ સમજાવવા આવ્યા છે.કિરણ-૧૩૪

- આત્યંતિક કલ્યાણને અંતે ભગવાન અને ભગવાનના ભક્ત સાકાર છે. એમ માનવું. પણ ત્યાં જ શંકા થાય કે, આત્યંતિક પ્રલયમાં કાંઈ રહેતું નથી. તો પુરુષોત્તમ કેમ રહેતા હશે ? એમ શંકા કરે તો એને માટે તો એક કૂવો રાખવો જોઈએ તો એમાં એને પધરાવી દેવાય. કિરણ-૧૩૪
- ભગવાનનાં બ્રહ્મસ્વરૂપ સંત એને વિષે જેને હેત હોય એને મરવાની બીક ન લાગે. કિરણ-૧૩૫
- નિશ્ચયમાં જેને ખામી હોય એને મરવાની બીક લાગે.કિરણ-૧૩૫
- બધા કરતા ભગવાનનાં સ્વરૂપની ઉપાસના થાય તો સુખિયો થાય.કિરણ-૧૩૫

- ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની ગૌણતા સ્વરૂપનિષ્ઠાની આગળ બતાવી છે. કિરણ-૧૩૫
- પરમેશ્વર વિના બીજે ક્યાંય પ્રીતિ નથી. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠા છે પણ ભગવાન વિના એમાં પ્રીતિ નથી.કિરણ-૧૩૫
- સાકાર છે એને જ કર્તા સમજવા; અંતર્યામી એને જ સમજવા; કર્તા પણ એને જ સમજવા; સર્વોપરી પણ એને સમજવા. કિરણ-૧૩૫
- પોતાની મેળે સ્વરૂપનિષ્ઠા થાતી જ નથી. કિરણ-૧૩૫
- સિદ્ધદશા શું ? તો જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ઈ ની ઈ મૂર્તિ બધેય ઠેકાણે દેખાય. કિરણ-૧૩૫
- સ્વરૂપનિષ્ઠાવાળાની આગળ કોઈ ફેં ન કરી શકે. આ વાત કાંઈ ધર્મને ખોટા કરવા સારું નથી લખી. આ તો અણસમજણ્યે કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યને ખોટા કરી નાખે એને સાધુ ન જાણવો. એને તો

અસુર જ જાણવો.કિરણ-૧૩૫

- સ્વરૂપનિષ્ઠા એવી વસ્તુ છે કે જેવા ભગવાનને જાણો એવા તમને કરી મૂકે. કિરણ-૧૩૫
- ગુણ આવવાનું શું બતાવ્યું ? જેટલો ભગવાનના ભક્તનો ગુણ આવે એટલી એમાં તાગાત આવે. બીજાને તમારે આપવું હોય તો તમે વર્તનમાં મૂકો. તમે વર્તશો એટલું જ આપી શકશો. વર્ત્યા વિના આપો તો એને તમે ખાલી કૂવામાં નાખી દેશો.કિરણ-૧૩૫
- ગમે એવો પુરુષ હોય ને એને સ્ત્રીનો સહવાસ થાય તો ધર્મ રહે એવી આશા રાખવી જ નહીં. કિરણ-૧૩૫
- સાધુનાં છ લક્ષણમાં જે હોય ઈ અતિશય મોટા. એમાં છઠ્ઠું લક્ષણ ક્યું ? તો સરળ પ્રકૃતિવાળા- એટલે જેવો અંદર એવો બહાર હોય ઈ સરળ પ્રકૃતિવાળા ગણાય. કિરણ-૧૩૫

- ભગવાનની પરિચર્યા કરનારા સેવક જ નિર્ગુણ છે. એવું જેને તદાત્મકપણું થયું હોય એના સંગ થકી એવું તદાત્મકપણું થાય છે. પણ સમાધિથી નથી થાતું; એનાં વચનથી જેને એવું તદાત્મકપણું હોય એનાં વચનથી નિર્ગુણ થવાય છે.કિરણ-૧૩૫
- આત્મનિષ્ઠા હોય તેણે કરીને દેહમાં સુખ, દુઃખ ન ખબર પડે. કિરણ-૧૩૬
- આ લોક તો દશ, વીશ કૂતરાં મરી ગયા હોય એવો ગંધારો છે. એમ આ દેહ એવો મનાય એને આત્મનિષ્ઠા આવે. કિરણ ૧૩૬
- કામ, ક્રોધ, લોભ તેને જોગે કરીને ધીરજ ડગે નહીં ઈ આત્મનિષ્ઠાનું લક્ષણ છે.કિરણ-૧૩૬
- આત્મનિષ્ઠા પણ ઈ અંત સમે કેટલી સહાય કરે ? તો મૃત્યુ સમો તો સમુદ્ર જેવો છે. ત્યાં તો ઉપાસનારૂપી વહાણનું કામ પડે. માટે આશરો છે ઈ ઉપાસના છે. ઈ વહાણ છે. ને તેડવા પણ

આશરાથી આવે છે. કિરણ-૧૩૬

- આ લોકનું સુખ, દુઃખરૂપ તો નથી થાતું ને ? એમ સમજવું જોઈ.કિરણ-૧૩૬
- આનંદ હોય ત્યારે ભગવાનનું સુખ આવે. કિરણ-૧૩૬
- સુષુપ્તિ અવસ્થા કઈ ? તો પ્રધાનપુરુષનાં સગુણબ્રહ્મનાં સુખ લેશમાં અતિશય લીનપણું એનું નામ નિદ્રા છે. કિરણ-૧૩૬
- આટલા વાગે જાગવું છે એમ નક્કી કર્યું. એટલા વાગે એનો જગાડી ઘે. એ જ કર્તાવૃત્તિ. કિરણ-૧૩૬
- કુસંગીના શબ્દનું જ્ઞાન છે એનું નામ ઈંદ્રિયો છે. કિરણ-૧૩૬
- મા બાપના શબ્દ છે ઈ કુસંગીના શબ્દ છે. કિરણ-૧૩૬

- ભગવાન ભજી લેવા અને ટેમ પસાર કરી દેવો. પૃથ્વીનું ભલેને ગમે એમ થાય. જોડા પે'રી લેવા. એટલે પૃથ્વી મઢાઈ જાય. કિરણ-૧૩૬
- એનું ગમતું મૂકીને અમારા ગમતામાં વર્તાવીએ તોપણ દેહપર્યંત ન મૂંઝાય એના ઉપર અમારે અતિશય હેત થાય છે. ને ઈ ભક્ત અમને સંભાર્યા વિના સાંભરે છે. હેતનો અર્થ એ કે, સંભાર્યા વિના સાંભરે. કિરણ-૧૩૭
- કથાવાર્તાથી ગમે એટલું દુઃખ હોય તોપણ નાશ થઈ જાય. કથાવાર્તા કરે ત્યારે દેહની વિસ્મૃતિ થઈ જાય તો ભગવાનનાં સ્વરૂપની ખબર પડે. નહીંતર તો વાંસનળીમાં ફૂંક એવું થાય. માટે આ લોકનું સુખ તો વાંસનળીમાં ફૂંક માર્યા જેવું છે. કિરણ-૧૩૭
- પંચ વર્તમાનમાં ફેર ન હોય ને ગમે એટલું ગમતું મૂકાવીએ તોપણ મૂંઝાય નહીં એના ઉપર અમને અતિશય હેત વર્તે છે. કિરણ-૧૩૭

- આત્મામાં કામાદિક દોષ હોય જ નહીં. ને દોષ હોય તો આત્મનિષ્ઠા ઘટતી નથી. કિરણ-૧૩૭
- આત્માના સુખમાં ઘર્યો તો પાછો નીકળી ન શકે. ઈ પ્રાગરાજની ગુફા છે. કિરણ-૧૩૭
- આત્માનું સુખ મૂકીને પરમાત્માનાં સુખમાં વળગવું બહુ કઠણ છે. કિરણ-૧૩૭
- આત્મા ગમે એવો હોય પણ ભગવાનનાં સ્વરૂપનો સંબંધ ન હોય તો નકામું છે. કિરણ-૧૩૭
- ગુણિયલમાં હેત થાય ઈ આત્માનો સ્વભાવ છે. કિરણ-૧૩૭
- પદાર્થ સાથે વેર કરો તો ત્યાર પછી ભગવાનમાં હેત થાય. કિરણ-૧૩૭
- ભક્તિ છે ઈ તો નીચો હાથ છે. પણ જો માન આવી જાય તો નકામું છે. કિરણ-૧૩૭
- હિંમતવાળાને પણ એકાંતિક લખ્યો.એકે સ્વભાવ મૂકી દીધો. એક મેલે છે. ને એકે સંકલ્પ કર્યો. હિંમત

છે, સ્વભાવ મૂકવાની. આ ત્રણ જણા ઉપર ભગવાનની દૃષ્ટિ છે. પ્રાર્થના ન કરવી પડે કે મારી નજર રાખજ્યો. એની નજર તો ભગવાન સૂતાં સૂતાં રાખે છે. કિરણ-૧૩૭

- જેણે સ્વભાવ મૂક્યા એનો જ જય થાય. એની ઉપર જ ધણીની દૃષ્ટિ છે. કિરણ-૧૩૮
- કુત્સિત વાણીથી દેહની નિંદા કરે તો પ્રકૃતિમાં રહેલા છે, જગતમાં રહેલા છે, એને એમ થઈ જાય કે આને દેહમાં તથા દેહનાં સંબંધીમાં હેત નથી. કિરણ-૧૩૮
- પ્રકૃતિપુરુષથી પર શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ એને દેખે; એને મુક્ત ગણાય. પછી એને પોતાનું સ્વરૂપ માને તો અક્ષર ને પુરુષોત્તમ ને મુક્ત ત્રણ ભેદ થાય. કિરણ-૧૩૮
- વિષયથી મૂકાણો એને સત્ય માને તો અક્ષરરૂપ થયો. પોતે મૂકાણો છે તો મુક્ત. ને બીજાને એવા

દેખે તો અક્ષરરૂપ થયો. કિરણ-૧૩૮

- વિષયથી મૂકાણો ઈ મુક્ત પછી વિષયથી મૂકાણો છે એને સત્ય માને. પછી એનાથી પર છે એનું ભજન કરે તો ત્રણ વસ્તુ થાય. કિરણ-૧૩૮
- જેટલું જાણપણું રહે એટલો જ કાળ શુભ ગણાય. જાણપણું ન રહે તો અશુભ કાળ ગણાય. કિરણ-૧૩૮
- જેટલી વાર જાણપણું રહે એટલી વાર જ પ્રગટ સ્વરૂપનું જ્ઞાન રહે. કિરણ-૧૩૮
- મુવાળે મુવાળે રસ્તા છે; એમાં અક્ષરધામનો રસ્તો નથી પણ જાણપણું છે ઈ જ અક્ષરધામનો રસ્તો છે. કિરણ-૧૩૮
- વચનામૃતની પૂજા કરે પણ દેશકાળ આવે ત્યારે વચનામૃત વાંચનારનો આશીર્વાદ લ્યે છે. કિરણ-૧૩૮

- નારી છે ઈ પ્યારી લાગે છે પણ જમનું દ્વાર છે; મૂર્તિમાન દ્વાર છે. કિરણ-૧૩૮
- જેનું અંતઃકરણ કોમળ હોય ઈ સંત કહ્યા છે. પણ જેનું અંતઃકરણ કોમળ ન હોય ઈ સંત ન ગણાય. કિરણ-૧૩૮
- ભગવાનના કામ, ક્રોધ, લોભ, સર્વ ક્રિયા મંગળમય જાણે એવું જાણપણું રાખવું બહુ કઠણ છે. કિરણ-૧૩૯
- ભગવાન પૃથ્વીને વિષે મનુષ્યાકૃતિ તરીકે દેખાય. નિશ્ચય થાય ઈ બહુ જબરી વાત છે. એમાં દયા બાકી રહે એમ ન સમજવું. એમાં કોઈ સાધન પણ બાકી રહેતું નથી. કિરણ-૧૩૯
- એક ભજન સ્મરણ કરે છે, કથાવાર્તા કરે છે; એક નથી કરતો એ બેમાં કયો શ્રેષ્ઠ છે ? તો જેને નિર્વિકલ્પ સ્થિતિ હોય, ખાવું, પીવું એની ખબર ન રહેતી હોય. ઈ તો કથાવાર્તા ન કરે તોપણ શ્રેષ્ઠ

છે. ભજનમાંથી ઊઠીને પોતાની મેળે ખાવું, પીવું, દેહની ક્રિયા કરે છે. એના કરતાં કથાવાર્તા કરે છે ઈ શ્રેષ્ઠ છે. કિરણ-૧૩૯

- દોષમાં બૂડેલો છે છતાંય દોષ સાથે વેર છે તો દોષથી રહિત છે. દોષ ટાળતો નથી; જીતી શક્યો નથી પણ સ્વભાવ સાથે વેર કર્યું છે; ગમતું નથી માટે ઈ સ્વભાવથી રહિત છે. કિરણ-૧૩૯
- ભગવાનના ભક્ત સાથે કલેશ થાય પણ જળમાં ડાંગ મારે તોપણ પાણી ભેળું થઈ જાય. એમ ભગવાનના ભકંત સાથે થઈ જાય તો અતિશય મહાત્મ્ય જાણ્યું ગણાય. કિરણ-૧૩૯
- મોક્ષનો શો હેતુ છે ? તો જેમ સંત કહે તેમ કરે ઈ જ મોક્ષનો હેતુ છે. કથા-વાર્તામાં પ્રીતિ ન હોય તોપણ કથા-વાર્તા કરે. તોય એની આબરૂ વધે. કિરણ-૧૩૯

- પોતાની કૃપાએ કરીને નિરાકારપણું ને બીજાની કૃપાએ કરીને સાકારપણું છે. કિરણ-૧૩૯
- લૂગડા સાધુ થઈ ગયા પણ ઈંદ્રિયું સાધુ થઈ જાય; અવયવ સાધુ થઈ જાય તો સાધુતા ગણાય. કિરણ-૧૪૦
- સ્ત્રીનો પ્રસંગ છે ઈ બ્રહ્મચર્યને નિંદવા જેવી વાત છે. કિરણ-૧૪૦
- અણ ઈચ્છ્યું મળે ઈ નીતિનું ગણાય; ને સંકલ્પ કરીને મરી જાય ત્યારે મળે ઈ અનીતિનું કહેવાય. કિરણ-૧૪૦
- ગમે એટલું દુઃખ હોય પણ ઘર મનાય જાય તો વાંધો નહીં. ને એને ઘર ન મનાય એને ગમે એટલો સાંચવો તો ન રહે. કિરણ-૧૪૦
- સંત જેના વખાણ કરે છે એને જ શ્રદ્ધા અને વિશ્વાસ છે. કિરણ-૧૪૦

● તરપખડો કેવો સારો લાગે; એમ ભગવાનના ભક્તનો સ્વભાવ સારો લાગે; ઈ પૂર્વનો કહેવાય. કિરણ-૧૪૧

● ભગવાનના ભક્તમાં હેત ન થાય ઈ જ અંધારું છે; ઈ જ અજ્ઞાન છે; માટે ભગવાનના ભક્તમાં સંબંધીના જેવું હેત કરવું. કિરણ-૧૪૧

● પરાવાણી એટલે શું ? તો ભગવાને મનુષ્ય દેહ ધારણ કર્યો એનું અક્ષરધામ, એની ક્રિયા, એનાં ચરિત્ર, એનું વર્ણન કરવું ઈ પરાવાણી. બીજાના મોક્ષ માટે જેનો અવતાર હોય એનાં ચરિત્રનું, એના ગુણનું, એની ક્રિયાનું વર્ણન કરવુ એનું નામ પરાવાણી. બીજાને ન સમજાવી શકે ને પોતે સમજે ઈ પશ્યંતી વાણી. આનીપા બોલે ને આનીપા ફક એનું નામ વૈખરી વાણી. કિરણ-૧૪૧

● કામ કેમ જીતાય ? ચંચળ છે ઈ કામથી વ્યાકુળ

છે. નેત્રને બીજાં અંગ ઈ બધાંય ચંચળ થાય એટલે કામ વ્યાપ્યો ગણાય. કિરણ-૧૪૧

- સુખ છે એમાં દુ:ખ દેખવું એનું જ નામ એકાંતિકની સ્થિતિ. કિરણ-૧૪૧
- જેવી પરોક્ષને વિષે પ્રતીતિ છે એવી ગુરુરૂપ હરિને વિષે થાય તો જેટલા અર્થને પ્રાપ્ત કરવાના કહ્યા છે તે પ્રાપ્ત થાય. કિરણ-૧૪૧
- આજ્ઞામાં જુક્તિ કરે એનું નામ કાયર કહેવાય. કિરણ-૧૪૨
- આજે જ રાતે અમને નિદ્રામાં એમ થયું કે, અસુર કેમ ઉત્પન્ન થાતા હશે ? પછી એમ થયું કે, અસુર મરતા જ નથી તો પછી ઉત્પન્ન થવાની ક્યાં વાત રહી ? અસુર નાશ થતાં જ નથી પણ ભગવાનનાં સ્વરૂપ સામું જુઓ, એનું સ્મરણ કરો તો નાશ થઈ જાય. કિરણ-૧૪૨

- ભગવાનના ભક્તને દોષ હોય તો જ શોભા, તો જ એની મોટાઈ ગણાય. કિરણ-૧૪૩
- અસુરને જેમ નાશ કરો એમ વધે. પણ ભગવાનને અને ભક્તને સંભારો તો એટલી વાર અસુર નાશ થઈ જાય.કિરણ -૧૪૩
- ભગવાનની સામા અસુર હોય, ભગવાન ભજે એની સામા અસુર હોય. કિરણ-૧૪૩
- આ લોકના વે'વારમાં નરમ-ગરમ થઈ જવાય. એટલો દેહરૂપ ગણાય. ક્રિયા કરવામાં ક્રોધ ઉત્પન્ન થાય એટલો ક્રિયારૂપ ગણાય. કિરણ-૧૪૩
- દેહનું કલ્યાણ તો દૂધ અને રોટલો ખાવાથી થાય પણ જીવનું કલ્યાણ સાધુ સમાગમથી થાય કે પાછા વળો તો થાય. કિરણ-૧૪૩
- કોઈની મોટાઈ દેખી શકે નહીં એ યથાર્થ ઈર્ષ્યાવાળો કહેવાય.કિરણ-૧૪૩

- ભગવાનના ભક્તની આગળ માન ન રાખે તો ઈર્ષ્યા ન ગણાય. કિરણ-૧૪૩
- પ્રગટ ભગવાનનું ભજન; પ્રગટ ભગવાનનું ધ્યાન એ બે વાના થાય પછી એને આ જગતમાં પ્રકાશ થઈ જાય; આ જગત એને ભાસે નહીં. કિરણ-૧૪૩
- મોહ શું ? તો પ્રાકૃતચરિત્ર કરે એટલે અસુર નાશ પામી જાય. ભગવાન અલૌકિક સ્વરૂપ છે. પણ લૌકિક બતાવે એટલે અસુર નાશ પામી જાય. ભગવાન અને ભગવાનના ભક્ત અલૌકિક છે પણ લૌકિકપણું બતાવે ઈ અસુરને મારવાનો ઉપાય છે. કિરણ-૧૪૩
- ક્રોધ, માન, ઈર્ષ્યા કપટ ઈ ચાર વાના પરમેશ્વર તથા મોટા સંત આગળ ન રાખે તો આસુરી બુદ્ધિ ન થાય. નહીંતર આસુરી બુદ્ધિ થઈ જાય. કિરણ-૧૪૩

- ભગવાનના ભક્ત હારે એટલી એની જીત છે. બીએ છતાં બીજાનો નાશ કરી નાખે. કિરણ ૧૪૩
- સહન કરે ઈ જ મોટો છે. કિરણ-૧૪૩
- ભગવાનના ભક્તનો ગુણ આવે એટલે દૈવી થઈ જવાય. ને એનો અવગુણ આવે તો આસુરી થઈ જવાય. કિરણ-૧૪૩
- ભગવાનના ભક્તને નિર્દોષ સમજો એટલે નિર્દોષ થઈ જવાય. તે સિવાય વનમાં જઈને તપ કરશો તોપણ નિર્દોષ નહીં થવાય. કિરણ-૧૪૩
- નિર્દોષ થાવા માટે ભગવાનના ભક્તને નિર્દોષ સમજવા વિના બીજો ઉપાય નથી. કિરણ-૧૪૩
- સાધન છે ઈ લડથડતાને લાકડી આપ્યા જેવું છે. પણ એનું કલ્યાણ ન થાય. કલ્યાણ તો કેનું થાય ? તો ભગવાનનું સ્વરૂપ ઓળખે, ભગવાનનાં સ્વરૂપને નિર્દોષ જાણે એનું કલ્યાણ થાય. કિરણ-૧૪૩

- આત્મનિષ્ઠાવાળાને આત્મનિષ્ઠા વિનાનો કહો કે એને દેહાભિમાની કહો તો સહન ન કરી શકે. એટલી ખામી છે. કિરણ-૧૪૩
- અસુરને એક મારો તો બીજા અનેક ઉત્પન્ન થાય પણ ભગવાનને સંભારો તો અસુર નાશ થઈ જાય. એવું અલૌકિક ઐશ્વર્ય સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવ્યું છે. કિરણ-૧૪૩
- અગ્નિ છે ઈ પણ ભૂત છે. ઈ કઈ રીતે છે ? શબ્દ છે ઈ જ અગ્નિ છે. દ્રૌપદી એક જ શબ્દ બોલ્યા કે અંધના અંધ જ હોય. એ એક શબ્દથી મહાભારત થયું. કિરણ-૧૪૪
- ભગવાનનાં ચરિત્રમાં કૃતર્કરૂપ સંશય થાય એટલે એનો નાશ થઈ જાય. સંશય થયા પછી ભગવાનની પ્રાપ્તિ ન થાય એનું જ નામ મોત. મુક્તાનંદસ્વામીનાં ભોજનમાં એક જણાને જીવડાં દેખાણા તો એને પણ ભોજનમાં જીવડાં દેખાય.

માટે મોહ પમાડે તો માયાનું મોત થાય. નહીંતર માયાનું મોત થાતું નથી. આ વાત બધી અનુભવની કરું છું. કિરણ-૧૪૪

- જેના ઝાઝા ધણી એના ધણી ન થાવું. ઈ ભક્તનું લક્ષણ કહેવાય. કિરણ-૧૪૪
- કરકાં સામુ કોઈ ન જુએ પણ અંદર લોહી હોય તો બધાંય એની સામું જુએ. કિરણ-૧૪૪
- હવે તો કાળ, કર્મ, માયાની બીક નથી. એવુ પ્રગટનું બળ છે. પ્રગટની વાત બહુ જબરી છે. પ્રગટની વાત જુદી જ છે. ઈ સુખ જ જુદું છે. પ્રગટ ભોજન હોય તો જ ભૂખ ભાંગે, પ્રગટ પથારી હોય તો ટાઢ જાય. એવો સત્સંગ અર્તક છે.કિરણ-૧૪૪
- મને કરીને આત્મા થાવું ઈ કઠણ છે, ઈ સ્થિરવૃત્તિ છે. ને ભકિત કરવી ઈ અસ્થિરવૃત્તિ છે. કિરણ-૧૪૪

- જેનો મહિમા ખરેખરો સમજાય તો એને અર્થે નિયમ પાળવા, અપમાન સહન કરવું કઠણ ન પડે. કિરણ-૧૪૫
- ભજન કરતો હોય એને વિચાર થાય; એને પાછું વળવાનું થાય. પણ કાંઈ નથી કરતો એને ક્યાં વિચાર થવાનો છે ? કિરણ-૧૪૫
- અંગ ઓળખે તો ઘાટની નિવૃત્તિ થાય. આપણે ભજન સ્મરણ કરીએ ત્યારે પંચવિષયના ઘાટ ન થાય. એનું નામ જન્મ મરણની નિવૃત્તિ. કિરણ-૧૪૫
- ભગવાનના ભક્ત ભેળો સ્થિર થઈ ગયો તો ભવિષ્યકાળ હાથ આવ્યો ગણાય. કિરણ-૧૪૫
- પાછી વૃત્તિ હોય, ઈ ભવિષ્યકાળને ઓળખી શકે.કિરણ-૧૪૫
- ગયા કાળને ટાળવો હોય તો વર્તમાનકાળ સુધારવો કેમ ? તો મોટાપુરુષ રાજી થાય તો ગમે એવા ભૂંડા

પ્રારબ્ધ હોય તોપણ સારા થાય. કિરણ-૧૪૫

- વર્તમાનકાળને સુધારો એટલે ભૂતકાળ સુધરી ગયો. ને આવતો કાળ હાથ આવી ગયો. કિરણ-૧૪૫
- વર્તમાનકાળમાં મહત્ પુરુષ સાથે હેત થાય, વિશ્વાસ થાય તો કાળ સૂઝે આવી પ્રાપ્તિ થઈ છે. આવતો કાળ સમજી જાવો એનું જ નામ પ્રભુતાઈ છે.કિરણ-૧૪૫
- આપણે તો જીવતા લાખના ને મૂવા સવા લાખના છીએ. કારણ કે કથા, વાર્તા કરવી ઈ ન થાય. ઈ તો મરવાનો વિચાર હાથ આવે તો જ થાય. નવરા થાઈ ત્યારે મુર્તિ લઈને બેસવું. કિરણ-૧૪૫
- તો કથા, વાર્તારૂપી મૂર્તિ રાખવી. આ દેહ હોય ત્યાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ વગેરે હોય જ. કિરણ-૧૪૫

- ન કરવાનું હોય તે પણ કરે ઈ હેતનું લક્ષણ. કિરણ-૧૪૫
- વિવેક સહિત હેત કરો તો મહિમાએ સહિત હેત થયું કહેવાય. કિરણ-૧૪૫
- વૈરાગવાળા કરતા નિયમવાળો વિશેષ વિષયને જીતી શકે છે. કિરણ-૪૫
- બાહુ બળે કરીને સમુદ્ર તરવાને ઈચ્છે એવો મૂર્ખ છે, સાધનવાળો. કિરણ-૧૪૫
- સાકારનિષ્ઠાવાળાનાં દર્શનને અમે ઈચ્છીએ છીએ; એને દુઃખવતા થકા બીએ છીએ; એના દર્શનથી અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે. પૂર્વે અવતાર થયા એમાં કોઈએ સો જીવનું કલ્યાણ કર્યું; કોઈએ બેનું કલ્યાણ કર્યું; કોઈએ એકનું કલ્યાણ કર્યું. કિરણ-૧૪૫
- ત્રણેય કાળને વિષે ભગવાન સદાય એક સ્વરૂપે વર્તે છે ઈ જ સ્વરૂપ જ્યાં દૃષ્ટિ જાય ત્યાં દેખે. ઈ

સિદ્ધદશાનું લક્ષણ કહેવાય. કિરણ-૧૪૫

- ભગવાન સમર્થ છે પણ અસમર્થપણું બતાવે; મોટા હોય પણ છોટાપણું બતાવે; એમાં મોહ થાય એટલે અસુરનો નાશ થઈ જાય. કિરણ-૧૪૫
- મરી જાવાનું નક્કી છે પણ ભગવાન મને આમ બતાવે ને હું ધામમાં જાઉં એવા મનસૂબા આ જીવ કરે છે. એવું આ લોકનું પ્રધાનપણું છે. કિરણ-૧૪૬
- કાળ, કર્મ, માયા એનો સ્વભાવ વાપરે તો દુનિયા નવરી થઈ જાય. પણ કાળ, કર્મ, માયા એના સ્વભાવ વાપરતા નથી. એટલે આ બધાય નવરા થાતા નથી.કિરણ-૧૪૬
- નિર્વાસનિક થયા વિના પરલોકમાં જવાય નહીં. ને કૃપા થયા વિના નિર્વાસનિક થવાય નહીં. કૃપા પણ નિર્વાસનિક થયા હોય એવાની થાવી જોઈ. કિરણ-૧૪૬
- ભગવાન હોય એની દૃષ્ટિ લ્યો તો જ ભગવાનનું

દર્શન થાય. નહીંતર ભગવાનનું દર્શન ન થાય. કિરણ-૧૪૬

- સત્સંગમાં રહ્યા થકા ઘટતા જાય ઈ બીજે ઓગાળ વાળતા હોય. સત્સંગનો ઓગાળ વાળે તો વધતો જાય.કિરણ-૧૪૬
- સ્વભાવ એટલે ટેમ આવે ત્યારે જેમ કરતા હોય એમ જ કરે ઈ સ્વભાવ.કિરણ-૧૪૬
- દોષ સહિત હેત છે ઈ સવિકલ્પ નિશ્ચયમાં જ ઘટે છે. દોષે રહિત થાય તો નિર્વિકલ્પમાં ઘટે. કિરણ-૧૪૬
- મનુષ્યથી બમણા કામાદિકમાં પ્રવર્તે ને સંશય ન થાય તો ઈ ભગવાન કઈ રીતે માનતો હશે ? મનુષ્યમાં કામાદિક છે તો એને મનુષ્ય નથી કે'તા; તો મનુષ્યથી બમણા પ્રવર્તે ને નિશ્ચય કઈ રીતે રહે ? પણ આ મોટા છે એટલે બોલાય નહીં એટલું થાય છે. કિરણ-૧૪૭

- ગુણ જોઈને હેત થાય ઈ નિર્વિકલ્પ નિશ્ચય છે. ને અવગુણ જોઈને હેત થાય ઈ સવિકલ્પ છે. અને ગમે એવા મદ્યપાન, હિંસા, વટલવું, વટલાવવું એમાં ભરપૂર હોય તોપણ એમ સમજે કે, ભગવાન અગ્નિ જેવા છે એને કાંઈ અડતું નથી. એમ સમજે તો ભક્ત ગણાય. કિરણ-૧૪૭
- ન્યૂન છે ઈ સેવક છે ને અધિક છે ઈ ભગવાન છે. પણ પોતે સેવક થયો કે ભગવાન થયો ? આપણે સ્વાર્થથી હેત કર્યું છે કે એણે સ્વાર્થથી હેત કર્યું છે ? જો આપણે સ્વાર્થથી હેત કર્યું હોય તો આપણે ન્યૂન છીએ. કિરણ-૧૪૭
- વિપરીત કાળ હોય ત્યારે સન્માન કરનારો મળે એટલે આપણું મોત થઈ જાય. કિરણ-૧૪૭
- દેહાભિમાન હોય તો સંશય થાય જ. એટલે એ સવિકલ્પમાં કાઢી નાખવો પડે. કિરણ-૧૪૭
- નિર્વિકલ્પમાં ઉત્તમ ભેદ તો બહુ જબરો છે. જેના

એક એક રોમમાં અનંતકોટિ મુક્ત અણુની પેઠે ઊડતા ફરે છે. એવું જે ભગવાનનું અક્ષરધામ તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કહેવાય. કિરણ -૧૪૭

- જો વક્તામાં દેશકાળ ઠેરાવો તો સવિકલ્પમાં ફગાવી દેવો પડે. એને ખોટું બોલવું નથી. પણ બીજાનું અંગ વિચારીને વક્તા ખોટું બોલે છે. કિરણ-૧૪૭
- સવિકલ્પમાં ભગવાનમાં દોષ કહ્યા. ને ભક્તમાં દોષ ન હોય તો નિર્વિકલ્પમાં ઘટે. ઓલ્યા ભગવાનમાં દોષ ને આમાં ભક્તમાં પણ દોષ ન ઘટે. કિરણ-૧૪૭
- પોતાને વિષે દોષ છે પણ ભગવાનમાં નથી. ઈ આપણી દૃષ્ટિથી આપણો મોક્ષ નથી પણ બીજાની દૃષ્ટિથી મોક્ષ છે. કિરણ-૧૪૭
- તત્ત્વ જીવ વિનાના હોય નહીં અને જીવ તત્ત્વ

વિનાનો હોય નહીં. આ દોષ સાંખ્યશાસ્ત્રમાં છે. કિરણ-૧૪૭

- મહિમા કાયમ કેમ ઊભો રહે ? તો ધૂન કરતા હોય; કથાવાર્તા કરતા હોય; ત્યારે મહિમા સમજવો; પણ તે સિવાય મહિમા સમજવામાં તો દેહભાવ આડો આવે. કિરણ-૧૪૭
- મંદિરરૂપે યોગશાસ્ત્ર, સાધુરૂપે સાંખ્યશાસ્ત્ર, ધર્મશાસ્ત્રરૂપે આચાર્ય છે. ને વેદાંતશાસ્ત્ર રૂપે ગૃહસ્થ છે. કિરણ-૧૪૭
- જો તમારા સ્વભાવનું ખંડન કરે; તમારી ખોટ્યનું ખંડન કરે તો જ સાધુ ગણાય. કિરણ-૧૪૭
- વેદાંતશાસ્ત્ર જે ભણ્યો એને અવગુણ આવતો જ નથી. કિરણ-૧૪૭
- મનોમયચક્રની ધારા કુંઠિત થાય તે જ ઠેકાણે વ્રત, દાન, યજ્ઞ, ધ્યાન જે કાંઈ સુકૃત કરવું ઈ ન્યાં જ કરવું. કિરણ-૧૪૭

- સ્વામિનારાયણ કહો ત્યારે રાજાધિરાજ. ને સહજાનંદ કહો ત્યારે સાધુતાથી કહો. કિરણ-૧૪૭
- માંગરોળમાં જે જેના ઉપાસક હતા તેને તે રૂપે દર્શન દીધાં. બીજાં રૂપે દર્શન દઈ શકે એનું નામ જ અવતારી. પોતે પોતાનું દર્શન આપી શકે તો અવતાર. કિરણ-૧૪૭
- રામ જેવા જાણે તો વૈકુંઠને પામે; કૃષ્ણ જેવા જાણે તો ગોલોકને પામે; નર-નારાયણ જેવા જાણે તો બદરિકાશ્રમને પામે; વાસુદેવ જેવા જાણે તો શ્વેતદ્વિપને પામે; સ્વામિનારાયણને જેવા જાણીએ તે ધામને પામીએ. ઘોર્યમાં સૂતા છે ઈ અરજી ન સાંભળે. ઈ તો પરોક્ષ થઈ ગયા છે. માટે ઉપાસના ચોખ્ખી સમજવી. કિરણ-૧૪૭
- જનકરાજાની સમજણ્ય આવે તો કામાદિકનું બીજ ન રહે. જે પદાર્થ જેવું છે એવું જાણે તો બંધન ન થાય. કિરણ-૧૪૭

- પામર સારો કે વિષયી સારો ? તો પામર એટલે બોતડું એને કાંઈ ખબર ન પડે પણ વિષયી છે એને વિષયનું જ્ઞાન તો છે. પામર છે ઈ કાંઈ ન સમજે. સાવ બુદ્ધિનો બાળ. કિરણ-૧૪૭
- બસે કૂતરાં ને બસે મીંદડા મરી ગયા હોય ઈ કેવા ગંધાય !!! એવો આ દેહ છે. છતાંય સારો લાગે છે. એનું નામ મોહ છે. કિરણ-૧૪૭
- પ્રાકૃતચરિત્રમાં સંશય ન થાય ને મન રાજી થાય એ જ ભક્તનું લક્ષણ, ને દિવ્યચરિત્રમાં મન રાજી થાય ઈ અસુરનું લક્ષણ કહેવાય. કિરણ-૧૪૭
- ભક્તિથી મોટું ઐશ્વર્ય પામે. કારણ કે જગતમાંથી વૃત્તિ ઉખેડવી ઈ ભક્તિથી જ થાય. કિરણ-૧૪૭
- પ્રત્યક્ષ ભક્તિ છે એને સાક્ષાત્ જ્ઞાન છે. ને પરોક્ષ ભક્તિવાળાને ફળ મળશે ઈ અનિષ્ટ થાતું નથી. પણ પ્રત્યક્ષ ભક્તિ જુદી વાત છે. કિરણ-૧૪૭

- બીજાને વાત કરવી પણ આપણી સાથે હેત હોય; આપણી ક્રિયામાં ગુણ આવે એને વાત કરવી. પણ આપણી એક પણ ક્રિયાનો ગુણ નથી આવતો એને જાપરો કરી દેવો. એમ વિવેકવાળું થાવું. કિરણ-૧૪૭
- અવતાર અવતારીના ભેદ શું ? તો અવતાર ભેળા ભળે તો થાય. પણ અવતારીને ભેળા ભળવું ન પડે. કિરણ-૧૪૭
- પંચવિષયમાં આસક્તિવાળો ઘાંચીના બળદ જેવો છે. કિરણ-૧૪૮
- બધાંય સાધન કરતાં પણ વાસના ટાળવી ઈ અધિક છે. સમાધિમાં જાય એને પણ પાછું આવવું પડે એવી વાસના છે. કિરણ-૧૪૮
- ક્યા વિષય ઉપર મારે રાગ છે ? એના સામી દૃષ્ટિ રાખે ને સત્સંગમાં જે વાતુ થાય છે. એને ધાર્યા વિચાર્યા કરે તો સુખિયો થઈ જાય. કિરણ-૧૪૮

- પંચવિષયમાં આસક્તિ એ જ વાસનાનું સ્વરૂપ છે. કિરણ-૧૪૮
- આ સત્સંગને વાસના ટાળવાના ઉપયોગમાં લેવો. નહીંતર તો દેહાભિમાન છે એટલે ભગવાનનાં ચરણમાં માથું મૂકીને બેઠો છે તોપણ વાસના નાશ ન પામે. કારણ કે એમાં રાગ છે; ને માલ છે. માટે વૈરાગે કરીને રાગ ટળી જાય તો વાસના ટળે. કિરણ-૧૪૮
- આ જગત ફજેતના ફાળકા જેવું છે. આસક્તિ છે એટલે આ જીવ સ્થિર નથી. કિરણ-૧૪૮
- સંસારના સુખને જેમ ભોગવે એમ વાસના વધે. કિરણ-૧૪૮
- જેમ જીવડાં નરકમાં ખદબદે છે એમ આ જીવ પંચવિષયમાં સુખ માની બેઠો છે. કિરણ-૧૪૮
- ભગવાનના ભક્તનું સારું બોલતો હોય એની સેવા હું કરું; એને બેઠા-બેઠા ખાવા દેવું એવો મારો

સ્વભાવ છે. ને આખાં મંદિરનું કામ કરતો હોય પણ ભગવાનના ભક્તનું સારું ન બોલે તો તે ન ગમે. કિરણ-૧૪૮

- હે પરમહંસો, તમારે ચતુર્ધા મુક્તિને ન ઈચ્છવી. એકાંતિક ભક્તને માટે આ એનાથી વિશેષ આનંદ છે. કિરણ-૧૪૮
- મોક્ષ એટલે શું ? અમને ભગવાન સિવાય બીજું પદાર્થ જોરાવરે આવીને પ્રાપ્ત થાય છે. એનો ત્યાગ કરી દઈએ ત્યારે સુખ થાય છે. માટે જેટલો પદાર્થનો ત્યાગ થાય એટલો મોક્ષ. કિરણ-૧૪૮
- મહારાજ આ લોક ને પરલોકમાં રાજી થાય એને માટે બ્રહ્મચર્ય છે. કિરણ-૧૪૮
- એક બ્રહ્મચર્ય સિદ્ધ થાય તો કાંઈ કરવું બાકી રે'તું નથી. કિરણ-૧૪૮

- નિષ્કામી વર્તમાન દૃઢ કરવા માટે અનેક સાધન છે. રાફડા થઈ ગયા પણ નિષ્કામી વર્તમાન સિદ્ધ ન થયું પણ મોટાને નિર્દોષ જાણે તો ઊર્ધ્વરેતા ગણાય. કિરણ-૧૪૮
- અમારા સ્વભાવને તો મુળજી બ્રહ્મચારી સદાય જાણે છે. તો ઈ સદાય નિર્દોષ છે. આ વાત ઊર્ધ્વરેતાની છે. જો આ રીતે ઊર્ધ્વરેતા નહીં હોય તો કામ અનાદિ નહીં રહે; માયા અનાદિ નહીં રહે. કિરણ-૧૪૮
- દેહનાં સુખે સુખિયા હોય એની આગળ વાત કરવી ઈ નકામું છે. કિરણ-૧૪૮
- સુખ ને દુઃખના ભાગ પાડવા એનું જ નામ જ્ઞાન છે. કિરણ-૧૪૮
- રહસ્ય એટલે શું ? તો ગમે એવો શાસ્ત્રી હોય, પુરાણી હોય, ને આભને ટેકી દ્યે એવો હોય ઈ પણ હા પાડી દ્યે એનું નામ રહસ્ય

ગણાય. કિરણ - ૧૪૮

- જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે. એવો પોતાને સમજવાનો આગ્રહ હોય તો કાંઈ કરવું ન રહે. કિરણ-૧૪૮
- ભગવાન ભક્તવત્સલ છે. પતિતપાવન છે. શરણાગતવત્સલ છે.

  **"જાકો જગમેં કોઈ નહીં તાકો તુમ હો મહારાજ."** આપણું કોઈ ન રહે ત્યારે ભગવાન આપણા થાય. કિરણ-૧૪૮
- જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે ને જેવી દેહના સંબંધીને વિષે આત્મબુદ્ધિ છે એવી જો ભગવાનમાં અને ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ થાય તો વગર નિર્વિકલ્પ સમાધિએ નિર્વિકલ્પ સમાધિ. કિરણ-૧૪૯
- દાવાનળ સળગતો હોય પણ જો ભગવાનની ઈચ્છા સમજે તો શીતળ શાંત છે. કિરણ-૧૪૯

- વૈરાગવાળો હોય, આત્મનિષ્ઠાવાળો હોય; પણ ભગવાનની મરજી ન જાણે તો એનો સંગ ન કરવો. આવી સમજણ ન આવે તો સો મણ તેલે અંધારું. કિરણ-૧૪૯
- બીજાનો અનુભવ લ્યે એટલું સાક્ષીનું જ્ઞાન. કિરણ-૧૪૯
- સ્ત્રી છે ઈ સર્પની લાળ છે. કિરણ-૧૪૯
- કુત્સિત શબ્દને અમૃતની પેઠે પાન કરવો. દેહનું ખંડન કરે ઈ શબ્દથી નક્કી કરવું કે આને દેહમાં હેત નથી. ઈ જ શબ્દથી આને સંબંધીમાં હેત નથી. ઈ જ શબ્દથી દેહ આડ્ય થઈ ગયું છે. દેહથી વિરક્ત હોય એને ખબર પડે કે, આ દેહથી વિરક્ત છે. કુત્સિત શબ્દથી નિંદા કરે છે માટે ઈ વિરક્ત છે. કિરણ-૧૪૯
- કુપાત્રને સંગે કરીને પંચવિષયનું સેવન કરે તો બંધન થાય. ને સુપાત્રને સંગે કરીને પંચવિષયનું

સેવન કરે તો મુક્ત થાય. કિરણ-૧૪૯

- મોટાપુરુષ જેમ વર્તે છે ઈ સત્ય મનાય એટલું દૈવત આવવું જોઈ. એટલું જ સાધન કરવાનું છે. કિરણ-૧૫૦
- જ્યારે મોટાપુરુષની આગળ હલકો થયો એટલે જેવા છે એવા જણાય જાય. ન્યૂન થયો, આધિન થયો. અભિમાન નષ્ટ થઈ જાવું જોઈ. તો મોટાપુરુષ જેમ વર્તે છે એમ જણાય. કિરણ-૧૫૦
- ભગવાનને મળેલા એને વિષે પ્રીતિ થાય તો સત્પુરુષનો મહિમા સમજાય, આત્માને વિષે સ્થિતિ થાય, ને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન પણ થાય. કિરણ-૧૫૦
- પોતામાં અયોગ્ય સ્વભાવ હોય ને લાખ ઉપાય કરે તોપણ ન ટળે. પણ ભગવાન અને સાધુની મરજી દેખે તો તે સ્વભાવનો ત્યાગ કરી દે. કિરણ-૧૫૦

- જેટલા સ્વભાવ કહો એટલાં દેહમાં જ છે. પણ ભક્તમાં નથી. ઈ તો બ્રહ્મની જ મૂર્તિઓ છે. કિરણ-૧૫૦
- કોઈ રીતે ઘાટની નિવૃત્તિ નથી થાતી એની આ સત્સંગમાં નિવૃત્તિ થાય છે. કિરણ-૧૫૦
- ભગવાનના સંબંધવાળા સાંભરે એટલે ભગવાન સાંભર્યા ગણાય.કિરણ-૧૫૧
- અંતઃકરણ સામો દૃષ્ટા એની સામું જોઈ રહે તો આંખમાં પાણી ન આવે. ત્યારે સ્થૂળદેહ વિસરી જાય. ને સ્થૂળદેહ સંબંધી પંચવિષય પણ વિસરી જાય. કિરણ-૧૫૧
- આ સત્સંગ જીવમાં ઊતરી જાય; એનો ગુણ આવી જાય જીવમાં તો સંશયગ્રંથિ તો રાખનું પડીકું છે. માટે સંશયગ્રંથિ તોડવી હોય તો સત્સંગ સિવાય બીજું સાધન નથી. કિરણ-૧૫૨

- જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ સરખું આચરણ કરે પણ શાસ્ત્રે કહ્યો જે નિગ્રહ તેનું જોર ન ચાલે, કે'નાર છે એના ઉપર સાંભળનારને હેત હોય ને વિશ્વાસ હોય તો પ્રકૃતિ ટળે. કિરણ-૧૫૨
- નિષ્કામી છો છતાં કામીપણું બતાવો તો એનો નાશ થાય. તમે સમર્થ છો છતાં અસમર્થપણું બતાવો તો બંધ બેસે. કિરણ -૧૫૨
- જ્ઞાનનું લક્ષણ શું ? તો ઈ વસ્તુ રહે છે પણ એને ઈ નડતી નથી. એનું સુખ જાણી રાખ્યું ઈ જ્ઞાન. કિરણ-૧૫૨
- જે પદાર્થનો મોહ થાય ત્યાં ભગવાનની મૂર્તિ પધરાવી દેવી. કિરણ-૧૫૨
- દેહ અને દેહના સંબંધીમાંથી હેત તૂટ્યું એટલે સામે કાંઠે પૂગી ગયો. કિરણ-૧૫૨
- મનુષ્ય દેહે કરીને શું ન થાય ? નિત્ય અભ્યાસ ઈ બહુ જબરી વાત છે. નિત ભજન, નિત ધ્યાન, નિત

સમાગમ, ભગવાનના ભક્તનો સંગ દેજ્યો. આમ જે રહેવું ઈ સાધુ હોય તો કાંઈ કઠણ નથી. સ્વભાવ બહુ વસમો છે પણ ટાળવાનો અભ્યાસ કરે તો ટળી જાય. સાધુ સમાગમ કરે ને સ્વભાવ ન ટળે તો સાધુ સમાગમ જ નથી. ને પોતે પણ સાધુ થયો નથી. કિરણ-૧૫૩

- વાસના ટળે એવી નથી પણ મોટા કહે તેમ કરે તો વાસના ટળી જાય.કિરણ-૧૫૩
- સૌ સૌના નિયમમાં વરતવું ઈ વાસના ટાળવાનું સાધન છે.કિરણ-૧૫૩
- આસ્તિકભાવ રાખીને નિત કરે તો વાસના ટળી જાય.કિરણ-૧૫૩
- ગરીબને મોટા દબાવે એટલે ઈ તો કાળ કહેવાય. ને દબાણો ઈ ગરીબ કહેવાય. પણ સમર્થ થકા સહન કરે એને અતિ મોટા જાણવા.કિરણ-૧૫૩